




# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654






**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 37.00 | 24.00 |
| વડોદરા | 37.00 | 23.00 |
| સુરત | 37.00 | 24.00 |


પેજ 5




ઓક્ટોબરના પહેલા જ દિવસે શેરબજાર કડડભૂસ....


02
OCTOBER-2026
FRIDAY


મોરોક્કોમાં ફાતીમા ઈઝહરા બન્યા પ્રથમ મહિલા વડાપ્રધાન....




પેજ 10


**.....સુવિચાર.....**
દરેક વખતે મનને મનાવવું, એ જિંદગી જીવી કહેવાય, ક્યારેક મન નું પણ માનવું એ જિંદગી માણી કહેવાય


વર્ષ-15 । અંક-318 । વિક્રમ સંવત-2082 । ભાદરવા વદ-06 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## CEC જ્ઞાનેશ કુમારે રાજીનામું આપવું જ પડશે : દીપકેની ચેતવણી

# ભલે જેલમાં નાંખો, આંદોલન તો કરીને જ રહીશું

શિવાજી પાર્કમાં વિરોધ પ્રદર્શનની પરવાનગી નકાર્યા બાદ, પાર્ટીએ "જેલ ભરો" આંદોલનની જાહેરાત કરી છે. દરમિયાન, શિવસેના (UBT) ના ધારાસભ્ય આદિત્ય ઠાકરેએ વિરોધ પ્રદર્શનને સમર્થન આપ્યું છે. વધુમાં, શિવસેના (UBT) અને રાજ ઠાકરેની આગેવાની હેઠળની મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાએ પહેલાથી જ 4 ઓક્ટોબરે અલગ-અલગ વિરોધ પ્રદર્શનની જાહેરાત કરી છે



**"જેલ ભરો" આંદોલનની જાહેરાત**

શિવાજી પાર્કમાં વિરોધ પ્રદર્શનની પરવાનગી નકાર્યા બાદ, પાર્ટીએ "જેલ ભરો" આંદોલનની જાહેરાત કરી છે. દરમિયાન, શિવસેના (UBT) ના ધારાસભ્ય આદિત્ય ઠાકરેએ વિરોધ પ્રદર્શનને સમર્થન આપ્યું છે

**વિરોધ પક્ષોનું સમર્થન**

(એજન્સી) નવી દિલ્હી । તા.01

અભિજીત દિપકકે આજે જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગણી કરી, ચેતવણી આપી કે જો તેમની માંગણીઓ પૂર્ણ નહીં થાય તો દેશભરમાં વિરોધ પ્રદર્શન શરૂ કરવામાં આવશે. ત્યારબાદ દિલ્હીના જંતર મંતર પર વિરોધ પ્રદર્શન કરવામાં આવશે. કાલે, શુક્રવારે, ગાંધી જયંતિ પર મુંબઈમાં ખૂબ સક્રિય રહેવાની ધારણા છે. કોકરોચ જનતા પાર્ટી (CJP) એ જાહેરાત કરી છે કે તે 2 ઓક્ટોબરે મુંબઈમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે વિરોધ પ્રદર્શન કરશે. પાર્ટીએ શિવાજી પાર્કમાં બપોરે 3 વાગ્યાથી વિરોધ પ્રદર્શનનું આયોજન કર્યું હતું, પરંતુ મુંબઈ પોલીસે પરવાનગી આપવાનો ઈનકાર કર્યો. ત્યારબાદ પાર્ટીએ 'જેલ ભરો' આંદોલનની જાહેરાત કરી છે.

## કોકરોચ જનતા પાર્ટી ત્રણ મુખ્ય માંગણીઓ

કોકરોચ જનતા પાર્ટીએ તેના વિરોધમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે ત્રણ મુખ્ય માંગણીઓ કરી છે. આમાં તેમનું રાજીનામું, તેમની સામે ફોજદારી કાર્યવાહી અને મતદાર યાદીઓના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પર પ્રતિબંધનો સમાવેશ થાય છે. પાર્ટીએ જાન્યુઆરી 2025 ની મતદાર યાદી પુનઃસ્થાપિત કરવાની પણ માંગ કરી હતી. પાર્ટીનો આરોપ છે કે ચૂંટણી પંચની કામગીરી અને મતદાર યાદીમાં ફેરફાર કરવાની પ્રક્રિયા ગંભીર પ્રશ્નો ઉભા કરે છે. વિરોધમાં, પાર્ટીએ મુંબઈથી શરૂ થતા રાષ્ટ્રવ્યાપી વિરોધની જાહેરાત કરી છે. જો માંગણીઓ પૂર્ણ નહીં થાય તો દેશભરમાં પ્રદર્શન. કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજીત દીપકે ગુરુવારે જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગણી કરી હતી અને ચેતવણી આપી હતી કે જો તેમની માંગણીઓ પૂર્ણ નહીં થાય તો દેશવ્યાપી વિરોધ પ્રદર્શન કરવામાં આવશે. ત્યારબાદ ઓક્ટોબરના અંતથી દિલ્હીના જંતર મંતર પર વિરોધ પ્રદર્શન કરવામાં આવશે.અભિજીત દિપકકે આજે મુંબઈના મુંબઈ પ્રેસ ક્લબમાં જણાવ્યું હતું કે મુખ્ય ચૂંટણી કમિશનરના રાજીનામાની માંગણી સાથે CJP 2 ઓક્ટોબરે શહેરના દાદર વિસ્તારમાં શિવાજી પાર્ક ખાતે વિરોધ પ્રદર્શન કરશે. તેમણે કહ્યું, 'જ્ઞાનેશ કુમારે તેમના પદ પરથી રાજીનામું આપવું જોઈએ અને તેમની સામે ફોજદારી કેસ દાખલ કરવો જોઈએ.' તેમણે ઉમેર્યું કે જ્યાં સુધી તેઓ રાજીનામું ન આપે ત્યાં સુધી વિરોધ પ્રદર્શન ચાલુ રહેશે.

**વિપક્ષી પક્ષો CEC જ્ઞાનેશ કુમારનો પણ વિરોધ કરે છે :** આજે તેમણે વધુમાં કહ્યું, 'આ વિરોધ પ્રદર્શન ગોવા અને કર્ણાટક, તેમજ પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ, બિહાર અને ઝારખંડમાં કરવામાં આવશે. જો તેઓ રાજીનામું નહીં આપે તો ઓક્ટોબરના અંતથી દિલ્હીના જંતર મંતર પર વિરોધ પ્રદર્શન કરવામાં આવશે.'આ દરમિયાન, ઘણા વિરોધ પક્ષોએ SIR પ્રક્રિયા અંગે CEC જ્ઞાનેશ કુમારની ટીકા કરી છે અને તેમના રાજીનામાની માંગણી કરી છે. થોડા દિવસો પહેલા અંગ્રેજી અખબાર 'ઈન્ડિયન એક્સપ્રેસ' માં પ્રકાશિત એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો કે બે ચૂંટણી કમિશનરો (સુખબીર સિંહ સંધુ અને વિવેક જોશી) એ રાષ્ટ્રવ્યાપી SIR દરમિયાન નામ ઉમેરવા અને કાઢી નાખવા સહિતના અનેક મુદ્દાઓ પર વાંધો ઉઠાવ્યો હતો, જેના પછી વિરોધ પક્ષોએ આ માંગણી કરી હતી. જોકે, વિવાદ વધતો ગયો તેમ, ચૂંટણી પંચે એક નિવેદન બહાર પાડીને સ્પષ્ટતા કરી કે ત્રણ સભ્યોના ચૂંટણી પંચે SIR સહિત તમામ નિર્ણયો સર્વાનુમતે લીધા હતા. મુંબઈ પ્રેસ ક્લબમાં વાતચીત દરમિયાન અભિજીત દીપકે (Abhijeet Dipke)એ સ્પષ્ટ ચેતવણી આપી છે કે, 'જો તંત્ર પ્રદર્શનની પરવાનગી નહીં આપે તો પણ અમે પાછળ હટીશું નહીં. મુંબઈ પોલીસ, દિલ્હી પોલીસ નથી અને મને વિશ્વાસ છે કે મુંબઈ પોલીસ સ્થિતિને વધુ સારી રીતે સંભાળશે. દિલ્હીમાં વિરોધ છતાં વિદ્યાર્થીઓ પોતાની વાત રજૂ કરતા રહ્યા છે.'







# સમરસ ગર્લ્સ હોસ્ટેલમાં ખરાબ ભોજનનો વિવાદ, 'આપ' નેતા ગૌરી દેસાઈએ રૂબરૂ મુલાકાત લીધા બાદ તંત્ર સામે આક્રોશ વ્યક્ત કર્યો

અમદાવાદ | ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગ હેઠળ ચાલતી અને સમગ્ર રાજ્યમાંથી આવતી ૬૦૦ થી વધુ દીકરીઓનું આશ્રયસ્થાન એવી અમદાવાદની સમરસ ગર્લ્સ હોસ્ટેલની આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપાધ્યક્ષ ગૌરી દેસાઈ સહિત મહિલા મોરચા અગ્રણીઓએ મુલાકાત લીધી હતી. હોસ્ટેલમાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી ભોજનમાંથી ઈયળ, કાંકરા અને કાનખજૂરો નીકળતા હોબાળો મચ્યો હતો, જેમાં એક વિદ્યાર્થિની બિમાર પડતા તેને સારવાર માટે ખસેડવી પડી હતી. સુરક્ષાના દાવાઓ વચ્ચે પણ ગતરોજ ઈયળ નીકળવાની વાલીઓની ફરિયાદ બાદ ગૌરી દેસાઈએ રસોડાની રૂબરૂ મુલાકાત લઈ સમાજ કલ્યાણના અધિકારી ઉર્વશીબેન તથા દીકરીઓ સાથે વાતચીત કરી હતી. મુલાકાત દરમિયાન અત્યંત



હલકી કક્ષાના ટુકડી ચોખા, ફંગસવાળી ખરાબ ડુંગળી અને ખરાબ ગુણવત્તાના શાકભાજી વપરાતા હોવાનું સામે આવ્યું હતું. આ ઉપરાંત, હોસ્ટેલમાં બે માંથી માત્ર એક જ ફ્લોર પર પાણી મળું હોવાની તથા અગાઉ મેસમાં પાણી ઘૂસી જવાની ગંભીર સમસ્યાઓ પણ ઉજાગર થઈ હતી. 'આપ' નેતા ગૌરી દેસાઈએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે આ હોસ્ટેલ સરકારી છે અને જનતાના ટેક્સના પૈસાથી ચાલે છે, તેથી દીકરીઓના સ્વાસ્થ્ય, ભોજન અને રહેવાની સુવિધાની સંપૂર્ણ જવાબદારી સરકારની છે. હોસ્ટેલની ૧૦૦ થી વધુ વિદ્યાર્થિનીઓએ ધાબા પર બેસીને તેમજ વોર્ડન સામે વિરોધ નોંધાવી કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ કરવાની માંગ કરી હતી. જો તંત્ર દ્વારા ત્વરિત કડક પગલાં લેવામાં નહીં આવે અને દીકરીઓને શુદ્ધ ભોજન-પાણી નહીં મળે, તો આમ આદમી પાર્ટી દ્વારા આ મુદ્દે આરોગ્ય મંત્રી અને મુખ્યમંત્રી સુધી રજૂઆત કરવામાં આવશે. દીકરીઓના સ્વાસ્થ્ય અને જીવ સાથે થતા ખીલવાડને કોઈપણ સંજોગોમાં ચલાવી લેવામાં આવશે નહીં.

# મોટા વરાછાના 'સુમન સહકાર' આવાસની ઘટના: માત્ર છ વર્ષમાં જ નબળા બાંધકામની પોલ ખુલી

### સદનસીબે દુર્ઘટના ટળી, જો બાળકો હોત તો જવાબદારી કોની? - વિપુલ સુહાગીયાનો આક્રમક સવાલ

સુરત | સુરતના મોટા વરાછા વિસ્તારમાં આવેલા 'સુમન સહકાર' આવાસ યોજનામાં કથિત ભ્રષ્ટાચાર અને નબળા બાંધકામને લઈને આમ આદમી પાર્ટીના પૂર્વ કોર્પોરેટર વિપુલ સુહાગીયાએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. આવાસ યોજનાના નિર્માણના માત્ર છ જ વર્ષમાં મકાનોની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઊભા થયા છે.ઘટનાની વિગતો આપતા પૂર્વ કોર્પોરેટર વિપુલ સુહાગીયાએ જણાવ્યું હતું કે, મોટા વરાછા સ્થિત 'સુમન સહકાર' આવાસમાં માત્ર છ વર્ષનો ટૂંકો સમય વીતવા છતાં બારીનું છજ્જું



અચાનક તૂટીને નીચે પટકાયું હતું. આ ઘટનાને કારણે આવાસમાં રહેતા રહીશોમાં ભારે ફફડાટ ફેલાયો છે.ઓએ રાહતની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું કે સદનસીબે જે સમયે આ છજ્જું તૂટ્યું ત્યારે



આસપાસ કોઈ બાળકો રમી રહ્યા નહોતા. જો ન કરે નારાયણ અને ત્યાં કોઈ માસૂમ બાળકો રમતા હોત અને મોટી દુર્ઘટના સર્જાઈ હોત, તો તેની નૈતિક અને કાયદાકીય જવાબદારી કોની હોત? ભાજપ શાસકો લોકોના જીવન સાથે સીધા ચેડાં કરી રહ્યા છે.'આપ' ના પૂર્વ કોર્પોરેટર વિપુલ સુહાગીયાએ આક્રમક અંદાજમાં આક્ષેપ કર્યો હતો કે, આ ભાજપ સરકાર અને તંત્રને સામાન્ય જનતાના જીવની કોઈ જ કિંમત નથી. ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને છત આપવાના દાવા કરતી સરકાર માત્ર ભ્રષ્ટાચાર આચરવામાં વ્યસ્ત છે, જેના કારણે નિર્માણના થોડા જ વર્ષોમાં આવાસો જર્જરિત હાલતમાં ફેરવાઈ રહ્યા છે. તેમણે તંત્ર પાસે તાત્કાલિક ધોરણે આવા તમામ આવાસોનું સ્ટ્રક્ચરલ ઓડિટ કરાવવાની અને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગણી કરી છે.

### આંગણવાડી પાસે જર્જરિત પાણીની ટાંકી અને ખુલ્લી ગટરો, 'આપ' નેતાઓએ સુઘડ ગામની પોલ ખોલી સુઘડમાં જાહેર શૌચાલયમાં દારૂની બોટલ અને ગંદકીનું સામ્રાજ્ય, તંત્રની ઘોર બેદરકારી સામે લાવ્યા 'આપ' ઉમેદવારો

# દારૂ કે ચવાણાની લાલચમાં આવ્યા વિના ઈમાનદાર પક્ષને મત આપો : AAP ઉમેદવાર

### ગાંધીનગર વોર્ડ નં. ૧૧ માં 'આપ' ઉમેદવારોએ ઉજાગર કરી સ્થાનિક સમસ્યાઓ, સુઘડમાં જર્જરિત ટાંકીથી બાળકોના જીવ પર જોખમ : વોટર રૂમ પાસે હાઈવોલ્ટેજ વીજ લાઈન અને પાણીનું લીકેજ, સુઘડમાં મોટી હોનારત સર્જાવાની ભીતિ

અમદાવાદ | ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૧૧ના આમ આદમી પાર્ટીના ઉમેદવારો દર્શનભાઈ પટેલ, સચિનભાઈ પટેલ અને કૈલાશબેન પરમારે વિસ્તારની ગંભીર સમસ્યાઓ ઉજાગર કરી હતી. સચિનભાઈ (સુઘડના વતની) અને કૈલાશબેન (ઝુંડાલના વતની) એ સુઘડ ગામમાં સ્થળ પર જઈને બતાવ્યું હતું કે મહાકાળી મંદિર પાછળ આવેલી આંગણવાડીથી માત્ર ૧૦ થી ૨૦ મીટરના અંતરે એક અત્યંત જર્જરિત પાણીની ટાંકી આવેલી છે. આ ટાંકીમાંથી સતત પાણી લીક થઈ રહ્યું છે અને તે ગમે ત્યારે ધરાશાયી થઈને આંગણવાડીમાં ભણતા નિર્દોષ બાળકોના જીવ જોખમમાં મૂકી શકે તેમ છે. તેમ છતાં તંત્ર દ્વારા આ ટાંકી તોડવાનો કે તેનું સમારકામ કરવાનો કોઈ ઓર્ડર કે કામગીરી કરવામાં આવી નથી.

આ ઉપરાંત આરોગ્ય અને સફાઈ વ્યવસ્થાની પોલ ખોલતા આમ આદમી પાર્ટીના ઉમેદવારોએ દર્શાવ્યું હતું કે વિસ્તારના શૌચાલય સાફ-સફાઈના અભાવે અત્યંત ગંદા છે અને ત્યાં દારૂની ખાલી બોટલ પડી રહે છે, જે તંત્ર માટે શરમજનક બાબત છે. નગરજનોને જે લાઈનમાંથી પાણી સપ્લાય થાય છે તે વોટર રૂમ અને ટાંકીઓમાં ભારે લીકેજ છે. ખુલ્લી ગટરોના ઢાંકણા બાજુમાં રઝળે છે અને વોટર સપ્લાય રૂમની તદ્દન નજીકથી હાઈવોલ્ટેજ વીજ લાઈન પસાર થાય છે, જેનાથી ભડાકો થતાં જાનહાનિ થવાનું મોટું જોખમ રહેલું છે. 'આપ'ના ઉમેદવારોએ સુઘડની જનતાને કોઈપણ લાલચ કે દારૂ-ચવાણામાં આવ્યા વિના જાગૃત બનીને ઈમાનદાર પક્ષને વોટ આપવા અપીલ કરી હતી.

### ગિફ્ટ સિટી નજીકના બાસણ ગામમાં પ્રાથમિક સુવિધાઓનો અભાવ : નીલ પટેલ AAP

# નદી ૨૦ મીટર દૂર છતાં પાણી નથી અને લાઈટો બંધ, બાસણ ગામમાં પ્રચાર દરમિયાન 'આપ' ના નીલ પટેલે ઉઠાવ્યા સ્થાનિક પ્રશ્નો...

અમદાવાદ | ગાંધીનગર મહાનગરપાલિકા (GMC)ની હદમાં અને ગિફ્ટ સિટીની તદ્દન નજીક આવેલા બાસણ ગામમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી લડી ચૂકેલા આમ આદમી પાર્ટીના કાર્યકર્તા નીલ પટેલે ડોર ટુ ડોર પ્રચાર દરમિયાન ગામની વણઉકેલાયેલી સમસ્યાઓ ઉજાગર કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે ગામથી માંડ ૨૦ મીટરના અંતરે નદી હોવા છતાં ગ્રામજનો પીવાના પાણીની ભારે તંગી વેઠી રહ્યા છે. આ ઉપરાંત ગામમાં પાકા રસ્તાઓનો અભાવ છે અને સ્ટ્રીટ લાઈટો બંધ હોવાને કારણે રાત્રિના સમયે સમગ્ર વિસ્તારમાં ઘોર અંધારપટ છવાયેલો રહે છે. 'આપ' નેતા નીલ પટેલે સત્તાધારી પક્ષ પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, ભાજપ સરકારે બતાવવા ખાતર સ્ટ્રીટ લાઈટના થાંભલા તો ઊભા કરી દીધા છે, પરંતુ તે ચાલુ ન હોવાથી રાત્રે વૃદ્ધો, વડીલો અને મહિલાઓ માટે રસ્તા પરથી પસાર થવું જોખમી બની ગયું છે. ભાજપ સરકાર મોટી મોટી વાતો કરે છે પરંતુ પ્રજાના પ્રાથમિક કામો કરવામાં સાવ નિષ્ફળ ગઈ છે. તેથી બાસણ ગામના લોકોએ આ વખતે બદલાવનો સંકલ્પ કર્યો છે અને 'ઝાડૂ' ને મત આપી આમ આદમી પાર્ટીને વિજયી બનાવવાનો વિકલ્પ પસંદ કર્યો છે.

# 2 ઓક્ટોબરના રોજ બોરીજ ખાતે વિશાળ જનસભા યોજાશે: પ્રવીણ રામ AAP

### ગાંધીનગર મનપા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીનો શંખનાદ, બોરીજમાં વિશાળ જનસભાનું આયોજન



અમદાવાદ | આમ આદમી પાર્ટીના ફ્રન્ટલ સંગઠન પ્રદેશ પ્રમુખ તથા કિસાન મોરચાના પ્રદેશ પ્રમુખ પ્રવીણ રામે એક વીડિયોના માધ્યમથી મોટી જાહેરાત કરતા જણાવ્યું હતું કે, ગાંધીનગર મહાનગરપાલિકા ચૂંટણીના પડઘમ વાગી ચૂક્યા છે. અને આમ આદમી પાર્ટી આ ચૂંટણી મજબૂતીથી લડવા માટે તૈયાર છે, આમ આદમી પાર્ટીએ ઘણા સમયથી તૈયારીઓ ચાલુ કરી દીધી છે અને ડોર ટુ ડોર અભિયાન પણ જોરશોરથી ચાલી રહ્યું છે. હવે આવતીકાલે બોરીજ ગામમાં આમ આદમી પાર્ટી દ્વારા એક વિશાળ જનસભાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સભાની સાથે જ આમ આદમી પાર્ટી ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં મોટો શંખનાદ કરશે.

વધુમાં આમ આદમી પાર્ટીના નેતા પ્રવીણ રામે જણાવ્યું હતું કે, આવતીકાલે તારીખ 2 ઓક્ટોબરના રોજ સાંજે 7 કલાકે શ્રી સધીમાં મંદિર, ખાંટવાસ, બોરીજ ગામ ખાતે આ સભા યોજાશે. આ સભામાં આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા, હું પોતે અને અન્ય આમ આદમી પાર્ટીના આગેવાનો અને ઉમેદવારો સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેવાના છે. ગ્રામજનો અને ગાંધીનગરના લોકોને પણ અમારી અપીલ છે કે મોટી સંખ્યામાં આ સભામાં આપ હાજરી આપો. આ સભામાં ખેડૂતોની દુષ્કાળ જાહેર કરવાની માંગણી કરવામાં આવશે.

## News Brief

### ગાંધીનગર જિલ્લા માહિતી કચેરીના નાયબ માહિતી નિયામક શ્રી દિલીપભાઈ ગજ્જર નિવૃત્ત થયા

ગાંધીનગર જિલ્લા માહિતી કચેરી ખાતે નાયબ માહિતી નિયામક તરીકે નિષ્ઠાપૂર્વક સેવાઓ આપનાર શ્રી દિલીપભાઈ ગજ્જર સ્વૈચ્છિક નિવૃત્ત થતાં તેમનો ભાવભીનો વિદાયમાન સમારંભ યોજાયો હતો. વિદાયમાન પ્રસંગે ઉપસ્થિત તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ શ્રી ગજ્જરને ઉત્તમ સ્વાસ્થ્ય અને સુખી, નિવૃત્ત જીવન માટે હૃદયપૂર્વકની મંગલ કામનાઓ પાઠવી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત ખાતાના સંયુક્ત માહિતી નિયામક શ્રી જયેશભાઈ દવે, નાયબ માહિતી નિયામક સર્વશ્રી પારુલબેન મણિયાર, શ્રી માનસીબેન દેસાઈ, શ્રી નિત્યા ત્રિવેદી, શ્રી મોના ગલસર, શ્રી લાલજીભાઈ ચાવડા તથા સહકર્મચારીઓએ શ્રી દિલીપભાઈ ગજ્જર સાથેના દીર્ઘ કાર્યકાળ દરમિયાનના મધુર સંસ્મરણો અને અનુભવો વાગોળ્યા હતા.

વક્તાઓએ તેમની કાર્યશૈલી, વિષય પરની પકડ, કામગીરીમાં પારદર્શિતા, નેતૃત્વ ગુણ અને સ્ટાફ પ્રત્યેના સહાનુભૂતિપૂર્વકના વ્યવહારની સરાહના કરી હતી. શ્રી દિલીપભાઈ ગજ્જરને માહિતી ખાતાના અધિકારીઓ, કર્મચારીઓ તથા જિલ્લા માહિતી કચેરીના સ્ટાફ દ્વારા પુષ્પવર્ષા કરી, ભેટ-સોગાદો અર્પણ કરી સન્માનપૂર્વક વિદાય આપવામાં આવી હતી.

૨૬ વર્ષની દીર્ઘ સરકારી સેવા દરમિયાન શ્રી દિલીપભાઈ ગજ્જરે માહિતી ખાતાની છબી વધુ ઉજ્જવળ બનાવવામાં આપેલું અમૂલ્ય પ્રદાન અને તેમનો નિષ્ઠાવાન કાર્યકાળ કચેરીના અન્ય કર્મચારીઓ માટે સદા પ્રેરણાદાયી રહેશે. વિદાયના આ ભાવુક ક્ષણે સમગ્ર કચેરી પરિવારે ભારે હૃદયે પરંતુ ગૌરવપૂર્ણ સ્મૃતિઓ સાથે તેમને નિવૃત્ત જીવનની નવી ઈનિંગ્સ માટે શુભકામનાઓ અર્પણ કરી હતી.

### બે દિવસ પહેલાં કાનખજૂરો અને હવે શાકમાંથી જીવડાં નીકળ્યાં : સમરસ ગર્લ્સ હોસ્ટેલમાં વિદ્યાર્થિનીઓના મોડીરાત સુધી ધરણા...

અમદાવાદ | ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં આવેલી સમરસ ગર્લ્સ હોસ્ટેલ ફરી એકવાર હલકી ગુણવત્તાવાળા અને અસ્વચ્છ ભોજનને લઈને મોટા વિવાદમાં સપડાઈ છે. ગત રાત્રિના ભોજન દરમિયાન વિદ્યાર્થિનીઓને પીરસવામાં આવેલી સેવ-ટામેટાની સબ્જીમાંથી જીવાત નીકળતાં વિદ્યાર્થિનીઓમાં ભારે રોષ ફેલાયો હતો. ભોજનમાં જીવાત હોવાના ફોટો સોશિયલ મીડિયામાં વાઈરલ થતાં સમગ્ર હોસ્ટેલ પ્રશાસન સામે ગંભીર સવાલો ઊભા થયા છે. વિદ્યાર્થિનીઓ દ્વારા અગાઉ પણ વારંવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં તંત્રના બહેરા કાને કોઈ વાત ન પહોંચતાં વિદ્યાર્થિનીઓના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં થઈ રહ્યા છે. રાત્રે જ વિદ્યાર્થિનીઓ અને NSUIના કાર્યકર્તાઓ સમરસ ગર્લ્સ હોસ્ટેલના ગેટ આગળ ધરણા પ્રદર્શન પર બેસી ગયા છે. જ્યાં સુધી એજન્સી સામે કડક કાર્યવાહી કરવામાં ન આવે ત્યાં સુધી ભૂખ હડતાલની ચીમકી ઉચ્ચારી હતી. બાદમાં મોડીરાતે સમરસ હોસ્ટેલના પ્રશાસન દ્વારા NSUI અને વિદ્યાર્થિનીઓને તમામ તકલીફોનું 10 દિવસમાં નિરાકરણ લાવવા ખાતરી આપતા ભૂખ હડતાલ પૂર્ણ કરવામાં આવી હતી. જો 10 દિવસમાં નિરાકરણ નહીં લાવી શકે તો તે બાદ પોતે રાજીનામું આપી દેશે, તેવી સમરસ હોસ્ટેલના અધિકારીઓએ NSUI અને વિદ્યાર્થિનીઓને લેખિત બાંહેધરી આપી છે. ઉલ્લેખનીય છે કે, હજુ ગત 28 સપ્ટેમ્બરના રોજ જ આ જ હોસ્ટેલના ભોજનમાંથી ઈયળ અને કાનખજૂરો નીકળવાની શરમજનક ઘટના બની હતી, જેના વિરોધમાં 100થી વધુ વિદ્યાર્થિનીઓએ હોબાળો મચાવ્યો હતો. તે સમયે મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા ખોરાકના નમૂના લઈને મેસ સંચાલકને માત્ર 25 હજારનો દંડ ફટકારવામાં આવ્યો હતો. આ બેદરકાર એજન્સીને અગાઉ ચાર-ચાર નોટિસો અપાઈ હોવા છતાં કોઈ કડક પગલાં ન લેવાતા સંચાલકો બેફામ બન્યા છે.

### લોકો ઘરે ન પહોંચે ત્યાં સુધી પોલીસ રોડ પર રહેશે : નવરાત્રીમાં દરેક ગરબા આયોજકોએ CCTV લગાવવા પડશે

અમદાવાદ | આગામી નવરાત્રીના તહેવારને લઈને શહેર પોલીસ કમિશનર દ્વારા ગરબા આયોજકો અને પોલીસના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરવામાં આવી હતી. ગરબાના આયોજકે ફાયર એનઓસી, ઈલેક્ટ્રીક સર્ટિફિકેટ અને સ્ટેબિલિટી સર્ટિફિકેટ તેમજ પોલીસ પરવાનગી ઝડપથી મળી રહે તેના માટે દરેક પોલીસ સ્ટેશન વિસ્તારના પીઆઈને આયોજકોના સંપર્કમાં રહેવા માટે જાણ કરવામાં આવી છે. સુરક્ષાને ધ્યાનમાં રાખીને દરેક ગરબા સ્થળ પર સીસીટીવી કેમેરા લગાવવા પડશે.

પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે જણાવ્યું હતું કે, આગામી નવરાત્રીના તહેવારને ધ્યાનમાં રાખીને મોટી સંખ્યામાં લોકો ગરબા રમવા માટે પાર્ટી પ્લોટ અને અન્ય સ્થળો ઉપર જતા હોય છે ત્યારે તેમની સુરક્ષા વ્યવસ્થા અને ગરબાના આયોજનને લઈને આયોજકો અને શી ટીમ સાથે બેઠક કરવામાં આવી હતી. નવરાત્રી દરમિયાન કોઈપણ પ્રકારની મહિલાઓ સાથે છેડતી ન થાય તેના માટે પોલીસની સીટિંગ કહેનાત રહેશે તેમ જ સીસીટીવી કેમેરા લગાવવાના રહેશે જેમાં AI ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે.

નવરાત્રી પર્વમાં ગરબા રમવાના ગ્રાઉન્ડની જે કેપેસિટી હોય એના કરતાં વધારે લોકો ભેગા ના થાય અને ભાગદોડ ન થાય તેના માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. નવરાત્રી દરમિયાન અગાઉ જ્યાં કોઈપણ અસામાજિક તત્વોએ તોફાન મચાવ્યું હોય એવા સ્થળો પર ફેસ રેકોર્ડ કેમેરા લગાવવામાં આવશે.

### ગાંધીનગર મનપા ચૂંટણી, કોંગ્રેસનો ચૂંટણી ઢંઢેરો જાહેર : 10,000 યુવાઓને રોજગારનું વચન

ગાંધીનગર | ગાંધીનગરના રાજકીય સમીકરણોમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને ગરમાવો આવી ગયો છે.ત્યારે પાટનગરના વિકાસ અને નાગરિકોના મૂળભૂત અધિકારોને કેન્દ્રમાં રાખીને કોંગ્રેસ પાર્ટીએ પોતાનો મહત્ત્વાકાંક્ષી ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો છે. ગાંધીનગરને દેશનું નંબર વન ગ્રીન, ક્લીન અને આધુનિક નગર બનાવવાની નેમ સાથે મેદાનમાં ઉતરેલી કોંગ્રેસે શહેરીજનોના જીવનધોરણને ઊંચું લાવવા માટે અનેકવિધ લોકઉપયોગી ઘોષણાઓ કરી છે, જેમાં રોજગારી, શિક્ષણ, આરોગ્ય અને કર રાહતોને પ્રાથમિકતા આપવામાં આવી છે. ગાંધીનગર મહા નગર પાલિકા ચૂંટણી જંગને લઈ કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડાએ આજે ચુંટણી ઢંઢેરો જાહેર કર્યો છે.પાટનગરના બેરોજગાર યુવાવર્ગને આર્થિક રીતે સધ્ધર કરવા માટે પક્ષ દ્વારા દસ હજાર નવી રોજગારીની તકો ઊભી કરવાનો દ્રઢ નિર્ધાર વ્યક્ત કરવામાં આવ્યો છે. આ સાથે જ વહીવટી તંત્રમાં પ્રવર્તતી અનિશ્ચિતતાને દૂર કરવાના ભાગરૂપે ફિક્સ પગાર, કોન્ટ્રાક્ટ તેમજ આઉટસોર્સિંગ જેવી શોષણયુક્ત પ્રથાઓને સંપૂર્ણપણે નાબૂદ કરીને લાયક યુવાનોને 100 ટકા કાયમી ધોરણે સરકારી નોકરીની સલામતી પૂરી પાડવાની ગેરંટી આપવામાં આવી છે.

# ગેસનું બિલ બાકી હોવાનું કહીને ઠગાઈ:ગોતામાં વકીલને બિલની apk ફાઈલ મોકલી ખાતામાંથી 7.90 લાખ ઉપાડી લીધા...

અમદાવાદ | અમદાવાદના ગોતા વિસ્તારમાં રહેતા એક વકીલને સાયબર ગઠિયાઓએ ગેસનું બિલ બાકી હોવાનું કહીને બિલની apk ફાઈલ મોકલી હતી જે ડાઉનલોડ કર્યા બાદ OTP માંગ્યો હતો.વકીલે OTP આપ્યો નહોતો છતાં ગઠિયાઓએ વકીલના મોબાઈલનું એક્સેસ મેળવી લીધું હતું અને અલગ અલગ ટ્રાન્જેક્શન દ્વારા 7.90 લાખ ટ્રાન્સફર કરી લીધા હતા. જે અંગે વકીલે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે.

ગોતા વિસ્તારમાં રહેતા 47 વર્ષીય વકીલને અજાણ્યા નંબર પરથી એક વ્યક્તિનો ફોન આવ્યો હતો જેને પોતાની ઓળખ અદાણી કંપનીના કર્મચારીની આપી હતી જે બાદ ગેસનું બિલ બાકી હોવાનું જણાવ્યું હતું અને બિલની કોપી માટે apk ફાઈલ મોકલી હતી જે વકીલે ડાઉનલોડ કરી હતી, પરંતુ ડાઉનલોડ થઈ નહોતી જેથી ગઠિયાએ વકીલ પાસે OTP માંગ્યો હતો, પણ વકીલે OTP આપ્યો નહોતો. એરટેલ કંપનીના કર્મચારી બની ફરીથી સાયબર ગઠિયાએ વકીલને ફોન કર્યો

વકીલને શંકા જતા બેંકમાં જઈને એકાઉન્ટ બ્લોક કરાવ્યું હતું.બે દિવસ બાદ એરટેલ કંપનીના કર્મચારી બની ફરીથી સાયબર ગઠિયાએ વકીલને ફોન કર્યો હતો જેથી વકીલને શંકા ગઈ અને બેંકમાં તપાસ કરતા તેમના ખાતામાંથી 5 લાખ અને 2.90 લાખ એમ 7.90 લાખ રૂપિયા ઉપડી ગયા હતા જે અંગે વકીલે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે.

શાહપુરમાં રહેતી 29 વર્ષીય યુવતીને ટેલીગ્રામમાં એક ચેનલ જોવા મળી હતી જેમાં બિટકોઈનમાં ટ્રેડિંગ કરવાથી નફો બતાવતા હતા.આ ચેનલમાં કેટલાક લોકોએ નફો થયાના સ્કિન શોર્ટ મોકલ્યા હતા. જેથી યુવતીને વિશ્વાસ આવતા ચેનલમાં જોડાઈ હતી.જે બાદ યુવતીને 3 હજારનું રોકાણ કરવાનું કહેતા યુવતીએ 3 હજાર ટ્રાન્સફર કર્યા હતા.યુવતીને નફો બતાવતા હતા જે ઉપાડવો હોય તો SIPમાં પૈસા ભરવાનું કહેતા હતા જેથી યુવતીએ SIPમાં પણ 15,960 રૂપિયા ભર્યા હતા. બાદમાં GSTના નામે 29 અને 23 હજાર પણ યુવતી પાસે ભરાવ્યા હતા.યુવતી પાસે કુલ 76,684 રૂપિયા ભરાવી નફો આપ્યો નહોતો જેથી યુવતીને સાયબર ફ્રોડની જાણ થયા સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે.

નવરંગપુરામાં રહેતા 19 વર્ષીય યુવકે ઈન્સ્ટાગ્રામમાં એક સિરીઝ જોવા માટેની એડ જોઈ હતી જેના પર ક્લિક કરતા apk ફાઈલ ડાઉનલોડ કરવાનું જણાવ્યું હતું.યુવકે apk ફાઈલ ડાઉનલોડ કરી પરંતુ તેમાં કોઈ સિરીઝ નહોતી.યુવકનો ફોન હેંગ થવા લાગ્યો જેથી apk ફાઈલ ડિલીટ કરી હતી.થોડા દિવસ બાદ ipo ભરવા બેન્કનું બેલેન્સ ચેક કર્યું તો ખાતામાંથી 96 હજારનું ટ્રાન્ઝેક્શન થયું હતું.

### સુબ્રમણ્યમ આર. અય્યરે રાજ્યના મુખ્ય માહિતી કમિશનર તરીકે શપથ લીધા:

અમદાવાદ | ગુજરાતના મુખ્ય માહિતી કમિશનર તરીકે સુબ્રમણ્યમ આર. અય્યરે આજે (1 ઓક્ટોબર) ગાંધીનગર લોકભવન ખાતે શપથ ગ્રહણ કર્યો હતો. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે તેમને નિષ્ઠા અને પદના શપથ લેવડાવ્યા હતા. શપથવિધિ સમારોહમાં મુખ્ય સચિવ મનોજ કુમાર દાસ, અગ્ર સચિવ હરીત શુક્લા, રાજ્યપાલના સચિવ મેહુલ કે. દવે સહિતના વરિષ્ઠ અધિકારીઓ અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સુબ્રમણ્યમ આર. અય્યર અગાઉ ગુજરાત રાજ્યના માહિતી કમિશનર તરીકે ફરજ બજાવી ચૂક્યા છે. હવે તેમને રાજ્યના મુખ્ય માહિતી કમિશનરની મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી છે. અય્યરે વિવિધ ક્ષેત્રોમાં પણ મહત્વની જવાબદારીઓ નિભાવી છે. તેઓ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના સભ્ય, ભારતીય રેલવેની નેશનલ રેલવે યુઝર્સ કન્સલ્ટેટિવ કાઉન્સિલના સભ્ય, પશ્ચિમ રેલવેની ઝોનલ રેલવે યુઝર્સ કન્સલ્ટેટિવ કમિટીના સભ્ય તેમજ ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડના ડાયરેક્ટર રહી ચૂક્યા છે.

# થરાદ-અમદાવાદ હાઈવેની જમીનમાં 'બિનખેતી'નો ખેલ?:74 દસ્તાવેજો તપાસના રડારમાં, સંપાદન પહેલાં જમીનની કિંમત વધારવાના પ્રયાસ અંગે સરકાર સક્રિય

અમદાવાદ | થરાદ-અમદાવાદ એક્સપ્રેસ હાઈવે માટે જમીન સંપાદન પહેલાં જ જમીનની કેટેગરી બદલીને સરકાર પાસેથી વધુ વળતર મેળવવાના પ્રયાસની શંકા વચ્ચે રજિસ્ટ્રેશન વિભાગે કાર્યવાહી શરૂ કરી છે. નોંધણી સર નિરીક્ષકની કચેરી દ્વારા થરાદના તત્કાલીન સબ રજિસ્ટ્રાર આર.સી. રબારીની ફરજ દરમિયાન નોંધાયેલા 74 દસ્તાવેજોની તપાસ કરવામાં આવી છે.

હાલ આર.સી. રબારી સબ રજિસ્ટ્રાર ગ્રેડ-1, અમદાવાદ-11 (અસલાલી) તરીકે ફરજ બજાવે છે. જોકે, વિભાગના 30 સપ્ટેમ્બર, 2026ના પત્રમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે સંબંધિત દસ્તાવેજો તેમની થરાદ, જિલ્લા બનાસકાંઠા ખાતેની અગાઉની ફરજ દરમિયાન નોંધાયા હતા. પત્ર મુજબ, વર્ષ 2021થી 2025 દરમિયાન નોંધાયેલા કુલ 74 દસ્તાવેજોમાં ભારતમાલા પ્રોજેક્ટ હેઠળના થરાદ-અમદાવાદ એક્સપ્રેસ હાઈવે માટે સંભવિત રીતે સંપાદિત થનારી જમીનનો સમાવેશ થાય છે.

આ દસ્તાવેજોમાં કેટલીક જમીન બિનખેતી થયેલી હોય તે પહેલાં જ બિનખેતી જમીન તરીકે દર્શાવી દસ્તાવેજો નોંધાયા હોવાની બાબત સામે આવી છે. કેટલાક કિસ્સામાં બિનખેતીના પૂરતા પુરાવા તેમજ માલિકીના આધાર પુરાવા લીધા વગર દસ્તાવેજ નોંધાયા હોવાની નોંધ પણ કરવામાં આવી છે.

તપાસમાં એવો પણ મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે કે કેટલાક દસ્તાવેજોમાં જમીનનું વેચાણ મૂલ્યાંકન કિંમત કરતાં ઘણી ઊંચી કિંમતે થયું હોવાનું પ્રાથમિક રીતે જણાય છે. જો આવી જમીનને બિનખેતી જમીન તરીકે સંપાદિત કરવામાં આવે તો સરકારને વધુ વળતર ચૂકવવું પડી શકે છે. એટલે સરકારની તિજોરી પર વધારાનો બોજ ન આવે તે માટે સમગ્ર મામલો ગંભીરતાથી લેવામાં આવ્યો છે.

પત્રમાં જણાવ્યા પ્રમાણે, કેટલીક વેચાણ રકમ RTGSથી મળ્યાનું જણાવાયું છે, પરંતુ તેના આધારે કઈ તારીખે, કયા ખાતામાં અને કેટલી રકમ ટ્રાન્સફર થઈ તેની વિગતોનો કોઈ આધાર દસ્તાવેજોમાં સામેલ કરવામાં આવ્યો નથી. આ બાબત પણ તપાસ હેઠળ છે.

NHAIના પ્રોજેક્ટ ડિરેક્ટરના પત્રનો ઉલ્લેખ કરતાં રજિસ્ટ્રેશન વિભાગે ચેતવણી આપી છે કે પ્રોજેક્ટના GPS પિલર અને TBM લગાવ્યા બાદ જાહેર જનતાને હાઈવેના એલાઈનમેન્ટની જાણ થઈ શકે છે. ત્યારબાદ 3(A) ગેઝેટ નોટિફિકેશન પ્રસિદ્ધ થાય તે પહેલાં જમીનને ખેતીમાંથી બિનખેતી/કોમર્શિયલમાં ફેરવવાનો પ્રયાસ થઈ શકે છે.

આથી સંબંધિત SDM (પ્રસ્તાવિત CALA) અને રજિસ્ટ્રારોને આવી જમીનનું કન્વર્ઝન/ડાયવર્ઝન મંજૂર ન કરવા સૂચના આપવા જણાવાયું છે.

NHAIના કન્સલ્ટન્ટે પણ સરકારને જણાવ્યું હતું કે 3(A) ગેઝેટ નોટિફિકેશન પ્રસિદ્ધ થવામાં સમય લાગી શકે છે. આ સમયગાળા દરમિયાન જમીનની સ્થિતિ બદલાઈ જાય તો જમીન સંપાદન ખર્ચમાં અસામાન્ય વધારો થઈ શકે છે. આથી હવે તપાસનો મુખ્ય મુદ્દો એ છે કે થરાદના તત્કાલીન સબ રજિસ્ટ્રારની કચેરીમાં નોંધાયેલા આ 74 દસ્તાવેજોમાં જમીનની સ્થિતિ બદલીને ભવિષ્યમાં વધુ વળતર મેળવવાની કોઈ ગોઠવણ થઈ હતી કે કેમ.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

દંપતીની ધરપકડ : આરોપી પતિ માધવદાસ અને પત્ની ઉર્મિલાએ મિલકત હડપવા રચ્યું હતું ભયાનક ષડયંત્ર

# સુરતમાં ચાર વર્ષ જૂના ટ્રિપલ મર્ડર કેસનો પર્દાફાશ

(એજન્સી) સુરત । તા. 01

સુરત શહેર અને આસપાસના વિસ્તારમાં માનવતાને શર્મસાર કરી દેતી એક અત્યંત ચોંકાવનારી અને હચમચાવી નાખનારી ઘટના સામે આવી છે. વર્ષ ૨૦૨૨માં સુરતના કોસંબા ખાતે બનેલા ચકચારી ટ્રિપલ મર્ડર કેસ પરથી લાંબી તપાસ બાદ અમદાવાદ સિટી ક્રાઈમ બ્રાન્ચે મોટો પડદો હટાવી દીધો છે. લકવાગ્રસ્ત માતાની સેવામાંથી છૂટકારો મેળવવા તથા વૃદ્ધ દાદીના મકાનો, રોકડ અને કિંમતી સામાન હડપ કરી લેવાના ઘાતકી ઈરાદાથી પતિ માધવદાસ ભક્તિરામ સાધુ અને તેની પત્ની ઉર્મિલા ઉર્ફે જયાએ મળીને એક પછી એક ત્રણ મહિલાઓની નિર્દયતાપૂર્વક હત્યા કરી હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. આ સનસનાટીભર્યા ખુલાસાથી સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે.



સમગ્ર ઘટનાની વિગતવાર માહિતી આપતા પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, પોતાની સાથે ઘરેણાં અને રોકડ લઈને અલગ રહેવા જતી રહેલી પત્ની ઉર્મિલા અને તેના ભાઈને કાનૂની સંકંજામાં ફસાવવા માટે પતિ માધવદાસે પોતે જ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ સમક્ષ એક બનાવટી અને ખોટી બાતમી રજૂ કરી હતી. આ બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચે તાત્કાલિક તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા અને ઉર્મિલાના પિતરાઈ ભાઈની અટકાયત કરીને સઘન પૂછપરછ કરી હતી, જેમાં તે નિર્દોષ સાબિત થયો હતો. પિતરાઈ ભાઈ નિર્દોષ સાબિત થતાં પોલીસની શિરોધાર્ય શંકા બાતમીદાર માધવદાસ પર જઈ અટકી હતી. ત્યારબાદ ક્રાઈમ બ્રાન્ચે માધવદાસની કડકાઈથી પૂછપરછ કરતા તેણે પોતાના જ રચેલા ષડયંત્રની તમામ કાળી બાજુઓ સ્વીકારી લીધી હતી. છેલ્લા ૮ મહિનાથી પત્ની સાથે અલગ રહેતો માધવદાસ બદઈરાદાથી પત્ની અને સાળાને ફસાવવા માંગતો હતો, પરંતુ તેની આ ચાલ તેના પર જ ભારે પડી ગઈ હતી.

પોલીસની ઊંડાણપૂર્વકની તપાસમાં એક પછી એક રૂંવાડા ઉભા કરી દેતા ખુલાસા થયા છે. માધવદાસની માતા મંજુલાબહેન ભક્તિરામ સાધુ લકવાગ્રસ્ત હોવાથી તેમની દૈનિક સેવા-ચાકરી કરવી પડતી હતી. આ જવાબદારી અને જવાબદારીના ભારમાંથી કાયમ માટે મુક્તિ મેળવવા માટે આ નિર્દય દંપતીએ તેમના મોઢા પર ઓશીકું દબાવીને માતાની હત્યા કરી નાખી હતી અને ત્યારબાદ પુરાવા નાશ કરવા માટે ગુપ્તપણે અગ્નિસંસ્કાર કરી દીધા હતા. આટલું પૂરતું ન હોય તેમ, વૃદ્ધ દાદી શાંતાબહેન ગંભીરભાઈ વસાવાના મકાનો, રોકડ અને કિંમતી દાગીના પચાવી પાડવા માટે દંપતીએ તેમની સાથે જ રહેતી અને ટીબીની બીમારીથી પીડાતી પૌત્રી ભગવતી કમલેશભાઈ વસાવાની પણ મોઢા પર ઓશીકું દબાવીને ક્રૂરતાપૂર્વક હત્યા કરી દીધી હતી અને તેનો મૃતદેહ જમીનમાં દાટી દીધો હતો.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે આ જઘન્ય ટ્રિપલ મર્ડર કેસમાં સંડોવાયેલા આરોપી દંપતી માધવદાસ અને ઉર્મિલા વિરુદ્ધ કાયદેસરની સખત કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે જમીનમાં દાટેલા બેરલમાંથી માનવ અવશેષો અને લાશ બહાર કાઢવાની કાનૂની પ્રક્રિયા હાથ ધરી છે. આ ભયાનક હત્યાકાંડ પાછળ અન્ય કોઈ વ્યક્તિઓની સંડોવણી છે કે કેમ તે અંગે પણ પોલીસ દ્વારા વધુ ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરવામાં આવી છે.

## રાજપીપળા ખાતે ગૌરવપૂર્ણ 'સશસ્ત્ર દળ સન્માન કાર્યક્રમ' યોજાયો



રાજપીપળા | માતૃભૂમિની રક્ષા કાજે પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરનાર દેશના વીર જવાનોની અપ્રતિમ કદર કરવાના અને યુવા પેઢીમાં રાષ્ટ્રપ્રેમની ભાવના ઉજાગર કરવાના ભગીરથ ઉદ્દેશ્ય સાથે નર્મદા જિલ્લાના મુખ્યાલય રાજપીપળા ખાતે એક ગૌરવપૂર્ણ સમારોહ યોજાયો હતો. કમિશનરશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગર દ્વારા સંચાલિત તેમજ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરીના ઉપક્રમે રાજપીપળા સ્થિત શ્રી અંબુભાઈ પુરાણી હાઈસ્કૂલના સંસ્કાર ભવન ખાતે વિશેષ 'સશસ્ત્ર દળ સન્માન કાર્યક્રમ' નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ય સમારોહ દરમિયાન દેશની સશસ્ત્ર સેનાઓમાં ઉત્કૃષ્ઠ અને નિષ્ઠાવાન સેવાઓ આપીને નિવૃત્ત થયેલા જિલ્લાના છ વીર સૈનિકો–શ્રી લક્ષ્મણસિંહ દેવીસિંહ રાઉલજી, શ્રી સુરેશભાઈ મધુભાઈ વસાવા, શ્રી વિજયકુમાર જગદીશભાઈ વસાવા, શ્રી સુરેન્દ્રસિંહ ઈન્દ્રસિંહ પાંજરોલીયા, શ્રી હસમુખભાઈ મગનભાઈ પટેલ અને શ્રી નંદુભાઈ ભુલાભાઈ વસાવાને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સાલ ઓઢાડીને તથા સ્મૃતિચિહ્ન અર્પણ કરીને ભાવભીનું સન્માન કરવામાં આવ્યું હતું.

## સુરતમાં ટુ-વ્હિલરને દંડ અને ડમ્પર-ટ્રકને છૂટ: ધારાસભ્ય કુમાર કાનાણીનો ટ્રાફિક પોલીસ સામે સવાલ

(એજન્સી) સુરત । તા. 01

સુરત શહેરમાં ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી રહી હોવાના દાવાઓ વચ્ચે હવે ખુદ સત્તાધારી ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય દ્વારા જ ટ્રાફિક પોલીસની કામગીરી સામે અત્યંત ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા છે. વરાછા વિધાનસભા વિસ્તારના લોકપ્રિય ધારાસભ્ય અને પૂર્વ મંત્રી કુમાર કાનાણીએ સુરત શહેર પોલીસ કમિશનરને એક સત્તાવાર પત્ર લખીને ટ્રાફિક વ્યવસ્થાની પોલ ખોલી નાખી છે અને અનેક સળગતા સવાલો રજૂ કર્યા છે. ધારાસભ્ય કુમાર કાનાણીએ પત્રમાં મુખ્યત્વે એ વાત પર ભાર મૂક્યો છે કે ટ્રાફિક પોલીસ દ્વારા સામાન્ય ટુ-વ્હીલર ચાલકોને રોકીને તેમની પાસેથી માત્ર દંડ વસૂલવાની જ કામગીરી કરવામાં આવે છે. પરંતુ તેની સામે પ્રતિબંધિત સમય દરમિયાન શહેરમાં બેફામ દોડતા ડમ્પર, ટ્રક, તેમજ રેતી અને માટી ભરેલા ખુલ્લા વાહનો સામે પોલીસ કોઈ જ કડક પગલાં કેમ લેતી નથી? આવા ભારે વાહનોના કારણે અકસ્માતોનું જોખમ વધતું હોવા છતાં તેમની સામે આંખ આડા કાન કરવામાં આવતા હોવાનો ગંભીર આક્ષેપ તેમણે કર્યો છે. ભાજપના જ શાસનમાં ટ્રાફિક નિયમોના અમલીકરણ અને પોલીસની પક્ષપાતી કે ઉદાસીન કામગીરી સામે સવાલો ઊભા થતા આ પત્ર હાલ રાજકીય અને પોલીસ બેડામાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. પત્રમાં માત્ર ભારે વાહનો જ નહીં, પરંતુ શહેરમાં ટ્રાફિક સિગ્નલની અધ્ધરતાલ સ્થિતિ અંગે પણ તીખી પ્રતિક્રિયા આપવામાં આવી છે.



## નર્મદા જિલ્લાના ગરુડેશ્વર ખાતે માઁ નર્મદાના તટે ગ્રામજનો દ્વારા સ્વચ્છતા અભિયાન




(એજન્સી) નર્મદા । તા. 01

સમગ્ર રાજ્યમાં ચાલી રહેલા 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત નર્મદા જિલ્લામાં વિવિધ સેવાકીય અને જનજાગૃતિના કાર્યો જોરશોરથી ચાલી રહ્યા છે. જેના ભાગરૂપે, તાજેતરમાં નર્મદા જિલ્લાના ગરુડેશ્વર ખાતે સ્થાનિક ગ્રામજનો અને ઉત્સાહી યુવાનો દ્વારા માઁ નર્મદાના પવિત્ર કિનારે વિયર ડેમ નજીક એક વિશાળ સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. પવિત્ર લોકમાતા નર્મદા નદીના તટની પવિત્રતા, સુંદરતા અને સ્વચ્છતા અખંડિત રાખવાના ઉદ્દેશ્યથી આ સફાઈ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સફાઈ અભિયાન દરમિયાન મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા સ્વયંસેવકો અને યુવાનોએ પથરાળ કિનારા પરથી પ્લાસ્ટિકની થેલીઓ, નકામી પૂજા સામગ્રી, પ્લાસ્ટિકનો કચરો, નકામા કપડાં અને અન્ય અપ્રાકૃતિક કચરો ભારે જહેમત ઉઠાવીને વીણીને એકત્ર કર્યો હતો. આ તમામ કચરાને યોગ્ય રીતે એકત્ર કરીને તેના સુરક્ષિત નિકાલની વ્યવસ્થા પણ સુનિશ્ચિત કરવામાં આવી હતી. વિયર ડેમના વહેણ નજીકના વિસ્તારો અને તટવર્તી ભાગોને સંપૂર્ણ સ્વચ્છ બનાવવા માટે યુવાનોએ ભારે ઉત્સાહ સાથે શ્રમદાન કર્યું હતું. આ અભિયાનના માધ્યમથી ગરુડેશ્વરના ગ્રામજનોએ માઁ નર્મદાના દર્શને તથા નદી સ્નાન માટે આવતા દેશ-વિદેશના તમામ શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓને નમ્ર અપીલ કરી છે કે તેઓ નદી કિનારે કે તટ પર પ્લાસ્ટિક કે અન્ય કોઈપણ પ્રકારનો કચરો ન ફેંકે, જેથી નદીની પવિત્રતા અને પર્યાવરણ જળવાઈ રહે.

## રાજકોટમાં 82 વર્ષના મહિલા ગાયનેકને ડિજિટલ એરેસ્ટ કરી 59 લાખ પડાવ્યા

(એજન્સી) રાજકોટ । તા. 01

સાયબર ઠગાઈના વધતા જતા બનાવો વચ્ચે રાજકોટમાંથી એક અત્યંત ચોંકાવનારી અને હચમચાવી નાખનારી ઘટના સામે આવી છે. શહેરના મધ્યમાં આવેલા જાગનાથ પ્લોટ વિસ્તારમાં રાજ દર્શન એપાર્ટમેન્ટમાં રહેતા ૮૨ વર્ષના વયોવૃદ્ધ અને અપરિણીત મહિલા ગાયનેકોલોજિસ્ટને સાયબર ગઠિયાઓએ ચાર દિવસ સુધી 'ડિજિટલ એરેસ્ટ'માં રાખીને તેમની પાસેથી કુલ રૂા. ૫૮.૫૦ લાખ પડાવી લીધા હોવાનું પ્રકાશમાં આવ્યું છે. આ કૌભાંડ પાછળ આંતરરાષ્ટ્રીય સ્તરે સક્રિય કમ્બોડિયાની કોઈ ગેંગની સંડોવણી હોવાની પ્રબળ આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ભોગ બનનાર વયોવૃદ્ધ મહિલા ડૉક્ટર હાલ એકલા જ રહે છે અને આ વાતની માહિતી અગાઉથી જ ગઠિયાઓ પાસે હોવાની સંભાવના છે, જેના આધારે તેમને ટાર્ગેટ કરવામાં આવ્યા હતા. સાયબર ઠગોએ તેમને ફોન કરીને પોતે મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ હોવાની ખોટી ઓળખ આપી હતી. ગઠિયાઓએ ડૉક્ટરને ડરાવતા કહ્યું હતું કે તમારા આધારકાર્ડના આધારે નવું સિમ કાર્ડ લેવામાં આવ્યું છે, જેનો ઉપયોગ ગંભીર ગુનામાં થયો છે.

આ કેસમાં ધરપકડથી બચવા માટે તેમને એક મહિનો 'ડિજિટલ એરેસ્ટ' હેઠળ રહેવું પડશે તેવી કડક ચેતવણી આપવામાં આવી હતી. આ સમય દરમિયાન તેમને ક્યાંય પણ બહાર જવાની કે કોઈની સાથે વાત કરવાની સખત મનાઈ ફરમાવવામાં આવી હતી. ગઠિયાઓએ બોગસ નોટિસો મોકલીને મહિલાને એટલા બધા ભયભીત કરી દીધા હતા કે ત્રણ દિવસ પહેલા જ તેમણે ગભરાઈને આરટીજીએસ (RTGS) દ્વારા રૂા. ૫૮.૫૦ લાખ ઠગરોના ખાતામાં ટ્રાન્સફર કરી દીધા હતા. આટલું ઓછું હોય તેમ, ઠગો દ્વારા વધુ રૂા. ૨૧.૫૦ લાખની માગણી કરવામાં આવી રહી હતી. જોકે, આ વધારાની રકમ ટ્રાન્સફર થાય તે પહેલા જ બેંક અથવા અન્ય સોર્સ મારફત સાયબર ક્રાઈમ પોલીસને આ શંકાસ્પદ વ્યવહાર અને ઘટના અંગેની ગુપ્ત માહિતી મળી ગઈ હતી. માહિતી મળતાની સાથે જ સાયબર ક્રાઈમ પોલીસની ટીમ ત્વરિત દોડીને ભોગ બનનાર ગાયનેક ડૉક્ટરના ઘરે પહોંચી હતી.

## બગસરા શહેરમાં આંગણવાડી કેન્દ્ર ખાતે આંગણ મિલન કાર્યક્રમની ભવ્ય ઉજવણી કરવામાં આવી



અશોક મણવર અમરેલી

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના જન્મ દિવસની ઉજવણીના ભાગરૂપે બગસરા શહેરમાં વોર્ડ નંબર 5 હવેલી શેરી વિસ્તારમાં આવેલ આંગણવાડી કેન્દ્ર નંબર 67 તથા 55 ખાતે આંગણ મિલન કાર્યક્રમની ભવ્ય ઉજવણી કરવામાં આવી જેમાં બગસરા નાગરિક શરાફી મંડળીના ચેરમેન રશ્મિનભાઈ ડોડીયા, દિનેશભાઈ મેતા નગરપાલિકા સદસ્ય ચિરાગભાઈ પરમાર નિતેશભાઈ હિંગુ રાહુલભાઈ રૂપડા વીણાબેન સરવૈયા,ખ્યાતિબેન ડોબરીયા, પરેશાબેન રાઠોડ સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા આંગણવાડી ક્ષેત્રે ઉત્કૃષ્ટ શ્રેષ્ઠ કામગીરી બજાવનાર આંગણવાડી વર્કર આંગણવાડી હેલ્પર તેમજ આશા બહેનનું પ્રમાણપત્ર આપી વિશેષ સન્માન કરવામાં આવ્યું icds વિભાગના મેહુલભાઈ વી ચિતલીયા એ હાજર રહી કાર્યક્રમ સફળ બનાવ્યો નાગરિક શરાફી મંડળીના ચેરમેન રશ્વીનભાઈ ડોડીયા દ્વારા 45 બાળકોને લંચ બોક્સની ભેટ આપી પ્રોતસાહિત કરવામાં આવ્યા આંગણવાડી વિસ્તારના તમામ લાભાર્થીને યોજના વિશે વિસ્તૃત માહિતી આપી તમામ વાલીને જાગૃત થવા સમજાવ્યું આંગણવાડી કાર્યકર તથા હેલ્પરની કામગીરીને બિરદાવી અંતે ભાવનાબેન પાડલીયાએ આવેલ સર્વે મહેમાનનો આભાર માન્યો.

## નર્મદા જિલ્લામાં 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત સેવા જ્યોતિ કળશ યાત્રા યોજાશે



(એજન્સી) રાજપીપળા । તા. 01

સમગ્ર રાજ્યમાં તા. ૧૭ સપ્ટેમ્બરથી તા. ૧૭ ઑક્ટોબર દરમિયાન 'સેવા સંકલ્પ અભિયાન-૨૦૨૬' અંતર્ગત વિવિધ સેવાકીય અને જનભાગીદારીલક્ષી કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે નર્મદા જિલ્લામાં આગામી તા. ૭ ઑક્ટોબરના રોજ 'સેવા જ્યોતિ કળશ યાત્રા' સહિતના વિવિધ આકર્ષક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર છે. આ કાર્યક્રમના સુચારૂ આયોજન અને વ્યવસ્થાઓને આખરી ઓપ આપવા માટે આજે રાજપીપળા સ્થિત જિલ્લા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા સંગઠનના અગ્રણીઓ તથા હોદ્દેદારોની એક મહત્વપૂર્ણ સંયુક્ત બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં આગામી કાર્યક્રમની વિસ્તૃત રૂપરેખા, આયોજન, જરૂરી વ્યવસ્થાઓ તેમજ વિવિધ તબક્કે યોજાનારી પ્રવૃત્તિઓ અંગે સઘન ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. 'સેવા જ્યોતિ કળશ યાત્રા' અંતર્ગત જિલ્લાના તમામ તાલુકાઓમાં વિવિધ તબક્કે આ યાત્રાનું આયોજન કરવા તેમજ મહત્તમ જનભાગીદારી વધે તે હેતુથી વિવિધ સ્પર્ધાઓ અને પ્રવૃત્તિઓ યોજવા અંગે પણ વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત, જિલ્લા કક્ષાના મુખ્ય કાર્યક્રમને અત્યંત સફળ બનાવવા માટે જરૂરી તમામ વ્યવસ્થાઓ, પરસ્પર સંકલન અને જવાબદારીઓ અંગે સંબંધિત અધિકારીઓ તથા જિલ્લા સંગઠનના હોદ્દેદારો સાથે વિસ્તૃત મંત્રણા કરવામાં આવી હતી.

આ ઉચ્ચ સ્તરીય સંયુક્ત બેઠકમાં પૂર્વ મંત્રીશ્રી તથા જિલ્લા સંગઠનના અગ્રણીશ્રી શબ્દશરણ તડવી, જિલ્લા કલેક્ટરશ્રી ગંગા સિંઘ, જિલ્લા પોલીસ અધિક્ષક સુશ્રી વિશાખા ડબરાલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી આર.વી. વાળા, નિવાસી અધિક કલેક્ટરશ્રી સી.કે. ઉંધાડ, પ્રાંત અધિકારીશ્રીઓ, વરિષ્ઠ અધિકારીશ્રીઓ તેમજ જિલ્લા સંગઠનના અગ્રણીઓ અને હોદ્દેદારો વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા સંગઠનના સંકલિત પ્રયાસોથી 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત યોજાનાર આ તમામ કાર્યક્રમોને વધુ વ્યાપક જનભાગીદારી સાથે સફળ બનાવવા માટે બેઠકમાં જરૂરી માર્ગદર્શન અને આયોજન પૂરું પાડવામાં આવ્યું હતું.

સ્વચ્છતા અભિયાન અંતર્ગત સૌએ સાથે મળીને ગામની સફાઈમાં યોગદાન આપ્યું

## 'એક દિવસ, એક કલાક અને એક સાથે' અભિયાન અંતર્ગત કાર્યક્રમ યોજાયો

(એજન્સી) રાજપીપળા । તા. 01

સ્વચ્છતા અને જનજાગૃતિને વેગ આપવાના ઉદ્દેશ્ય સાથે સમગ્ર રાજ્યમાં ચલાવવામાં આવી રહેલા અભિયાન અંતર્ગત નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર તાલુકામાં એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાપ્ત વિગતો અનુસાર, "એક દિવસ, એક કલાક અને એક સાથે" અભિયાન અંતર્ગત ગરૂડેશ્વર તાલુકા કક્ષાનો મુખ્ય કાર્યક્રમ આમદલા ગ્રામ પંચાયત અને પ્રાથમિક શાળાના પરિસરમાં ઉત્સાહભેર યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં જોડાયેલા સ્થાનિક પદાધિકારીઓ, અધિકારીઓ અને વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ગ્રામજનોએ સ્વચ્છતા અભિયાનમાં સક્રિયપણે શ્રમદાન કરીને ગામની સ્વચ્છતામાં પોતાનું મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.



આ તાલુકા કક્ષાના સ્વચ્છતા અભિયાન કાર્યક્રમમાં ગરૂડેશ્વર તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતી અનિતાબેન અરવિંદભાઈ, ઉપપ્રમુખ નિલેશભાઈ ભગવાનભાઈ તડવી, કારોબારી અધ્યક્ષ રઘુભાઈ લક્ષ્મણભાઈ તડવી, જિલ્લા સદસ્ય ગોવિંદભાઈ ઈશ્વરભાઈ ભીલ, જિલ્લા સદસ્ય ધર્મેન્દ્રભાઈ મનુભાઈ તડવી, તાલુકા સદસ્ય શ્રીમતી પ્રવિણાબેન જેઠાભાઈ તડવી તેમજ આમદલા ગામના સરપંચ શ્રીમતી કાન્તાબેન પ્રવીણભાઈ તડવી સહિતના અગ્રણીઓ વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા. આ તમામ મહાનુભાવોએ ગ્રામજનો સાથે મળીને શાળા અને પંચાયત માં સફાઈ કામગીરી કરી હતી, જેને કારણે ઉપસ્થિત યુવાનો અને બાળકોમાં પણ સ્વચ્છતા પ્રત્યે ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. અત્યાર સુધીની પરિસ્થિતિ પર નજર કરીએ તો, આ પ્રકારના લોકઉપયોગી અભિયાનોથી ગ્રામીણ વિસ્તારોમાં સ્વચ્છતા અને આરોગ્ય અંગે સભાનતા સતત વધી રહી છે. સ્થાનિક વહીવટી તંત્ર અને જનપ્રતિનિધિઓના સંયુક્ત પ્રયાસોથી ગામડાઓને સ્વચ્છ અને સુંદર બનાવવાની આ ઝુંબેશ આગામી દિવસોમાં પણ વધુ વેગવંતી બનશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

બસ ડ્રાઈવર સહિત ૧૪ મુસાફરો ઈજાગ્રસ્ત

## ગીરગઢડા નજીક એસટી બસ અને ટ્રક અથડાતાં ટ્રકચાલક સહિત બેનાં મોત

(એજન્સી) ઉના/ગીરગઢડા । તા. 01

ગીરગઢડા તાલુકાના બેડીયા-ખાંભા રોડ પર આજે વહેલી સવારે એક અત્યંત ગંભીર અને ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. પેટ્રોલ પંપ પાસે પૂરઝડપે આવી રહેલી એસટી બસ અને ટ્રક સામસામે અથડાતા સર્જાયેલા આ ભયાનક અકસ્માતમાં ટ્રકચાલક અને એક શ્રમિક યુવકનું કરુણ મોત નીપજ્યું હતું, જ્યારે એસટી બસના ડ્રાઈવર સહિત કુલ ૧૪ મુસાફરોને નાની-મોટી ઈજાઓ પહોંચતા તેમને ત્વરિત સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માતના કારણે રોડની બંને બાજુએ લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો.

ઉનાના રહેવાસી ટ્રકચાલક રાજુભાઈ સામતભાઈ રાઠોડ (ઉ.વ. ૫૦) તથા અન્ય આઠ જેટલા શ્રમિકો આજે સવારે ટ્રક લઈને કપાસ ભરવા માટે બેડીયા ગામથી ખાંભા તરફના રોડ પર જઈ રહ્યા હતા. આ દરમિયાન ટ્રક પેટ્રોલ પંપ પાસે પહોંચ્યો ત્યારે સામેથી પૂરઝડપે આવેલી ઝાલોદ-દાહોદ-ઉના રૂટની



એસટી બસના ચાલકે કથિત બેદરકારીથી બસ હંકારીને ટ્રકના આગળના ભાગે ધડાકાભેર અથડાવી દીધી હતી. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, વહેલી સવારના શાંત વાતાવરણમાં થયેલા આ ધડાકાના અવાજ અને ઈજાગ્રસ્તોની ચીસોથી સમગ્ર વિસ્તાર ગુંજી ઉઠ્યો હતો અને આસપાસના લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. સ્થાનિક લોકોની મદદથી તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક બહાર કાઢીને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઉના સરકારી હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

દિલ્હીના બે ચોરો પ્લેનમાં મુસાફરી કરી દક્ષિણ ભારતમાં કરતા હતા ચોરી

## વડોદરા રેલવે પોલીસે ટ્રેનમાંથી 19 લાખના મુદ્દામાલ સાથે બે ચોરોને ઝડપી પાડ્યા

(એજન્સી) વડોદરા । તા. 01

મુસાફરોની સુરક્ષા અને ગુનાખોરી ડામવા માટે સક્રિય બનેલી વડોદરા રેલવે પોલીસે એક મોટી સફળતા હાંસલ કરી છે. દિલ્હીથી વિમાન (પ્લેન) કે ટ્રેન મારફતે દક્ષિણ ભારતના મોટા શહેરોમાં જઈને બંધ મકાનો અને ટ્રેનોમાં ચોરીની વારદાતોને અં આપતા શાહજહાં અને તેના સાગરિતને વડોદરા રેલવે પોલીસે અંદાજે ૧૯.૧૨ લાખ રૂપિયાના મૂલ્યના ચોરીના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા છે. આ આંતરરાજ્ય ચોર ગેંગના પકડાવાથી અનેક વણઉકેલાયેલા ભેદો બહાર આવવાની શક્યતાઓ સેવાઈ રહી છે.

સાંજના સમયે વડોદરા રેલવે સ્ટેશન પર પ્લેટફોર્મ પર આવેલી સંપર્ક ક્રાંતિ એક્સપ્રેસ ટ્રેનમાં રેલવે એલસીબી (LCB) નો સ્ટાફ સુરક્ષા ચેકિંગ કરી રહ્યો હતો. તે દરિમયાન ટ્રેનના કોચના કોરિડોરમાં શંકાસ્પદ હાલતમાં ઊભેલા બે શખ્સો પોલીસને જોઈને અચાનક ગભરાઈ ગયા હતા. પોલીસકર્મીઓને શંકા જતા તેમણે



બંનેની ત્વરિત પૂછપરછ શરૂ કરી હતી અને તેમની સાથે રહેલા સામાન સાથે તેમને ટ્રેનમાંથી નીચે ઉતારીને કડકાઈથી તપાસ કરી હતી. પોલીસની સઘન પૂછપરછમાં આ બંને શખ્સોએ મેંગલોરના એક મકાનમાં ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. પોલીસે બંને શખ્સોની અંગજડતી અને તેમની પાસે રહેલા સામાનમાંથી ચોરીના ૪ મોબાઈલ ફોન, ૭ નંગ ઘડિયાળો, રોકડ રકમ તેમજ સોના-ચાંદીના કિંમતી દાગીના સહિત કુલ રૂા. ૧૯,૧૨,૦૦૦/- નો મસમોટો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

કેટલાક લોકો માનશે કે કશુંક નવું શીખવા માટે તમે ઉંમરમાં વધુ છો-પણ એ બાબત સત્યથી સદંતર વેગળી છે- તમારા તીવ્ર અને સક્રિય મગજને કારણે તમે નવી બાબત ઝડપથી શીખી લેશો. આજ ના દિવસે તમારે તેવા મિત્રો થી બચવા ની જરૂર છે જે ઉધાર લે તો છે.

**વૃષભ : બ. વ. ઉ.**

આજે તમારે અનેક ટૅન્શન તથા મતભેદોનો સામનો કરવો પડે જે તમને બેચેન અને ગુસ્સાવાળા બનાવી દે એવી શક્યતા છે. જો મુસાફરી કરી રહ્યા હોય તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે સમાન ચોરી થવા ની શક્યતા છે. તમારૂં જિદ્દી વલણ ઘરના લોકોને તથા તમારા નિકટના મિત્રોને આહત કરશે.

**મિથુન : ક. છ. ઘ.**

તમારી શક્તિ પાછી મેળવવા માટે સંપૂર્ણ આરામ કરો. જો આજે તમે પોતાના મિત્રો સાથે ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો પૈસા સોચી વિચારી ને ખર્ચ કરો નહીંતર ધન હાનિ થયી શકે છે. સાંજે મિત્રો સાથે બહાર જાવ-કેમ કે તે તમારી માટે કશુંક સારૂં કરશે.

**કર્ક : ડ. હ.**

તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. આજ ના દિવસે ધન હાનિ થવા ની સંભાવના છે તેથી લેણદેણ ની સમયે જેટલી સાવચેતી રાખશો તેટલું તમારા માટે સારું રહેશે બાળકો તમારી માટે દિવસ મુશ્કેલ બનાવી શકે છે.

**સિંહ : મ. ટ.**

આજે ટૅન્શનમુક્ત અને શાંત રહો. આજે તમારું ધન ઘણી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે, તમારે આજે એક સારો બજેટ પ્લાન બનાવ ની જરૂર છે આના થી તમારી ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે.

**કન્યા : પ. ઠ. ણ.**

વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો.

**તુલા : ર. ત.**

અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. આજે તમને ધન ખર્ચવા ની જરૂર નહિ પડે કેમકે ઘર ના કોઈ મોટા આજે તમને ધન આપી શકે છે. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે.

**વૃશ્ચિક : ન. ય.**

તાણ નાનકડી બીમારીમાં પરિણમી શકે છે. આરામદાયક મહેસૂસ કરવા માટે મિત્રો તથા પરિવારના સભ્યો વચ્ચે બેસો. તમે જો અન્યોના શબ્દો પર ધ્યાન આપીને રોકાણ કરશો તો આજે આર્થિક નુકસાનની શક્યતા જોવાય છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ.

**મકર : ખ. જ.**

તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. દિવસ ની શરૂઆત માંજ તમને કોઈ આર્થિક હાનિ થયી શકે છે જેથી આખું દિવસ ખરાબ થયી શકે છે. તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે તથા ઘરના મોરચે રહેલું ટૅન્શન હળવું કરશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

અણધાર્યો પ્રવાસ થકવી નાખનારો હોઈ શકે છે જે તમને અસ્તવ્યસ્ત કરી મુકશે. સ્નાયુઓને આરામ આપવા તમારા શરીરની તેલથી માલિશ કરો. ઘર ની નાની નાની વસ્તુઓ પર આજે તમારું ઘણું ધન ખરાબ થયી શકે છે જેથી તમને માનસિક તાણ થયી શકે છે.

**મીન : દ. ચ. ઝ. થ.**

મજા માટેની ટ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. પરિવારના સભ્યનો આનંદી સ્વભાવ ઘરના વાતાવરણને ઝગમગતું કરી નાખશે. આજે મિત્રતામાં ભંગ પડવાની પૂરેપૂરી શક્યતા હોવાથી ચોક્સાઈ રાખો.

## બાગાયત ખાતા હસ્તકની ફળ નર્સરી, માંગરોળ ખાતે નાળિયેરી ફળપાકની જાહેર હરરાજીની જાહેરાત



નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા.૦૧, ઉપરોક્ત જાહેર હરરાજી સંદર્ભે લાગતા વળગતા તમામ ઈસમો/પાર્ટીઓ/ઈજારદારોને જણાવવાનું કે, અત્રેની બાગાયત ખાતા હસ્તકની બાગાયત અધિકારીશ્રીની કચેરી, ફળરોપા ઉછેર કેન્દ્ર, માંગરોળ ખાતેની નિશાત બાગ નર્સરી ખાતે સને ૨૦૨૬-૨૭ના વર્ષ અન્વયેના સમયગાળા માટેના નાળિયેરીના વાર્ષિક ફળો ઉતારી લઈ જવાના માટેના ઈજારા જાહેર હરાજીથી આથી આપવાના થાય છે. તેમાં જાહેર હરરાજી ની તારીખ આગામી ૦૯-૧૦-૨૦૨૬ શુક્રવારના રોજ બપોરે ૦૩:૦૦ કલાકે ફળ નર્સરી, રાણીબાગ, માંગરોળ ખાતે રાખવામાં આવી છે. તો તેમાં રસ ધરાવતા દરેક ઈસમોને હાજર રહેવા માટે આથી જાણ કરવામાં આવે છે. આ હરાજીની માંગણી કરનાર દરેક ઈસમે રૂ.૨૦૦૦/- અંકે રૂપિયા બે હજાર પૂરા ડિપોઝીટ જમા કરાવીને ત્યારબાદ માંગણી કરી શકશે.આ જાહેર હરાજીની શરતો અને બોલીઓ હરાજીના સમયે રૂબરૂમાં વાંચી સંભળાવવામાં આવશે. નાળિયેર ફળ પાકની પરિસ્થિતિ કચેરી સમય દરમિયાન નર્સરીમાં આવી જોઈ જાણી શકાશે. આ અંગે વધુ માહિતી મેળવવા માટે બાગાયત અધિકારીશ્રીની કચેરી, ફળ રોપા ઉછેર કેન્દ્ર, રાણીબાગ, પોરબંદર રોડ, માંગરોળ, જિ. જૂનાગઢ. ફોન નંબર ૦૨૮૭૮-૨૨૪૦૩૯ ઉપર સંપર્ક સાધી શકાશે. તેમ બાગાયત અધિકારીશ્રી, ફળ રોપા ઉછેર કેન્દ્ર, માંગરોળની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# કચ્છમાં શૈક્ષણિક કટોકટી જેવો માહોલ: ગુવર ગામના બાળકો શિક્ષણ માટે સાત કિમીનો પગપાળા અંતર કાપવા મજબૂર

### લખપત તાલુકાના ગુવરથી નારાયણ સરોવર જવા વાહનની સુવિધા નહીં, નાના ભૂલકાઓ હાલાકીનો ભોગ - કોંગ્રેસ સેવાદળે જિલ્લા શિક્ષણાધિકારીને યુદ્ધના ધોરણે પગલા ભરવા કરી માંગ

મહેશ એલ.સોની નખત્રાણા

કચ્છમાં શિક્ષણનું સ્તર સતત નીચું જઈ રહ્યું હોય તેવી સ્થિતિ વચ્ચે લખપત તાલુકાના છેવાડાના ગુવર ગામમાંથી ચોંકાવનારી વિગતો સામે આવી છે. ગુવર ગામના બાળકો શિક્ષણ માટે રોજ સાત કિલોમીટર સુધીનો પગપાળા પંથ કાપવા મજબૂર બન્યા છે. શાળાએ આવવા-જવા માટે કોઈ વાહનની સુવિધા ન હોવાથી નાના ભૂલકાઓ ખૂબ હાલાકી ભોગવી રહ્યા છે.આ બાબતે કચ્છ જિલ્લા કોંગ્રેસ સેવાદળ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીને વિવિધ રજૂઆતો કરી તાત્કાલિક યુદ્ધના ધોરણે પગલાં ભરવા માંગ કરવામાં આવી છે.કચ્છ જિલ્લા કોંગ્રેસ સેવાદળના પ્રમુખ રાજેશ સોનીએ આ વાતને મીડિયા સમક્ષ મુકતા જણાવ્યું હતું કે, લખપત તાલુકાના ગુવર ગામથી નારાયણ સરોવર શાળાએ જતા નાના વિદ્યાર્થીઓની હાલત અત્યંત દયનીય છે. ગુવર ગામમાં ધોરણ 5 સુધી જ અભ્યાસની સુવિધા છે, ત્યારબાદ ધોરણ 6 થી 8 તેમજ ધોરણ 9 થી 12 ના વિદ્યાર્થીઓને અભ્યાસ અર્થે નારાયણ સરોવર શાળામાં જવું પડે છે.તકલીફ એ છે કે પ્રાથમિક શાળાનો સમય સવારે 11 થી 5 નો છે, જ્યારે માધ્યમિક શાળાનો સમય સવારનો છે. સૌથી વધારે તકલીફમાં પ્રાથમિક શાળાના નાના બાળકો છે, કેમકે આ સમય વાલીઓના કામકાજનો હોય છે. બાળકોને લેવા-મૂકવાની કોઈ વ્યવસ્થા ન હોવાથી બાળકોને આવતા-જતા ખૂબ રખડપટ્ટીનો સામનો કરવો પડે છે. સાંજે રિસેસ બાદ 4 વાગ્યે બાળકો તડકામાં પગે-પગે ચાલીને સાત કિલોમીટરનું અંતર કાપી ઘરે જાય છે.રાજેશ સોનીએ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, કચ્છ જિલ્લામાં શિક્ષણ ક્ષેત્રે વ્યાપક પ્રમાણમાં ખામીઓ છે, જે શિક્ષણને શૈક્ષણિક કટોકટી તરફ ધકેલી રહી છે. કચ્છનું શિક્ષણ તંત્ર તાત્કાલિક હરકતમાં આવી આ ખામીઓ દૂર કરે અને ગુવરના બાળકો માટે વાહન વ્યવહારની સુવિધા તાત્કાલિક શરૂ કરે તેવી માંગ ઉઠી છે.

## નિરોણા આંગણવાડી કેન્દ્ર-4 અને કેન્દ્ર 5ખાતે 'આંગણ ઉત્સવ 2026' યોજાયો

મહેશ એલ. સોની નખત્રાણા

નિરોણા: નિરોણા ગામના આંગણવાડી કેન્દ્ર નંબર-4 અને કેન્દ્ર નંબર 5ખાતે 'આંગણ ઉત્સવ 2026' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રના મહાનુભાવો, આગેવાનો, આંગણવાડી કાર્યકર બહેનો, હેલ્પર બહેનો, આશા વર્કર બહેનો તેમજ લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમમાં ગામના આગેવાનો અને આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. આંગણ ઉત્સવ અંતર્ગત આંગણવાડી કેન્દ્રના વર્કર બહેનો, હેલ્પર બહેનો તથા આશા વર્કર બહેનોને ઉપસ્થિત મહેમાનોના હસ્તે પ્રશસ્તિ પત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમજ પૂર્વ પ્રાથમિક શિક્ષણમાં નોંધાયેલા બાળકોને સુખડી અને ફળનું વિતરણ કરવામાં આવ્યું હતું.મુખ્ય અધિકારીશ્રી દ્વારા કાર્યક્રમને અનુરૂપ ઉદબોધન કરી બાળકોના સર્વાંગી વિકાસ, પોષણ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણના મહત્વ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.કાર્યક્રમ દરમિયાન કિશોરીઓ માટે મુખ્યમંત્રીશ્રી દ્વારા પાઠવવામાં આવેલ શુભેચ્છા સંદેશનું વાંચન કરવામાં આવ્યું હતું. સાથે જ ઉપસ્થિત કિશોરીઓનું એચબી ટેસ્ટ પણ કરવામાં આવ્યું હતું.અંતમાં મહેમાનો તથા લાભાર્થીઓ દ્વારા પૂર્વ પ્રાથમિક શિક્ષણ કીટનું નિદર્શન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં બાળકોના શિક્ષણ, પોષણ અને આરોગ્યને કેન્દ્રમાં રાખી આંગણવાડીની વિવિધ પ્રવૃત્તિઓ રજૂ કરવામાં આવી હતી.આભારવિધિ આંગણવાડી 4નાં વર્કર મંજુલા બેન સુનિલ માતંગ ઈ આભાર વિધિ કરી હતી.



## બરડા અભયારણ્યના માલધારીઓને સ્વૈચ્છિક રીતે અભયારણ્ય બહાર વસાવવાની યોજના

બરડા | મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ સંદર્ભમાં બરડા અભયારણ્યના માલધારીઓને સ્વૈચ્છિક રીતે અભયારણ્ય બહાર વસાવવાની યોજનાની જાહેરાત 77માં વન મહોત્સવ અન્વયે પોરબંદરમાં કરી છે. આ યોજના અનુસાર નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરીટીની ગાઈડલાઈન મુજબ લાભાર્થીઓને કુટુંબ દીઠ રૂ.૧૫ લાખની સમગ્ર રકમ એક સાથે ચુકવવામાં આવશે અને સ્વૈચ્છિક સ્થળાંતર બાદ તેઓના બરડા વિસ્તારમાં અન્ય કોઈ હક્કહિત માન્ય રહેશે નહિ.ઉપરાંત આ અંગે અન્ય કોઈ વધારાની રકમ ચૂકવવાપાત્ર રહેશે નહિ.મુખ્યમંત્રીશ્રીએ એમ પણ જણાવ્યું છે કે, સ્થળાંતરિત થનારા કુટુંબ દીઠ રાજ્ય સરકારની યોજના મુજબ રહેઠાણ માટે નિયમોનુસાર ૧૦૦ ચોરસ વારના પ્લોટની વિના મુલ્યે ફાળવણી કરવા માટે સબંધિત કલેકટરશ્રી/ જિલ્લા કક્ષાની સમિતિ દ્વારા અભયારણ્ય અને ઈકો સેન્સેટીવ ઝોનની હદ બહાર અને મહાનગરપાલિકાની હદથી ૧૦ કિ.મી. અને નગરપાલિકાની હદથી ૫ (પાંચ) કિ.મી. બહારના વિસ્તારમાં કોઈ પણ ગામની બાજુમાં જમીન વિનામુલ્યે આપી શકાશે.

## રાજ્યમંત્રીશ્રી પ્રવીણભાઈ માળીએ જૂનાગઢના સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય ની મુલાકાત લીધી : વન્ય પ્રાણીઓના રખરખાવ અને મુલાકાતીઓ માટેની સુવિધાઓ સમીક્ષા કરી

નરેન્દ્ર દવે જૂનાગઢ

રાજ્યના વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ અને પરિવહન રાજ્યમંત્રીશ્રી પ્રવીણભાઈ માળીએ આજે ગુજરાતના સૌથી જૂના જૂનાગઢમાં આવેલા સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયની મુલાકાત લીધી હતી અને વન્ય પ્રાણીઓના રખરખાવ, મુલાકાતીઓ માટે ની સુવિધાઓ તથા વન્ય પ્રાણીઓના સંરક્ષણ માટેની જાગૃતિ સહિતની કામગીરીની સમીક્ષા કરી હતી. રાજ્ય મંત્રીશ્રીએ સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયની મુલાકાત દરમિયાન વન્ય પ્રાણીઓની વિશિષ્ટતા, તેમના સ્વભાવ, સંરક્ષણ વગેરે બાબતોની તલસ્પર્શી વિગતો મેળવી હતી. ઉપરાંત, સક્કરબાગ ઝૂ ખાતેની સોવેનિયર શોપની મુલાકાત લીધી હતી અને પ્રવાસીઓ સાથે પણ હળવા અંદાજમાં સંવાદ સાધ્યો હતો. રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતના સૌથી જૂના અને મોટા એવા સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયમાં ૧૦ લાખ જેટલા મુલાકાતીઓ આવે છે. ત્યારે મુલાકાતીઓ માટેની સુવિધાઓમાં વધારો થાય અને મુલાકાતીઓની સંખ્યામાં પણ વધારો થાય તે માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે. સાથે જ, સક્કરબાગ ઝૂની ભવ્યતા વધે તે માટે પણ આવશ્યક નવીનીકરણ સહિતની કામગીરી માટે સૂચના આપવામાં આવી છે. તેમણે ઉમેર્યું કે, નેચર એજ્યુકેશન અને વન્ય પ્રાણીઓ ના સંરક્ષણ માટે જનજાગૃતિની પણ કામગીરી થઈ રહી છે. રાજ્યમંત્રીશ્રીને સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયના ડાયરેક્ટર શ્રી રાજદીપસિંહ ઝાલાએ સક્કરબાગ ઝૂની વિશિષ્ટતાઓ, પ્રાણીઓ અને તેમના સંરક્ષણ સહિતની અન્ય વિકાસલક્ષી બાબતોથી અવગત કરાવ્યા હતા. રાજ્ય મંત્રીશ્રીની આ મુલાકાત દરમિયાન શ્રી સંજયભાઈ કોરડીયા, શ્રીમતી પલ્લવીબેન ઠાકર, શ્રી ગૌરવભાઈ રૂપારેલીયા, શ્રી વિનુભાઈ ચાંડીગરા, મિલનભાઈ ભટ્ટ સહિતના પદાધિકારીઓ અને અધિકારીઓ તથા કન્ઝરવેટર ઓફ ફોરેસ્ટ, સીએફશ્રી મોહન રામ, GEER ફાઉન્ડેશનના ડેપ્યુટી ડાયરેક્ટરશ્રી અમિત નાયક, વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## જૂનાગઢમાં રાજ્યના વન અને પર્યાવરણ રાજ્યમંત્રીશ્રી પ્રવીણભાઈ માળી સ્વચ્છતા અભિયાનમાં સહભાગી બની શ્રમદાન કર્યું

નરેન્દ્ર દવે જૂનાગઢ

રાજ્યના વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ તથા પરિવહન રાજ્યમંત્રીશ્રી પ્રવીણભાઈ માળીએ રજી ઑક્ટોબર, મહાત્મા ગાંધીજીની જન્મ જયંતીના અવસરે અને સ્વચ્છ ભારત મિશન અંતર્ગત જૂનાગઢના કાળવા ચોક ખાતે કડિયાવાડ બજારમાં સફાઈ ઝુંબેશ માં જોડાઈને સ્વચ્છતા માટે શ્રમદાન કર્યું હતું.રાજ્યમંત્રીશ્રીએ સફાઈ અભિયાનમાં સહભાગી થવાની સાથે સફાઈ કર્મચારીઓ અને કડિયાવાડ બજારના લારીધારકો સાથે સરળ અને સહજ ભાવે સંવાદ સાધ્યો હતો. તેમણે સફાઈ કર્મચારીઓને આરોગ્ય માટે જરૂરી તકેદારી રાખવા પણ સૂચના આપી હતી. ઉપરાંત, લારીધારકો સાથે સહજ ભાવે વાતચીત કરતાં વધુ સારી સ્વચ્છતા જળવાય તે માટે સહિયારો પ્રયાસ કરવા પર ભાર મૂક્યો હતો. સાથે જ, તેમણે અહીંના શાકભાજીના નાના વેપારીઓને પ્રોત્સાહિત કરતાં તેમની પાસેથી પ્રતીકાત્મક રીતે ખરીદી પણ કરી હતી.રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દેશભર ની સાથે સાથે જૂનાગઢમાં પણ સફાઈ ઝુંબેશ યોજાઈ રહી છે. મહાત્મા ગાંધીજી એ સ્વચ્છતા માટેની જે ચળવળ શરૂ કરી હતી, તેને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી એ આગળ વધારી દેશ અને નગરને સ્વચ્છ બનાવવાનું આહ્વાન કર્યું છે. આ માટે સ્વચ્છતાનો આગ્રહ રોજિંદા જીવન નો ભાગ બનવો જરૂરી છે. તેમણે આધ્યાત્મિક ધરોહર ધરાવતા જૂનાગઢ શહેરમાં આવવાનું પોતાનું સૌભાગ્ય પણ માન્યું હતું. રાજ્યમંત્રીશ્રીની સાથે આ સફાઈ ઝુંબેશમાં શ્રી સંજયભાઈ કોરડીયા, શ્રી આકાશભાઈ કટારા,શ્રીમતી પલ્લવીબેન ઠાકર, શ્રી ગૌરવભાઈ રૂપારેલીયા, શ્રી કલ્પેશ અજવાણી, મનપા કમિશનરશ્રી આઈ.આર.વાળા, શ્રી કે.સી. વાઘેલા, વિનુભાઈ ચાંડીગરા, મિલનભાઈ ભટ્ટ, શ્રી ચાવડા સહિતના પદાધિકારીઓ અને અધિકારીઓ તથા સ્થાનિક કોર્પોરેટરશ્રીઓ જોડાયા હતાં.

## હબાય ટેકરી ખાતે મેપાદાદા અમૃતવાણી ગ્રુપનો ૨૧મો મહાયજ્ઞ પાટકોરી ભક્તિભાવપૂર્વક યોજાયો



જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

ભુજ તાલુકાના હબાય ટેકરી ખાતે તા. ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ શ્રી રામદેવજી મહારાજ મંદિર ખાતે મેપાદાદા અમૃતવાણી ગ્રુપ દ્વારા ૨૧મો મહાયજ્ઞ પાટકોરી ધાર્મિક શ્રદ્ધા અને ભક્તિભાવપૂર્વક યોજાયો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન મોટી સંખ્યામાં સંતો, ભક્તો અને શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા.ધાર્મિક પ્રસંગના પ્રારંભે સંતોના સામૈયા સહિત વિવિધ ધાર્મિક વિધિઓ યોજાઈ હતી. પાટકોરીમાં જેઠાભગત સાજોડિયા દ્વારા આસન પૂર્ણ કરવામાં આવ્યું હતું, જ્યારે કોટવાળની સેવા રાજાભાઈ મેરિયા (રખિયા) દ્વારા નિભાવવામાં આવી હતી. ત્યારબાદ મહા આરતી યોજાઈ હતી અને ઉપસ્થિત સંતો-ભક્તો માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે આરાધી વાણીના જાણીતા ભજન આરાધકોએ ભાવભેર ભજનોની રજૂઆત કરી હતી. જેમાં થાવર ભગત (હરિઓમ), ગોપાલ ભગત, રાજા રખિયા, નારણભાઈ સીજુ, પ્રેમજી ભગત, દાદુ ભગત, રામજી જેપાર સહિતના ભજન આરાધકોએ આરાધી વાણીની ભક્તિરસભરી રજૂઆત કરી ઉપસ્થિત ભક્તોને ભક્તિમય વાતાવરણમાં તરબોળ કર્યા હતા.આ ધાર્મિક પ્રસંગે મહંત શ્રી મેઘનાથ બાપુ (દત્ત મંદિર, સરલી), ખીમીબેન માતાજી (ગાંધીધામ), પાર્વતી નાથ માતાજી (ભીમપુરા), દામજી ભગત સહિતના સંતો-મહંતો ઉપસ્થિત રહ્યા હતા.સમગ્ર આયોજનમાં મહંત શ્રી દાદુભોપાજી, પ્રમુખ શ્રી ગંગદાસભાઈ કુવટ, મંત્રી શ્રી જેઠાલાલ મેરિયા, ખજાનચી શ્રી પચાણભાઈ ગંઢેર, ઓડિટર શ્રી જીવરાજભાઈ સીજુ, સલાહકાર શ્રી રામજીભાઈ કોચરા તથા સહ-સલાહકાર શ્રી ફકીરા ભગત સહિતના આગેવાનોની મહત્વની ભૂમિકા રહી હતી.મહાયજ્ઞ પાટકોરીને સફળ બનાવવા માટે દાદુભોપા, પચાણભાઈ ગંઢેર, જેઠાલાલભાઈ મેરિયા, જીવરાજભાઈ સીજુ સહિતના આગેવાનો, ગ્રુપના દાતાઓ, સભ્યો અને ભક્તોએ હાર્દિક સાથ-સહકાર આપી ભારે જહેમ ઉઠાવી હતી.સંતોના આશીર્વાદ, આરાધી વાણીના ભજનો અને ભક્તોની ઉપસ્થિતિથી હબાય ટેકરી ખાતે સમગ્ર દિવસ દરમિયાન ભક્તિમય માહોલ છવાયો હતો. મહાપ્રસાદ બાદ કાર્યક્રમનું ભાવપૂર્વક સમાપન થયું હતું.

## સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત કેશોદ એસ.ટી. ડેપો ખાતે આદર્શ નિવાસી શાળા કેશોદ દ્વારા રેલી અને નાટકનું આયોજન

નરેન્દ્ર દવે જૂનાગઢ




સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હસ્તકની આદર્શ નિવાસી શાળા, કેશોદ તથા એસ.ટી. ડેપો, કેશોદના સંયુક્ત ઉપક્રમે ' સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત અભિયાન' અંતર્ગત સ્વચ્છતા અને જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. 17 સપ્ટેમ્બરથી 17 ઓક્ટોબર દરમિયાન યોજાનારા વિવિધ કાર્યક્રમોના ભાગરૂપે આદર્શ નિવાસી શાળાના વિદ્યાર્થીઓ દ્વારા એસ.ટી. ડેપો સહિતના જાહેર સ્થળોને સ્વચ્છ રાખવા અંગે જનજાગૃતિ માટે રેલી, નાટક અને પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ નાટક દ્વારા સ્વચ્છતા જાળવવા, જાહેર સ્થળો એ કચરો ન ફેંકવા તથા સ્વચ્છતા પ્રત્યે સૌએ પોતાની જવાબદારી નિભાવવાની અપીલ કરી હતી.આ કાર્યક્રમમાં એસ.ટી. ડેપો મેનેજરશ્રી બી.જી.ભીલ, શાળાના આચાર્યશ્રી બી.એસ. ભાવસાર, વ્યાયામ શિક્ષક ડૉ.હમીરસિંહ વાળા, હીરાભાઈ મૂછાળ, એમ. ડી.દાહીમાં, પરેશભાઈ ચાવડા, દિનેશભાઈ તેમજ એસ.ટી. ડેપો કેશોદના સિદ્ધરાજસિંહ રાયજાદા, ટ્રાફિક ઈન્સ્પેક્ટર પ્રવીણભાઈ ડાંગર, સુરેશભાઈ ગરચર, દિલીપભાઈ પાઠક, કાનભાઈ અને રામભાઈ બકોત્રા સહિતના અધિકારીઓ, કર્મચારીઓ અને શાળા પરિવાર ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે ડૉ.હમીરસિંહ વાળા દ્વારા સ્વચ્છતાનું આ અભિયાન માત્ર એક દિવસ કે એક મહિના પૂરતું સીમિત ન રહે, પરંતુ વર્ષભર સતત ચાલે તેવું આહવાન કરવામાં આવ્યું હતું. તેમણે સ્વચ્છતા સાથે તંદુરસ્તીનો સીધો સંબંધ હોવાનું જણાવી સ્વચ્છ અને તંદુરસ્ત દેશના નિર્માણમાં સૌના સહયોગ માટે અપીલ કરી હતી. એસ.ટી. ડેપો કેશોદ દ્વારા પણ જાહેર સ્થળોની સ્વચ્છતા જાળવવામાં સૌને સહયોગ આપવા વિનંતી કરવામાં આવી હતી. શાળાના આચાર્ય બી. એસ. ભાવસાર દ્વારા વિદ્યાર્થીઓને સ્વચ્છતા અભિયાનમાં સક્રિય ભાગ લેવા અને આ મિશનને સફળ બનાવવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ સુંદર અને જનજાગૃતિસભર કાર્યક્રમ બદલ જિલ્લા નાયબ નિયામકશ્રી સી.પી.પવાર, આચાર્ય બી.એસ.ભાવસાર તથા મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીશ્રી એ.કે.રાઠોડ દ્વારા કાર્યક્રમ સાથે જોડાયેલા સૌને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## કેશોદની આંગણવાડીઓમાં 'આંગણ મિલન સેવા' યોજાઈ

નરેન્દ્ર દવે | જૂનાગઢ

કેશોદ શહેરની વિવિધ આંગણવાડી કેન્દ્રોમાં નગરપાલિકા તથા સંગઠનના કાર્યકરો દ્વારા સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત 'આંગણ મિલન સેવા' કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન આંગણવાડીના નાના બાળકોને ફળ, પૌષ્ટિક આહાર તથા ભેટસોગાદો આપી તેમના સુપોષણ અને સ્વસ્થ બાળપણ માટેનો સંદેશ આપવામાં આવ્યો હતો.આ ઉપરાંત સગર્ભા તથા ધાત્રી માતાઓ સાથે આરોગ્ય, પોષણ અને માતા-બાળક ની સંભાળ અંગે સંવાદ કરવામાં આવ્યો હતો. આંગણવાડી કાર્યકરો, બાળકો, માતાઓ તથા સ્થાનિક સમાજ વચ્ચે સકારાત્મક જોડાણ મજબૂત બને અને સમાજના વિવિધ વર્ગો આંગણવાડીના બાળકો તથા માતૃશક્તિના કલ્યાણ માટે સેવા-સહયોગ આપે તે હેતુથી આ પહેલ કરવામાં આવી હતી.

## ચાણસ્મા નગરના ઉગમણા દરવાજા બહાર આવેલ આંગણવાડીઓમાં આંગણ ઉત્સવ ઉજવાયો



નિતીન ઠાકર ચાણસ્મા

નાના ભુલકાંઓને પ્રોત્સાહન આપવાના ખાસ હેતુસર અને ધાત્રી માતાઓ તેમજ તરૂણીઓના શારીરીક વિકાશમાં પૌષ્ટિક ' ખોરાકના મહત્વની જાણકારી ઝુબેશ અંતર્ગત આંગણવાડીઓમાં આંગણ ઉત્સવનું રાજ્યભરની આંગણવાડીઓમાં કરાઈ રહ્યું છે ત્યારે ચાણસ્માના ઉગમણા દરવાજા બહાર આવેલી ઘટક ૧ અને ઘટક-ર તેમજ રેલવે સ્ટેશન રોડ પર આવેલી આંગણ ઉત્સવનું પાલિકા પ્રમુખ પ્રતિક્ષાબેન પટેલની ઉપસ્થિતીમાં આયોજન કરાવું હતું કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ ધાત્રી માતાઓ અને તરૂણીઓની શારીરીક વિકાશમાં પૌષ્ટિક ખોરાકનું મહત્વ અંગે માર્ગશન આપ્યું હતું આ પ્રસંગે પાલિકા પ્રમુખ પ્રતિક્ષાબેન પટેલ આઇસીડીએસ સુપરવાઈઝર દિપીકાબેન કૉર્પોરેટર શિલ્પાબેન આંગણવાડી કાર્યકરો ગૌરીબેન સારસ્વત ગીતાબેન આશાબેન વનિતાજી ભુલકાંઓ વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## નખત્રાણા બ્લોગર્સ દ્વારા "મિશન ઝીરો એક્સિડન્ટ કચ્છ"ની શરૂઆત
### 17 મે 2025થી રોડ સેફ્ટી જાગૃતિની સફર, સુરક્ષિત કચ્છ માટે જનજાગૃતિનો સંકલ્પ

કચ્છ: કચ્છમાં માર્ગ અકસ્માતો ઘટાડવા અને લોકોમાં રોડ સેફ્ટી અંગે જાગૃતિ વધારવાના હેતુથી નખત્રાણા બ્લોગર્સ દ્વારા "મિશન ઝીરો એક્સિડન્ટ કચ્છ"ની શરૂઆત કરવામાં આવી છે. નખત્રાણા બ્લોગર્સની શરૂઆતથી જ એટલે કે 17 મે 2025થી રોડ સેફ્ટી અને જનજાગૃતિ સાથે જોડાયેલા વિવિધ મુદ્દાઓને સોશિયલ મીડિયા મારફતે લોકો સુધી પહોંચાડવામાં આવી રહ્યા છે.નખત્રાણા બ્લોગર્સના સ્થાપકો જય અને વિશાલ દ્વારા શરૂ કરવામાં આવેલી આ સફરનો મુખ્ય ઉદ્દેશ કચ્છમાં લોકોમાં માર્ગ સુરક્ષા અંગે જાગૃતિ લાવવાનો છે. રોજિંદા જીવનમાં લેવામાં આવતા નાના-નાના સુરક્ષિત નિર્ણયો અકસ્માતના જોખમને ઘટાડવામાં મહત્વપૂર્ણ બની શકે છે.આ પહેલ અંતર્ગત લોકોને હેલ્મેટ પહેરવા, સીટ બેલ્ટનો યોગ્ય ઉપયોગ કરવા, ઓવરસ્પીડ ટાળવા, વાહન ચલાવતી વખતે મોબાઈલ ફોનનો ઉપયોગ ન કરવા અને ટ્રાફિક નિયમોનું પાલન કરવા અંગે સતત જાગૃત કરવામાં આવી રહ્યા છે. ખાસ કરીને હેલ્મેટ માત્ર સાથે રાખવાને બદલે માથા પર પહેરવું અને સીટ બેલ્ટ માત્ર વાહનમાં હોવાને બદલે




યોગ્ય રીતે બાંધવું – જેવી સામાન્ય બાબતો અંગે પણ સંદેશ આપવામાં આવી રહ્યો છે.આપણા આસપાસ અવારનવાર અકસ્માતોની ઘટનાઓ જોવા મળે છે. આવી સ્થિતિમાં અકસ્માત થયા બાદની પરિસ્થિતિ કરતાં અકસ્માત પહેલાં રાખવામાં આવતી સાવચેતી વધુ મહત્વપૂર્ણ બની શકે છે. એક વ્યક્તિ પોતાની ડ્રાઈવિંગની આદતમાં સુરક્ષાને સ્થાન આપે અને પોતાની આસપાસના લોકોને પણ જાગૃત કરે, તો જાગૃતિનો સંદેશ વધુ લોકો સુધી પહોંચી શકે છે.રોડ સેફ્ટીનો અર્થ માત્ર પોતે સુરક્ષિત રહેવું નથી. રસ્તા પર કોઈ વ્યક્તિ અકસ્માતનો ભોગ બને ત્યારે શક્ય હોય ત્યાં સુધી અને પોતાની સલામતી જાળવીને મદદ માટે આગળ આવવું પણ માનવતાનો મહત્વપૂર્ણ ભાગ છે. અકસ્માતગ્રસ્ત વ્યક્તિને સમયસર તબીબી સહાય મળે તે માટે નજીકની હોસ્પિટલ અથવા જરૂરી તબીબી સેવાઓ સુધી પહોંચાડવામાં મદદ કરવી જીવન બચાવવામાં મહત્વપૂર્ણ બની શકે છે."મિશન ઝીરો એક્સિડન્ટ કચ્છ" નો સંકલ્પ માત્ર એક સોશિયલ મીડિયા અભિયાન પૂરતો મર્યાદિત નથી. આ એક એવી જાગૃતિની સફર છે, જેમાં એક વ્યક્તિથી બીજી વ્યક્તિ સુધી રોડ સેફ્ટીનો સંદેશ પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. એક વ્યક્તિ હેલ્મેટ પહેરે, બીજાને પણ પહેરવા સમજાવે; કોઈ ઓવરસ્પીડ ટાળે અને પોતાના પરિવારને પણ સમજાવે – આ રીતે નાની શરૂઆત મોટી જાગૃતિનું સ્વરૂપ લઈ શકે છે.2001ના ભૂકંપ બાદ કચ્છે ભારે મુશ્કેલીમાંથી બહાર આવીને ફરી પોતાની ઓળખ ઊભી કરી હતી. જો કચ્છ આટલી મોટી આપત્તિમાંથી બહાર આવીને ફરી ઊભું થઈ શકે છે, તો રોડ સેફ્ટીના ક્ષેત્રમાં પણ કચ્છ જાગૃતિની નવી મિસાલ ઊભી કરી શકે છે. કચ્છમાંથી એવી જાગૃતિ ઊભી થાય કે લોકો અહીંથી પ્રેરણા લઈને સમગ્ર ભારતમાં રોડ સેફ્ટીને પોતાની જવાબદારી માને – આ સફર એક વ્યક્તિની નહીં, દરેક વ્યક્તિની છે.17 મે 2025થી શરૂ થયેલી નખત્રાણા બ્લોગર્સની આ સફરનો સંકલ્પ છે કે કચ્છમાં રોડ સેફ્ટી અંગે સતત જાગૃતિ ફેલાય અને દરેક વ્યક્તિ રસ્તા પર પોતાની તથા અન્ય લોકોની સુરક્ષાને મહત્વ આપે.હવે તમારી વારી છેહેલ્મેટ પહેરો.સીટ બેલ્ટ બાંધો.ઓવરસ્પીડ ટાળો.ડ્રાઈવિંગ દરમિયાન મોબાઈલથી દૂર રહો.ટ્રાફિક નિયમોનું પાલન કરો. અકસ્માતમાં કોઈ ઘાયલ થાય તો સુરક્ષિત રીતે મદદ માટે આગળ આવો.

## મુજપુર પ્રાથમિક કન્યા શાળામાં યોજાયો 'સશસ્ત્ર દળ સન્માન' જેવો સાંસ્કૃતિક અને ઐતિહાસિક મહોત્સવ



તારીખ 30/09/2026 ના રોજ મુજપુર , મુજપુર ગામ પ્રાથમિક કન્યા શાળામાં શ્રી જય ભોલે ભવાઈ કલા મંડળ, તુરી અણદાભાઈ ચેહાભાઈ , ગામ પંચાસર, તાલુકો શંખેશ્વર, જિલ્લા પાટણ, ગુજરાત દ્વારા ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી "અનુસૂચિત જાતિની વારસાગત સાંસ્કૃતિક કલા યોજના" અંતર્ગત ઐતિહાસિક નાટક રજૂ કરવામાં આવ્યું હતું.આ ઉપરાંત "રાષ્ટ્રીય પોષણ માહ 2026" અંતર્ગત મુજપુર પ્રાથમિક કન્યા શાળામાં તેમના મંડળ દ્વારા સાથી કલાકારો સાથે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, "ગમત સાથે જ્ઞાન" તથા "નાગમતી નાગવાળો" ઐતિહાસિક નાટક રજૂ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દ્વારા ઉપસ્થિત બાળકો તથા નાગરિકોને મનોરંજન સાથે સાંસ્કૃતિક જ્ઞાન પૂરું પાડવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં સાથી કલાકારો સાથે વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી.

# ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સે નાણાકીય વર્ષ 2027ના બીજા ત્રિમાસિકમાં કુલ 201,723 યુનિટ્સનું વેચાણ નોંધાવ્યું

(એજન્સી) મુંબઈ । તા. 01




ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સ લિમિટેડે નાણાકીય વર્ષ 2027ના બીજા ત્રિમાસિક ગાળામાં સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારોમાં 2,01,723 યુનિટનું વેચાણ નોંધાવ્યું છે, જે નાણાકીય વર્ષ 2026ના બીજા ત્રિમાસિકના 1,44,397 યુનિટની સરખામણીએ 40%નો મજબૂત વાર્ષિક વૃદ્ધિદર દર્શાવે છે.ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સ લિમિટેડની પેટાકંપની, ટાટા પેસેન્જર ઈલેક્ટ્રિક મોબિલિટી લિમિટેડના વેચાણનો સમાવેશ થાય છે.ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સ લિમિટેડના એમડી અને સીઈઓ શ્રી શૈલેષ ચંદ્રાએ જણાવ્યું, "નાણાકીય વર્ષ 2027ના બીજા ત્રિમાસિકમાં, સિઝનની દ્રષ્ટિએ આ ગાળો પ્રમાણમાં ધીમો હોવા છતાં, પેસેન્જર વ્હીકલની માંગમાં જીએસટી 2.0 બાદ જોવા મળેલી મજબૂત ગતિ જળવાઈ રહી હતી. ગ્રીનર પાવરટ્રેન્સના વધતા ઉપયોગને કારણે વાહનોના વેચાણના આંકડામાં વાર્ષિક ધોરણે લગભગ 24%નો વધારો જોવા મળ્યો છે, જે આગામી તહેવારોની મોસમ માટે આશાસ્પદ સંકેત છે.ટાટા મોટર્સના પેસેન્જર વ્હીકલ્સ માટે, નાણાકીય વર્ષ 2027નું બીજું ત્રિમાસિક અત્યાર સુધીનું શ્રેષ્ઠ ત્રિમાસિક રહ્યું છે; જેમાં 2,01,723 યુનિટ્સનું વેચાણ અને વાર્ષિક ધોરણે 40%નો વૃદ્ધિદર નોંધાયો છે, જે ઉદ્યોગના સરેરાશ વૃદ્ધિદર કરતાં વધુ છે. સપ્ટેમ્બર મહિનામાં 70,000 યુનિટ્સના વેચાણનો સીમાચિહ્નરૂપ આંકડો પાર કરીને અમે આ ત્રિમાસિકનું મજબૂત સમાપન કર્યું છે અને તહેવારોની મોસમમાં પ્રવેશતી વખતે આ ગતિ જાળવી રાખવા માટે ઉત્સુક છીએ. અમારા ગ્રીનર પાવરટ્રેન પોર્ટફોલિયોએ નોંધપાત્ર વૃદ્ધિનું પ્રેરકબળ જાળવી રાખ્યું. ઈવીએ 47,000થી વધુ યુનિટનું તેમનું અત્યાર સુધીનું સૌથી વધુ ત્રિમાસિક વેચાણ નોંધાવ્યું, જે વાર્ષિક ધોરણે 90% વધ્યું, અમારા પોર્ટફોલિયોમાં ઈવી પ્રવેશ ઝડપથી વધીને 23% થયો, જે ઉદ્યોગ માટે લગભગ 8% હતો. સીએનજીએ તેનું અત્યાર સુધીનું સૌથી વધુ ત્રિમાસિક વેચાણ પણ પૂરૂં પાડ્યું અને અમારા વોલ્યુમમાં 28% હિસ્સો આપ્યો. સાથે મળીને, ઈવી અને સીએનજી હવે અમારા વેચાણમાં 51% ફાળો આપે છે, જે ગ્રીનર મોબિલિટી તરફ ગ્રાહક પસંદગીમાં ઝડપી પરિવર્તનને દર્શાવે છે.

# માર્સેલસ ઈન્વેસ્ટમેન્ટ મેનેજર્સને મ્યુચ્યુઅલ ફંડ વ્યવસાય શરૂ કરવા સેબીની અંતિમ મંજૂરી મળી

(એજન્સી) મુંબઈ । તા. 01

માર્સેલસ ઈન્વેસ્ટમેન્ટ મેનેજર્સે આજે જાહેરાત કરી હતી કે, કંપનીને ભારતમાં એનો મ્યુચ્યુઅલ ફંડ વ્યવસાય શરૂ કરવા સીક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) પાસેથી અંતિમ મંજૂરી મળી ગઈ છે. આ મંજૂરી કંપની માટે મોટાં વિસ્તરણનો સંકેત છે, જેથી માર્સેલસ પોતાની સંશોધન-આધારિત, લાંબા ગાળાની રીતોને પોતાના હાલના પોર્ટફોલિયો મેનેજમેન્ટ સર્વિસીસ (PMS) અને ઑલ્ટરનેટિવ ઈન્વેસ્ટમેન્ટ ફંડ (AIF) ઓફરને આગળ વધારી શકશે તથા એને ભારતીય રોકાણકારોના એક મોટા વર્ગ સુધી પહોંચાડી શકશે.આ અંતિમ મંજૂરી 2018માં કંપનીની સ્થાપના પછી એના વિકાસના આગામી તબક્કાને દર્શાવે છે. મ્યુચ્યુઅલ ફંડ પ્લેટફોર્મ માર્સેલસને ભારતમાં ઝડપથી વૃદ્ધિ કરતી મ્યુચ્યુઅલ ફંડ ઈકોસિસ્ટમમાં શામેલ થવા તથા નિયમનકારક અને સરળ માળખાગત રચનાના માધ્યમથી ઘરગથ્થુ બચતના એક મોટા હિસ્સા સુધી પહોંચવામાં મદદ કરશે.જ્યારે ભારતીય કુટુંબો મ્યુચ્યુઅલ ફંડ અને સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (SIPs) મારફતે નાણાકીય બજારોમાં ઝડપથી શામેલ થઈ રહ્યાં છે, ત્યારે અમે આ પગલું ભર્યું છે. જોકે, છેલ્લાં અમુક વર્ષોમાં મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગ બહુ આગળ વધ્યો છે, પરંતુ ભારતની જીડીપીના પ્રમાણમાં મ્યુચ્યુઅલ ફંડ એસેટ્સ અનેક વિકસિત બજારોની સરખામણીમાં ઓછી છે, જે બજાર સાથે સંબંધિત બચત અને રોકાણમાં વધારે ભાગીદારી માટે લાંબા ગાળાની તક તરફ ઈશારો કરે છે.આ વિશે માર્સેલસ મ્યુચ્યુઅલ ફંડના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ પ્રમોદ ગુબ્બીએ કહ્યું હતું : 'અમે અમારી પર ભરોસો કરવા માટે સેબીના આભારી છીએ. અમારું ધ્યાન હવે એક એવું ફંડ હાઉસ બનવા પર કેન્દ્રિત છે, જે રોકાણકારોને પ્રાથમિકતા આપે, જેમાં શિસ્તબદ્ધ પ્રક્રિયાઓ, સ્પષ્ટ સંચાર અને અમલ પર ધ્યાન કેન્દ્રિત હોય. અમે એવા ઉત્પાદનો બનાવવા અને લોંચ કરવા માટે સમય લઈશું, જે અમારા રોકાણની ફિલોસોફીને અનુરૂપ હોય તથા અમે રોકાણકારોની એક નવી પેઢીનો વિશ્વાસ સંપાદિત કરવા આતુર છીએ.'માર્સેલસ ઈન્વેસ્ટમેન્ટ મેનેજર્સના ચીફ ઈન્વેસ્ટમેન્ટ ઓફિસર સૌરભ મુખર્જીયાએ કહ્યું હતું : 'સેબીની અંતિમ મંજૂરી મળવી માર્સેલસમાં તમામ માટે ગર્વની ક્ષણ છે. અમારો ઉદ્દેશ ઘરગથ્થુ બચતને મૂડીની સારી ફાળણી કરતી અને રોકાણકારોને લાંબા ગાળામાં આ વ્યવસાયોમાં ઊભી થયેલી સંપત્તિમાં ભાગ મેળવવા સક્ષમ બનાવતી કંપનીઓ તરફ વાળવામાં મદદ કરવાનો છે. મ્યુચ્યુઅલ ફંડનું માળખું અમને એક એવા સ્વરૂપથી બહુ મોટા પાયે આ ઉદ્દેશને પૂર્ણ કરવાની છૂટ આપે છે, જે પારદર્શક, નિયમનકારક અને સુલભ છે.'વર્ષ 2018માં સ્થાપિત માર્સેલસ ઈન્વેસ્ટમેન્ટ મેનેજર્સે પોતાની રોકાણની ફિલોસોફી એ વિચાર પર બનાવી છે કે, લાંબા ગાળે સંપત્તિનું સર્જન કરવાની શરૂઆત ગુણવત્તાયુક્ત કંપનીઓમાં રોકાણ કરવાથી થાય છે. એની રોકાણની પ્રક્રિયા કંપનીના ફાઈનાન્શિયલ સ્ટેટમેન્ટ અને વહીવટી રીતોના બારીક, ફોરેન્સિક વિશ્લેષણથી શરૂ થાય છે. ત્યાર બાદ કંપનીના તુલનાત્મક ફાયદા, મૂડીની ફાળવણીના ટ્રેક રેકોર્ડ અને લાંબા ગાળા સુધી વ્યવસાયિક કામગીરી જાળવવાની ક્ષમતાનું મૂલ્યાંકન થાય છે.કંપનીનો અભિગમ મજબૂત ફંડામેન્ટલ અને વિશ્વાસપાત્ર વહીવટ ધરાવતી તથા લાંબા ગાળાના રોકાણના દ્રષ્ટિકોણ અને પોર્ટફોલિયોના ઓછા ચર્નિંગ સાથે કેન્દ્રિત પોર્ટફોલિયો બનાવવાનો છે. સંશોધન પર આધારિત આ રીત માર્સેલસના PMS અને AIF વ્યવસાયોમાં રોકાણની ઓફરનો પાયો છે.પોતાનો મ્યુચ્યુઅલ ફંડ વ્યવસાય શરૂ કરવાની સાથે માર્સેલસ રોકાણની આ ફિલોસોફીને વધારે રોકાણકારો સુધી પહોંચાડવાનો પ્રયાસ કરશે તેમજ સાથે સાથે, સંશોધનમાં શિસ્ત, ફોરેન્સિક અભિગમ અને લાંબા ગાળાના દ્રષ્ટિકોણને જાળવી રાખશે, જેનાથી શરૂઆતથી જ કંપનીની ઓળખ ઊભી થઈ છે.

# યશ હાઈવોલ્ટેજે અમેરિકન માર્કેટમાં હાજરી વધારી: કારોબારનું 19થી વધારીને 22 રાજ્યો સુધી વિસ્તરણ

(એજન્સી) વડોદરા । તા. 01

વીજ ઉત્પાદન અને ટ્રાન્સમિશન ક્ષેત્ર માટે કન્ડેન્સર ગ્રેડેડ ટ્રાન્સફોર્મર બુશિંગ્સ બનાવતી દેશની અગ્રણી કંપની યશ હાઈવોલ્ટેજ લિમિટેડ ("યશ®" અથવા "કંપની")ની પેટાકંપની, યશ એચવી યુએસએ ઈંક. એ 29 સપ્ટેમ્બર, 2026થી અમલી બને તે રીતે ગેટવે પાવર સેલ્સ સાથે 36 મહિનાનો રિપ્રેઝન્ટેશન કરાર કર્યો હોવાની જાહેરાત કરી છે. જેમાં અમેરિકાના મધ્યપશ્ચિમ ક્ષેત્રના વધુ ત્રણ રાજ્યોને આવરી લેવાયાં છે. આ કરાર હેઠળ, ગેટવે પાવર સેલ્સ તેને સોંપાયેલા ક્ષેત્રોમાં યશ હાઈવોલ્ટેજની પ્રોડક્ટ્સનું પ્રમોશન, માર્કેટિંગ, જાગરુકતા અને વેચાણ વધારવામાં મદદ કરશે. આ ઉપરાંત, સ્થાનિક ગ્રાહકો સુધી પહોંચવા, પ્રોડક્ટનો પ્રચાર કરવા, પાવર યુટિલિટીઝ પાસેથી જરૂરી મંજૂરીઓ મેળવવા અને પ્રોડક્ટ ટેસ્ટિંગ/સર્ટિફિકેશન પ્રક્રિયા પૂરી કરવામાં પણ સહાય પૂરી પાડશે. આ કરાર અમેરિકામાં યશ એચવી યુએસએ ઈંક.ના વર્તમાન નેટવર્કને આગળ ધપાવે છે, જેમાં એન્સેલ્સ ઈલેક્ટ્રિકલ એસોસિએટ્સ, ઈંક.નો પણ સમાવેશ થાય છે. આ કંપનીને ચાલુ મહિનાની શરૂઆતમાં જ અમેરિકના 19 રાજ્યોમાં વેચાણ વિકાસ, યુટિલિટી હોમોલોગેશન અને જરૂરી મંજૂરીઓ મેળવવા માટે નિમવામાં આવી હતી. ગેટવે પાવર સેલ્સ સાથે જોડાયા બાદ, અમેરિકામાં યશ હાઈવોલ્ટેજનો કારોબાર હવે 19ને બદલે 22 રાજ્યો સુધી પહોંચી ગયો છે. અમેરિકાના પાવર સેક્ટરમાં 3,000થી વધુ પાવર યુટિલિટી કંપનીઓ સક્રિય છે. આ વ્યાપક અને વિવિધતાથી ભરેલા બજારમાં કામગીરીનું વિસ્તરણ કરવા માટે યશ એચવી યુએસએ એ સ્થાનિક અને અનુભવી અમેરિકન એનર્જી કંપનીઓ સાથે કરાર કર્યા છે, જેઓ માર્કેટમાં બહોળો અનુભવ, ટેકનિકલ નોલેજ અને ગ્રીડ જરૂરિયાતોની સ્પષ્ટ સમજ ધરાવે છે. આ ટીમો યશ હાઈવોલ્ટેજની પ્રોડક્ટ્સને સ્થાનિક સર્ટિફિકેશન અને મંજૂરીઓ અપાવવામાં મદદ કરે છે, જેથી સંબંધિત પ્રદેશોના અલગ-અલગ પ્રોજેક્ટ્સમાં કંપનીના ઈક્વિપમેન્ટનો ઉપયોગ થઈ શકે. આ કરાર હેઠળ આવરી લેવાયેલી પ્રોડક્ટ્સમાં 25,000 Amps સુધીના એલવી હાઈ કરંટ બુશિંગ્સ, 245 kV સુધીના OIP કન્ડેન્સર બુશિંગ્સ, અને 230 kV સુધીના RIP તથા RIS કન્ડેન્સર બુશિંગ્સનો સમાવેશ થાય છે. આ તમામ પ્રોડક્ટ્સ 2027થી સપ્લાય માટે બજારમાં ઉપલબ્ધ બનશે.

# આઈનોક્સ એર પ્રોડક્ટ્સે આઈપીઓ માટે સેબીમાં DRHP ફાઈલ કર્યું, 7.72 કરોડ ઈક્વિટી શેર્સનો ઓફર ફોર સેલ

(એજન્સી) મુંબઈ । તા. 01

ઈન્ટિગ્રેટેડ ઈન્ડસ્ટ્રીયલ, મેડિકલ, ઈલેક્ટ્રોનિક અને સ્પેશિયાલિટી ગેસ કંપની આઈનોક્સ એર પ્રોડક્ટ્સ લિમિટેડે તેના પ્રસ્તાવિત જાહેર ભરણા (આઈપીઓ) માટે સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા સાથે તેનું ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (ડીઆરએચપી) ફાઈલ કર્યું છે. પ્રસ્તાવિત આઈપીઓમાં વર્તમાન સેલિંગ શેરહોલ્ડર્સ દ્વારા પ્રતિ શેર રૂ. 1ની મૂળ કિંમતના 77,156,663 ઈક્વિટી શેર્સનો ઓફર ફોર સેલ (ઓએફએસ) સામેલ છે. સેલિંગ શેરહોલ્ડર્સમાં પ્રોડેયર કોર્પોરેશન, આઈનોક્સ કેમિકલ્સ એલએલપી, સિદ્ધો મલ ટ્રેડિંગ એલએલપી, સિદ્ધોમલ એર પ્રોડક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ અને સીતાશ્રી ટ્રેડિંગ એન્ડ ફાઈનાન્સ પ્રાઈવેટ લિમિટેડ સામેલ છે.વર્ષ 1963માં સ્થાપિત આઈનોક્સ એર પ્રોડક્ટ્સ ત્રણ બિઝનેસ વર્ટિકલ્સ - ઓન-સાઈ, મર્ચન્ટ અને પેકેજ્ડ એન્ડ સ્પેશિયાલિટી ગેસ દ્વારા ઈન્ડસ્ટ્રીયલ ગેસ વેલ્યુ ચેઈનમાં કાર્યરત છે. કંપની ઓક્સિજન, નાઈટ્રોજન, આર્ગોન, હાઈડ્રોજન, કાર્બન ડાયોક્સાઈડ, એસિટિલીન, હિલિયમ, સિલેન, એમોનિયા અને નાઈટ્રસ ઓક્સાઈડ તેમજ મેડિકલ ઓક્સિજન, વેલ્ડિંગ મિક્ષચર્સ અને સ્પેશિયાલિટી ગેસ મિક્ષચર્સનો વિશાળ પોર્ટફોલિયો ઓફર કરે છે. તેની પ્રોડક્ટ્સનો ઉપયોગ સ્ટીલ, ઓઈલ અને ગેસ, કેમિકલ્સ, હેલ્થકેર અને ફાર્માસ્યુટિકલ્સ, ઈલેક્ટ્રોનિક્સ અને સેમિકંડક્ટર્સ, સોલર, ગ્લાસ, ઓટોમોટિવ અને અન્ય ઉત્પાદન ક્ષેત્રોમાં થાય છે. ડીઆરએચપીમાં ઉલ્લેખ કરાયેલાં ક્રિસિલ રિપોર્ટ મૂજબ આઈનોક્સ એર પ્રોડક્ટ્સ નાણાકીય વર્ષ 2026માં આવકની દ્રષ્ટિએ ભારતમાં 22.4 ટકા બજાર હિસ્સો ધરાવે છે તેમજ આવકની દ્રષ્ટિએ ભારતમાં સૌથી મોટી ઈન્ટિગ્રેટેડ ઈન્ડસ્ટ્રીયલ, મેડિકલ, ઈલેક્ટ્રોનિક અને સ્પેશિયાલિટી ગેસ કંપની હતી.કંપનીએ 31 માર્ચ, 2026 સુધીમાં 3,000થી વધુ ગ્રાહકોને સેવા આપી છે તથા કામગીરીમાંથી આવકને જોતાં તેના ટોચના 10 ગ્રાહકો સાથે સરેરાશ સંબંધ 15.90 વર્ષ રહ્યાં છે.31 માર્ચ, 2026 સુધીમાં કંપની 15 રાજ્યો અને 1 કેન્દ્રશાસિત પ્રદેશમાં 57 કેન્દ્રો ઉપર કાર્યરત છે તેમજ વર્તમાન ઓન-સાઈટ ગેસ ક્ષમતા 16,074 ટન પર ડે (ડીપીડી) અને મર્ચન્ટ લિક્વિડ ગેસ ઉત્પાદન ક્ષમતા 5,106 ટીપીડી છે. આગામી ક્ષમતાઓને સામેલ કરતાં ઓન-સાઈટ ગેસની ક્ષમતા 20,388 ટીપીડી અને મર્ચન્ટ લિક્વિડ ગેસ ક્ષમતા 6,027 થવાનો અંદાજ છે.આ ઉપરાંત કંપની 739 ક્રાયોજેનિક ટેન્કર્સની ફ્લીટનું પણ સંચાલન કરે છે તેમજ પેકેજ્ડ અને સ્પેશિયાલિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન માટે અંદાજે 140,000 સિલિન્ડર્સની જાળવણી કરે છે.

# ઓક્ટોબરના પહેલા જ દિવસે શેરબજાર કડડભૂસ, સેન્સેક્સ 950 પોઈન્ટ તૂટ્યો, નિફ્ટીમાં 319 પોઈન્ટનું ગાબડું

ભારતીય શેરબજારમાં રોકાણકારો માટે કાળો દિવસ સાબિત થયો હતો. ગુરુવારે બપોરે 1 વાગ્યા બાદ અચાનક આવેલી વેચવાલીના કારણે સેન્સેક્સ 950 પોઈન્ટથી વધુ અને નિફ્ટી 319 પોઈન્ટ તૂટી પડ્યા હતા. ઓટો ક્ષેત્રના શેરોમાં સૌથી વધુ 3% થી વધુનું ગાબડું નોંધાયું હતું. વિદેશી રોકાણકારોની વેચવાલી અને રૂપિયાના ધોવાણને કારણે આ કડાકો બોલાયો હતો.

(એજન્સી) મુંબઈ । તા. 01

ભારતીય શેરબજારમાં ગત મહિનાના છેલ્લા વીક અને હવે ઓક્ટોબર મહિનાના પ્રથમ કારોબારી દિવસે જ રોકાણકારો માટે કાળો દિવસ સાબિત થયો છે. ગુરુવારે બપોરે 1 વાગ્યાના સુમારે શેરબજારમાં અચાનક આવેલી જોરદાર વેચવાલીના કારણે સેન્સેક્સ અને નિફ્ટી બંને ઈન્ડેક્સ પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગયા હતા.બોમ્બ સ્ટોક એક્સચેન્જ (BSE) નો સેન્સેક્સ 950 પોઈન્ટથી વધુનો મસમોટો ગોથો ખાઈ ગયો હતો, જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) નો નિફ્ટી પણ 319 પોઈન્ટ તૂટી પડ્યો હતો. ઓટો ક્ષેત્રના શેરોમાં સૌથી વધુ 3% થી વધુનું ગાબડું નોંધાયું હતું. બજારની શરૂઆતથી જ સુસ્ત માહોલ જોવા મળ્યો હતો, પરંતુ બપોરે 1 વાગ્યા પછી અચાનક ચોમેર વેચવાલીનું બુલડોઝર ફરી વળ્યું હતું.



અગાઉના બંધ 72,480 ની સરખામણીએ ગાબડા સાથે 72,192 ના મથાળે ખૂલ્યો હતો. બપોર સુધીમાં તે ગગડીને સીધો 71,527 ની નીચલી સપાટીએ પહોંચી ગયો હતો, એટલે કે તેમાં 950 પોઈન્ટથી વધુનો કડાકો બોલાઈ ગયો હતો.NSE Nifty: અગાઉના 22,620 ના બંધ સામે 22,543 પર ખૂલ્યા બાદ સેન્સેક્સની સાથે જ ગગડીને 22,301 ના સ્તરે પહોંચી ગયો હતો. બજારમાં સર્જાયેલી આ સુનામીમાં મોટા ગજાના તમામ શેર્સમાં કડાકો બોલાઈ ગયો હતો. લાર્જકેપ સેગમેન્ટમાં Maruti (4.45%), M&M (4.35%), Tata Steel (3.70%), ITC (2.90%), Adani Ports (2.74%), BEL (2.70%), Eternal (2.50%) અને HUL (2.45%) સુધી તૂટ્યા હતા. મિડકેપમાં Policy Bazar નો શેર 6.50% અને UPL 4.07% ગગડ્યો હતો. સ્મોલકેપમાં Sansera નો શેર 6.80% ના ભારે નુકસાન સાથે ટ્રેડ થઈ રહ્યો હતો. માત્ર 30 સપ્ટેમ્બરના રોજ જ વિદેશી ફંડોએ 10,000 કરોડ રૂપિયાથી વધુની રોકડી કરી લીધી હતી.



# બચ્ચન KBCના સેટ પર લપસી ગયા

## ડાબા ઘૂંટણમાં ઈજા થઈ, ઊભા થવામાં મુશ્કેલી; બિગ બીએ આપ્યું હેલ્થ અપડેટ



(એજન્સી) મુંબઈ | તા.01

અમિતાભ બચ્ચન 'કોન બનેગા કરોડપતિ 18'ના સેટ પર લપસી ગયા. તેના કારણે તેમના ડાબા ઘૂંટણમાં ઈજા થઈ છે. તાજેતરના એપિસોડમાં અમિતાભ બચ્ચને આ અકસ્માતની જાણકારી આપી.

અમિતાભ સામાન્ય રીતે શોની શરૂઆત વિંગ્સમાંથી દોડતા-દોડતા આવીને અને સ્ટેજના મધ્યમાં ઊભા રહીને પોતાના મોનોલોગથી કરે છે. જોકે, પગમાં દુખાવાને કારણે તેમણે આ વખતે બેસીને એપિસોડની શરૂઆત કરી. તેમણે દર્શકોને કહ્યું કે, ઈજા ગંભીર નથી અને તેઓ કન્ટેસ્ટન્ટ્સ સાથે ઊભા રહીને જ ગેમ હોસ્ટ કરશે.

અમિતાભ બચ્ચને શોની શરૂઆતમાં જ પોતાના ચાહકો અને દર્શકોને આ ઘટના વિશે જણાવ્યું. તેમણે પોતાના ડાબા ઘૂંટણ તરફ ઈશારો કરતાં કહ્યું કે, ગઈકાલે શૂટિંગ દરમિયાન તેમનો પગ લપસી ગયો હતો. તેમણે કહ્યું કે, સામાન્ય રીતે તેઓ સેન્ટરમાં ઊભા રહીને પોતાની વાત રજૂ કરે છે, પરંતુ આજે ઊભા રહેવામાં થોડી તકલીફ થઈ રહી છે.

વાસ્તવમાં, બે અઠવાડિયા પહેલાં અમિતાભ બચ્ચને પોતાના બ્લોગમાં 'ટાઈમ ટુ રિટાયર' શબ્દનો ઉલ્લેખ કર્યો હતો. બિગ બીએ અડધી રાત્રે કરેલી આ પોસ્ટને લઈને ચાહકો ચિંતામાં મૂકાયા હતા. કેટલાક લોકોએ આ પોસ્ટને અમિતાભ બચ્ચનની નિવૃત્તિની પોસ્ટ પણ ગણાવી દીધી હતી. જોકે, ચર્ચા વધતાં બિગ બીએ સ્પષ્ટતા કરી હતી કે, તેમનો અર્થ સૂવા જવાનો હતો, ન કે કામમાંથી નિવૃત્ત થવાનો. નોંધનીય છે કે, ગયા વર્ષે 'બિગ બી'એ પોતાના બ્લોગમાં વધતી ઉંમરના પડકારો વિશે વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, કેવી રીતે સરળ કામ કરવા માટે વધુ પ્રયત્નો કરવા પડે છે.

તેમણે લખ્યું હતું- 'પહેલા મને લાગતું હતું કે જૂની આદતો સરળતાથી ફરી શરૂ કરી શકાય છે, પરંતુ હવે સમજાયું છે કે, એક દિવસનો બ્રેક પણ લાંબા સમય સુધી અસર કરે છે. બસ એક દિવસનો ગેપ અને દુખાવો તથા ગતિશીલતા ખૂબ લાંબી સફર પર નીકળી જાય છે.' 'આ આશ્ચર્યજનક છે કે પહેલા તે સામાન્ય ક્રિયાઓ હતી પરંતુ હવે તે કરવા પહેલા મગજને વિચારવું પડે છે..સામાન્ય કામપેન્ટ પહેરવું...

ડોક્ટર સલાહ આપે છે કે કૃપા કરીને મિસ્ટર બચ્ચન, બેસી જાઓ અને તેને પહેરી લો. તેને પહેરતી વખતે ઊભા રહેવાનો પ્રયાસ ન કરો, તમે સંતુલન ગુમાવી શકો છો અને પડી શકો છો.' 'કોન બનેગા કરોડપતિ'ની 18મી સિઝન દર્શકોમાં ખૂબ લોકપ્રિય છે. અમિતાભ બચ્ચન વર્ષ 2000થી આ ક્વિઝ શોને હોસ્ટ કરતા આવ્યા છે. માત્ર ત્રીજી સિઝનને બાદ કરતા, જેને શાહરુખ ખાને હોસ્ટ કરી હતી, બાકીની તમામ સિઝનમાં અમિતાભ જ શોનો મુખ્ય ચહેરો રહ્યા છે. 83 વર્ષથી વધુ ઉંમરે પણ તેમની ફિટનેસ અને કામ પ્રત્યેના સમર્પણની લોકો પ્રશંસા કરે છે. એક્સ-રે કરવામાં આવ્યો, પરંતુ હજી પણ સાચું કારણ જાણી શકાયું નહોતું. અનેક ટેસ્ટ કરવામાં આવ્યા, પરંતુ જ્યારે ઈજા વિશે જ ખબર ન પડી તો સારવાર કેવી રીતે થઈ શકે? ત્રીજા દિવસે જ્યારે દુખાવો અસહ્ય થઈ ગયો ત્યારે ડૉક્ટરોએ ફરીથી એક્સ-રે કરીને તેની બારીકીથી તપાસ કરી.

### બિગ બીનું 75% લિવર ખરાબ

83 વર્ષના બિગ બી ફક્ત 25% લિaતેમને ક્લિનિકલી મૃત જાહેર કરી દીધા હતા.

26 જુલાઈ 1982ના રોજ અમિતાભ બચ્ચન ફિલ્મ 'કૂલી' માટે એક એક્શન સીનનું શૂટિંગ કરી રહ્યા હતા. સીનની માંગ મુજબ પુનીત ઈસ્સરને અમિતાભને મુક્કો મારવાનો હતો અને તેમને ટેબલ પર જઈને પડવાનું હતું. આ કામ બોડી ડબલનું હતું, પરંતુ પરફેક્શન માટે અમિતાભે પોતે આ સીન શૂટ કર્યો. મુક્કો જોરથી વાગ્યો, જેના કારણે ટેબલનો એક ખૂણો અમિતાભના પેટ પર વાગ્યો. લોહી નહોતું નીકળ્યું, પરંતુ દુખાવાથી બિગ બીની હાલત ખરાબ થઈ ગઈ હતી. તેઓ હોસ્પિટલ ગયા, પરંતુ ડૉક્ટરો પણ સાચું કારણ સમજી શક્યા નહીં. પેઈનકિલરના સહારે બિગ બીએ બે દિવસ પસાર કર્યા, પરંતુ જ્યારે દુખાવો બંધ ન થયો ત્યારે તેમને ફરી બેંગલુરુની સેન્ટ ફિલોમેના હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા.

એક્સ-રે કરવામાં આવ્યો, પરંતુ હજી પણ સાચું કારણ જાણી શકાયું નહોતું. અનેક ટેસ્ટ કરવામાં આવ્યા, પરંતુ જ્યારે ઈજા વિશે જ ખબર ન પડી તો સારવાર કેવી રીતે થઈ શકે? ત્રીજા દિવસે જ્યારે દુખાવો અસહ્ય થઈ ગયો ત્યારે ડૉક્ટરોએ ફરીથી એક્સ-રે કરીને તેની બારીકીથી તપાસ કરી. જોવા મળ્યું કે એક્સ-રેમાં ડાયાફ્રામની નીચે ગેસ દેખાઈ રહી હતી, જે લીકેજનો સંકેત હતો. હકીકતમાં ઈજાને કારણે અમિતાભના આંતરડાઓ ફાટી ગયા હતા અને સમયસર સારવાર ન મળતાં ઈન્ફેક્શન ફેલાઈ ગયું હતું. ચોથા દિવસે જાણીતા સર્જન એચ.એસ. ભાટિયાએ અમિતાભનો કેસ જોયો અને તરત જ ઑપરેશન કરાવવાની સલાહ આપી.

ઑપરેશન પહેલાં અમિતાભને 102 ડિગ્રી તાવ આવી ગયો અને તેમની હાર્ટબીટ 72ની જગ્યાએ 180 થઈ ગઈ. ઑપરેશન કરવામાં આવ્યું ત્યારે જોવા મળ્યું કે અંદરથી આંતરડાં ફાટી ચૂક્યા હતા.

આવી સ્થિતિમાં 3-4 કલાક જીવિત રહેવું પણ મુશ્કેલ હતું, પરંતુ તેઓ 4 દિવસથી સંઘર્ષ કરી રહ્યા હતા. ચોથા દિવસે બિગ બી કોમામાં જતા રહ્યા. બે ઑપરેશન કરવામાં આવ્યા અને બે મહિના સુધી તેમને હૉસ્પિટલમાં રાખવામાં આવ્યા.



પ્રત્યુષા બેનર્જી આત્મહત્યા કેસ

# કોર્ટે 10 વર્ષ બાદ એક્સ બોયફ્રેન્ડ રાહુલ રાજ સિંહને કર્યો ડિસ્ચાર્જ, આત્મહત્યા માટે ઉશ્કેરવાનો ટ્રાયલ સમાપ્ત

(એજન્સી) મુંબઈ | તા.01

બોમ્બે હાઈકોર્ટે બુધવારે ટીવી અભિનેત્રી પ્રત્યુષા બેનર્જીના આત્મહત્યા કેસમાં અભિનેતા રાહુલ રાજ સિંહને ડિસ્ચાર્જ એટલે કે આરોપમુક્ત કરી દીધા.

પ્રત્યુષા બેનર્જીને ટીવી શો 'બાલિકા વધૂ'માં આનંદીનું પાત્ર ભજવવાથી ઓળખ મળી હતી. 1 એપ્રિલ 2016ના રોજ તેઓ મુંબઈના ગોરેગાંવ સ્થિત ભાડાના ફ્લેટમાં મૃત હાલતમાં મળી આવ્યાં હતાં.

કોર્ટે 1 એપ્રિલ 2016ના રોજ પ્રત્યુષાના મૃત્યુના થોડા સમય પહેલાં થયેલી છેલ્લી ફોન પરની વાતચીતને મહત્વપૂર્ણ ગણાવી. જસ્ટિસ એસજી ડિગેની બેન્ચે કહ્યું કે વાતચીતના ટ્રાન્સક્રિપ્ટમાં અભિનેત્રીના પૂર્વ બોયફ્રેન્ડ રાહુલ તેમને આવું પગલું ભરવાથી રોકતા દેખાઈ રહ્યા છે. રાહુલે વાતચીતમાં કહ્યું હતું કે તેમણે પોતાની કાર પાછી વાળી લીધી છે અને પ્રત્યુષાને મળવા જઈ રહ્યા છે. વાતચીત પરથી એ પણ જાણવા મળ્યું કે પ્રત્યુષા પરેશાન હતી અને પોતાના માતા-પિતા સહિત અનેક લોકોને પોતાની સ્થિતિ વિશે જણાવી રહી હતી.

પ્રત્યુષાના માતા-પિતાએ રાહુલ પર આત્મહત્યા માટે ઉશ્કેરવા, મારપીટ અને માનસિક-શારીરિક ત્રાસ આપવાના આરોપો લગાવ્યા હતા. રાહુલ તે સમયે પ્રત્યુષાનો બોયફ્રેન્ડ હતો અને બંને લિવ-ઈન રિલેશનશિપમાં રહેતા હતા. રાહુલ વિરુદ્ધ પ્રત્યુષાને આત્મહત્યા માટે ઉશ્કેરવાનો કેસ નોંધવામાં આવ્યો હતો. બોમ્બે હાઈકોર્ટે જુલાઈ 2016માં તેમને આગોતરા જામીન આપ્યા હતા.

પોલીસે 2018માં ચાર્જશીટ દાખલ કરી હતી. ત્યાર બાદ રાહુલે કેસમાંથી ડિસ્ચાર્જ કરવા માટે સેશન્સ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. સેશન કોર્ટે તેમની અરજી ફગાવી દીધી. ત્યારબાદ રાહુલે બોમ્બે હાઈકોર્ટનો સંપર્ક કર્યો.



# વિમલ ઈલાયચી જાહેરાત વિવાદ

## શાહરુખ, અજય અને ટાઈગરે FDAને જવાબ સોંપ્યો; કમિશનર તુકારામ મુંઢે કાયદાને સેલેબ્સથી ઉપર ગણાવી કાર્યવાહીની ચેતવણી

(એજન્સી) મુંબઈ | તા.01

મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA)એ વિમલ ઈલાયચીની જાહેરાતના મામલે બોલિવૂડ કલાકારો શાહરુખ ખાન, અજય દેવગન અને ટાઈગર શ્રોફને કારણદર્શક નોટિસ જારી કરી હતી. FDA કમિશનર તુકારામ મુંઢેના જણાવ્યા મુજબ ત્રણેય કલાકારોએ નોટિસનો જવાબ આપી દીધો છે અને સુનાવણીની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે.

આ સાથે જ તુકારામ મુંઢેએ સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સ અને જાહેરાત કરનારા તમામ સેલિબ્રિટીઝને પણ ચેતવણી આપી છે. તેમણે કહ્યું કે, ફૂડ સેફ્ટી એક્ટ હેઠળ ભ્રામક અથવા સરોગેટ જાહેરાત કરવા બદલ માત્ર કંપની જ નહીં, પરંતુ પ્રચાર કરનારા ઈન્ફ્લુએન્સર્સ અને કલાકારો સામે પણ કાર્યવાહી કરવામાં આવશે.

'બ્રાન્ડનો પ્રચાર કરનારા ઈન્ફ્લુએન્સર્સને પણ સંપૂર્ણ માહિતી હોવી જરૂરી' મહારાષ્ટ્ર FDA કમિશનર તુકારામ મુંઢેએ મીડિયા સાથેની વાતચીતમાં સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સ અંગે પણ નિવેદન આપ્યું. તેમણે કહ્યું કે, કાયદામાં ઈન્ફ્લુએન્સર્સ અને બ્રાન્ડ એન્ડોર્સ કરનારાઓ માટેના નિયમો પહેલેથી જ નક્કી છે.

ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ (FSSAI)ની કલમ 24 સ્પષ્ટપણે કહે છે કે, જો તમે કોઈ પ્રોડક્ટનું પ્રમોશન અથવા એન્ડોર્સમેન્ટ કરી રહ્યા છો, તો તમને તે પ્રોડક્ટ વિશે સંપૂર્ણ માહિતી હોવી જોઈએ.

પ્રચાર કરનાર વ્યક્તિ અને ઈન્ફ્લુએન્સરની આ કાનૂની જવાબદારી છે કે તે પ્રોડક્ટની પ્રામાણિકતાની તપાસ કરે. આવું ન કરવા બદલ તેમની સામે પણ કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

કમિશનર મુંઢેએ એનડીટીવીને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું કે, પછી ભલે કોઈ મોટો બોલિવૂડ સ્ટાર હોય કે સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર, કાયદાની નજરમાં તેઓ માત્ર જાહેરાતકર્તા (એડવર્ટાઈઝર) છે. જે લોકો એવો તર્ક આપે છે કે સમગ્ર જવાબદારી માત્ર પ્રોડક્ટ બનાવતી કંપનીની છે, તેઓ સંપૂર્ણપણે ખોટા છે.

નૈતિક અને કાનૂની બંને રીતે જાહેરાત કરનાર પર જવાબદારી નક્કી થાય છે. FSSAIના 2018ના એડવર્ટાઈઝિંગ એન્ડ ક્લેમ્સ રેગ્યુલેશન હેઠળ ખોટો દાવો કરવા, ભ્રામક માહિતી આપવા અથવા સરોગેટ ઍડ બનાવનારાઓ સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે.

### વિમલ ઈલાયચી દ્વારા પાન મસાલાની સરોગેટ ઍડનો આરોપ

એફડીએએ 11 ઑગસ્ટે શાહરુખ ખાન, અજય દેવગન અને ટાઈગર શ્રોફને કારણદર્શક નોટિસ મોકલી હતી. એજન્સીનો આરોપ છે કે વિમલ ઈલાયચીની જાહેરાત વાસ્તવમાં વિમલ પાન મસાલાનું સરોગેટ પ્રમોશન (પરોક્ષ જાહેરાત) છે. મહારાષ્ટ્રમાં ગુટખા અને પાન મસાલાના વેચાણ પર પ્રતિબંધ છે. અભિનેતાઓને જવાબ આપવા માટે 15 દિવસનો સમય આપવામાં આવ્યો હતો.

# મુશ્તાક ખાનની પ્રેયર મીટમાં પહોંચ્યા સેલિબ્રિટીઝ

## અભિનેતાને યાદ કરીને અંજન શ્રીવાસ્તવ ભાવુક થયા; પ્રેયર મીટમાંથી રાજપાલ યાદવને ભગાડવાનો દાવો ખોટો



(એજન્સી) મુંબઈ | તા.01

મુંબઈમાં બુધવારે અભિનેતા મુશ્તાક ખાનની પ્રાર્થના સભા યોજાઈ. પ્રાર્થના સભામાં પૂનમ ઢિલ્લોં, રાજપાલ યાદવ, રાહુલ રોય, કિરણ કુમાર, અનિલ શર્મા સહિત બોલિવૂડના અનેક કલાકારો અને તેમના સહયોગીઓ ઉપસ્થિત રહ્યા.

દરમિયાન, પ્રાર્થના સભા દરમિયાન દિગ્ગજ અભિનેતા અને 'વાગલે કી દુનિયા' ફેમ અંજન શ્રીવાસ્તવ મુશ્તાક ખાનને યાદ કરતાં ભાવુક થઈ ગયા. તેમણે મુશ્તાક ખાનની પ્રશંસા કરતાં તેમને એક 'સુપર ડુપર હિટ' લીડર ગણાવ્યા.

મુશ્તાક ખાનની પ્રાર્થના સભામાંથી રાજપાલ યાદવનો વીડિયો વાઈરલ થયો. જેને લઈને કેટલાક પાપારાઝી પેજે દાવો કર્યો કે રાજપાલ યાદવને પ્રાર્થના સભામાંથી બહાર કાઢી મૂકવામાં આવ્યા.

વીડિયોમાં એક મહિલા કહે છે કે લાગે છે કે તમારે બહાર જવું પડશે. મેં તમને સમજાવ્યું, પરંતુ તમે સમજી રહ્યા નથી. હદ છે, આ સેલ્ફી લેવાનો સમય છે.

જોકે, આ વીડિયોનું સત્ય એ છે કે રાજપાલ યાદવને પ્રેયર મીટમાંથી બહાર કાઢવામાં આવ્યા નહોતા. હકીકતમાં, જ્યારે તેઓ પ્રેયર મીટ પૂરી થયા બાદ બહાર નીકળી રહ્યા હતા, ત્યારે ત્યાં હાજર પાપારાઝી અને કેટલાક ચાહકો તેમની સાથે તસવીરો અને સેલ્ફી લેવા લાગ્યા. શોકના એ માહોલમાં કેટલાક લોકો સેલ્ફી લઈ રહ્યા હતા, જે વાત ત્યાં હાજર મુશ્તાક ખાનના પરિવારને બિલકુલ પસંદ આવી નહોતી.

વીડિયોમાં જે મહિલા બોલી રહી છે, તેમનો ગુસ્સો રાજપાલ યાદવ પર નહીં, પરંતુ ત્યાં તેમની સાથે સેલ્ફી લેવાનો પ્રયાસ કરી રહેલા ચાહકો અને પાપારાઝી પર હતો. મધ્ય પ્રદેશના બાલાઘાટ જિલ્લાના બૈહર ગામમાં જન્મેલા મુશ્તાક ખાને અભિનયની શરૂઆત થિયેટરથી કરી હતી.

# ભાભી ડાકણ છે! : ફેન્ટસી અને કોમેડીનો ધમાકો...

## આદર્શ વહુ કે રહસ્યમયી જાદુગરણી?; યામીનો અત્યાર સુધીનો સૌથી અનોખો અવતાર; 'નઈ નવેલી'નું ટ્રેલર રિલીઝ



(એજન્સી) મુંબઈ | તા.01

બોલિવૂડ અભિનેત્રી યામી ગૌતમ ધર ફરી એકવાર મોટા પડદે દર્શકોને ચોંકાવવા તૈયાર છે. એમેઝોન એમજીએમ સ્ટુડિયોઝ અને કલર યલો પ્રોડક્શન્સે બુધવારે તેમની આગામી ફેન્ટસી-ફેમિલી એન્ટરટેઈનર ફિલ્મ 'નઈ નવેલી'નું સત્તાવાર ટ્રેલર રિલીઝ કરી દીધું છે. ટ્રેલરમાં યામીનો અત્યાર સુધીનો સૌથી અનોખો અને રહસ્યમયી અવતાર જોવા મળી રહ્યો છે.

મેરઠના બેકગ્રાઉન્ડ પર આધારિત આ ફિલ્મ અવસ્થી પરિવારની આસપાસ ફરે છે. ઘરમાં નવી વહુ મોહિની (યામી ગૌતમ)ના પ્રવેશ સાથે જ અણધાર્યા બનાવો શરૂ થાય છે. એક સામાન્ય સંયુક્ત પરિવારમાં જ્યારે એવી ચર્ચા ઊભી થાય છે કે 'નવી ભાભી ડાકણ છે', ત્યારે આખી વાર્તા એક હાસ્યસ્પદ, રહસ્યમય અને રોમાંચક વળાંક લે છે.

લગ્નની પરંપરાગત વિધિઓ અને પારિવારિક નોક-ઝોંક વચ્ચે શરૂ થયેલી આ વાર્તા ધીમે ધીમે એક ભવ્ય જાદુઈ-કાલ્પનિક દુનિયાના દરવાજા ખોલે છે, જેમાં જબરદસ્ત એક્શન અને કોમેડીનું મિશ્રણ જોવા મળે છે.

પોતાના પાત્ર અંગે વાત કરતાં યામી ગૌતમ ધરે જણાવ્યું: 'મોહિની સામાન્ય વહુઓ જેવી નથી. તેનામાં એક તરફ પારિવારિક આત્મીયતા છે, તો બીજી તરફ એક મોટું રહસ્ય છુપાયેલું છે. આ પાત્ર ભાવનાઓ, જાદુઈ દુનિયા અને એક્શન વચ્ચે સંતુલન જાળવી રાખે છે.



# 22 વર્ષ પછી 'કૉફી વિથ કરણ'નો અંત

(એજન્સી) મુંબઈ | તા.01

કરણ જોહરનો પ્રસિદ્ધ ચેટ શો 'કૉફી વિથ કરણ' 22 વર્ષના લાંબા સફર બાદ બંધ થવા જઈ રહ્યો છે. શોની 9મી અને અંતિમ સિઝન 14 ઑક્ટોબરથી જિયોહૉટસ્ટાર પર સ્ટ્રીમ થશે. કરણ જોહરે શોની અંતિમ સિઝનની જાહેરાત કરી.

વર્ષ 2004માં શરૂ થયેલા આ શોની અત્યાર સુધી 8 સિઝન અને 161 એપિસોડ થઈ ચૂક્યા છે.

અંતિમ સિઝનની જાહેરાત કરતા કરણ જોહરે શોની સફરને યાદ કરી. તેણે કહ્યું કે, 'કેટલીક સફર એવી હોય છે, જેને સમાપ્ત કરવાની યોજના બનાવવામાં આવતી નથી, પરંતુ એક સમય એવો આવે છે, જ્યારે તેમને આગળ વધવા દેવાનો નિર્ણય લેવો પડે છે.'

કરણના જણાવ્યા અનુસાર, સમગ્ર સફર દરમિયાન દર્શકો સતત શો સાથે જોડાયેલા રહ્યા. તેણે કહ્યું કે, 'દર્શકોએ શો સાથે હસ્યા, ચર્ચા કરી, ટ્રોલ કર્યો અને તેની ઉજવણી કરી, પરંતુ સૌથી મહત્વની વાત એ રહી કે તેઓ દરેક વખતે એક વધુ કપ કૉફી માટે પાછા ફરતા રહ્યા.'

'કૉફી વિથ કરણ'ના ઘણા એપિસોડમાં થયેલી વાતચીત બાદમાં ચર્ચામાં રહી. શોના રેપિડ-ફાયર રાઉન્ડ, કૉફી હેમ્પર્સ અને સેલિબ્રિટીઝના નિવેદનોની સોશિયલ મીડિયા તથા મીડિયામાં ચર્ચા થતી રહી છે. ઘણી વાતચીત મીમ્સ અને ચર્ચાનો હિસ્સો પણ બની. ઘણી વાર શોમાં થયેલી વાતચીત એટલી ચર્ચિત બની કે તેની અસર ફિલ્મ ઈન્ડસ્ટ્રીની બહાર પણ જોવા મળી. કેટલાક કિસ્સાઓમાં મહેમાનોના નિવેદનો વિવાદમાં રહ્યા, તો એક કિસ્સામાં ભારતીય ક્રિકેટના બે મોટા ખેલાડીઓ સામે કાર્યવાહી પણ કરવામાં આવી.

## એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

કમ્પાઉન્ડ આર્ચરી સ્પર્ધામાં ભારતે શાનદાર પ્રદર્શન યથાવત રાખ્યું

# કમ્પાઉન્ડ આર્ચરીમાં ગણેશ મણિરત્નમે દેશ માટે બ્રોન્ઝ મેડલ જીત્યો



(એજન્સી) ઓકાઝાકી । તા. 01

એશિયન ગેમ્સ ૨૦૨૬માં ભારતીય ખેલાડીઓનું શાનદાર પ્રદર્શન સતત જારી રહ્યું છે. રમતગમતના આ મહાકુંભમાં ભારતની ઝોળીમાં વધુ એક ગૌરવવંતુ મેડલ ઉમેરાયું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, પુરૂષોની વ્યક્તિગત કમ્પાઉન્ડ આર્ચરી સ્પર્ધામાં ૨૦ વર્ષીય યુવા ભારતીય આર્ચર ગણેશ મણિરત્નમ થિરુમુરુએ શાનદાર રમતનું પ્રદર્શન કરીને બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યો છે. આ આંચકાજનક અને રોમાંચક મુકાબલામાં ગણેશે વિયેતનામના પ્રતિસ્પર્ધી કોંગ ડુક ડાંગ સામે ૧૪૯-૧૪૪ ના સ્કોરથી ભવ્ય વિજય મેળવ્યો હતો.

ઓકાઝાકી ચુઓ સોગો પાર્ક મલ્ટીપર્પઝ સ્ક્વેર ખાતે રમાયેલા આ મુકાબલામાં ગણેશ મણિરત્નમે અસાધારણ એકાગ્રતા દાખવી હતી. તેમણે મેચ દરમિયાન પોતાના ૧૫ માંથી ૧૪ તીરમાં સચોટ ૧૦ પોઈન્ટ હાંસલ કરીને વિયેતનામી ખેલાડીને કોઈ તક આપી નહોતી. આ જીત સાથે જ આ રમતની વર્તમાન સીઝનમાં વ્યક્તિગત કમ્પાઉન્ડ આર્ચરીમાં ભારત માટે આ પ્રથમ મેડલ છે. અગાઉ બુધવારના રોજ યોજાયેલી ટીમ સ્પર્ધામાં પણ ગણેશ ગોલ્ડ મેડલ જીતનારી ભારતીય પુરુષ ટીમનો અભિન્ન રહ્યા હતા, જેના કારણે આ તેમનું આ એશિયન ગેમ્સમાં બીજું પદક છે.

આંધ્રપ્રદેશના તિરુપતિ જિલ્લાના નાયડુપેટાક નામના કસ્બામાં જન્મેલા ગણેશ મણિરત્નમે નાની વયે જ આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની પ્રતિભાના જોરે વિશેષ ઓળખ બનાવી છે. વર્ષ ૨૦૨૩માં આયર્લેન્ડ ખાતે યોજાયેલી વર્લ્ડ યુથ ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ જીતનારા ગણેશે વર્ષ ૨૦૨૪માં જુનિયર એશિયન ચેમ્પિયન બનવાનું વ હાસલ કર્યું હતું અને સિનિયર રાષ્ટ્રીય ટીમમાં સ્થાન મેળવ્યું હતું. કેનેડામાં યોજાયેલી જુનિયર વર્લ્ડ ચેમ્પિયનશિપમાં પણ વિજયી બન્યા બાદ હવે એશિયન ગેમ્સમાં બ્રોન્ઝ મેડલ જીતીને તેમણે દેશનું નામ રોશન કર્યું છે.

મહિલા ટીમનો બ્રોન્ઝ મેડલ અને સવિતા શ્રીનું અજેય પ્રદર્શન મુખ્ય આકર્ષણ બન્યા

## ભારતે ઓપન વિભાગમાં સિલ્વર અને મહિલા વર્ગમાં બ્રોન્ઝ મેડલ જીત્યો



(એજન્સી) સરખંદ । તા. 01

રમતગમતમાં શિખર સર કરવું એ જેટલું અઘરું છે, તેનાથી કહીં વધુ અઘરું તે સ્થાન પર સતત ટકી રહેવું છે–આ કડવી અને વાસ્તવિક હકીકતનો અનુભવ તાજેતરમાં ૨૦૨૬ની ચેસ ઓલમ્પિયાડ દરમિયાન ભારતીય ચેસ દલને સરખંદ ખાતે થયો છે. બુડાપેસ્ટ ૨૦૨૪ની ઐતિહાસિક ડબલ-ગોલ્ડ વિજયગાથા બાદ આ વખતે ભારતીય ટીમે ઉત્કૃષ્ટ સંઘર્ષ દાખવતા ઓપન વિભાગમાં સિલ્વર મેડલ અને મહિલા કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યો છે. આ સાથે જ ભારતે પ્રતિષ્ઠિત 'નોના ગાપ્રિન્ડાશવિલી કપ' (Nona Gaprindashvili Cup) પર પણ પોતાનો કબજો સફળતાપૂર્વક જાળવી રાખ્યો છે, જે વૈશ્વિક સ્તરે ભારતીય ચેસની સતત મજબૂત ઉપસ્થિતિ દર્શાવે છે.

ટૂર્નામેન્ટના ઓપન વિભાગમાં અમેરિકા બાદ બીજા ક્રમે સીડેડ રહેલી ભારતીય ઓપન ટીમે પોતાની પ્રી-ઈવેન્ટ રેન્કિંગ મુજબ શાનદાર ખેલ બતાવ્યો હતો. ખાસ કરીને, વર્લ્ડ ચેમ્પિયન ડી. ગુકેશે બોર્ડ ચાર પર અસાધારણ ખબ્બૂ અને કાબિલે-તારીફ ગ્રીટ બતાવીને સિલ્વર મેડલ જીતવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. ગુકેશે તમામ અગિયાર રાઉન્ડમાં ભાગ લઈને સાત જીત સાથે કુલ ૮.૫ પોઈન્ટ હાસલ કર્યા હતા, જોકે અંતિમ રાઉન્ડમાં હંગેરીના ગ્લેબ ડુડિન સામે તેમને એકમાત્ર પરાજયનો સામનો કરવો પડ્યો હતો. યજમાન ઉઝબેકિસ્તાનની પુરૂષ ટીમ અને ચીનની મહિલા ટીમે સમગ્ર ટૂર્નામેન્ટ દરમિયાન અદ્ભુત સુસંગતતા દાખવીને પોતપોતાના ખિતાબ જીતી લીધા હતા.

ફાઈનલ મુકાબલો શનિવારે ભારત અને પાકિસ્તાન વચ્ચે રમાશે, વિસ્ફોટક બેટિંગ પ્રદર્શન દ્વારા ભારતીય બેટર્સે વિજય સુનિશ્ચિત કર્યો

# શ્રીલંકાને હરાવી ભારત ફાઈનલમાં પ્રવેશ્યું

(એજન્સી) હાંગ્જોઉ । તા. 01

એશિયન ગેમ્સ ૨૦૨૬ના ક્રિકેટ મેદાન પર ભારતીય ખેલાડીઓએ પોતાના શાનદાર પ્રદર્શનથી સમગ્ર દેશનું ગૌરવ વધાર્યું છે. ભારતીય મહિલા ક્રિકેટ ટીમની ઐતિહાસિક સફળતા બાદ હવે ભારતીય મેન્સ ક્રિકેટ ટીમે પણ પોતાની શ્રેષ્ઠ રમતનું પ્રદર્શન કરીને એશિયન ગેમ્સની ફાઈનલમાં શાનદાર એન્ટ્રી કરી લીધી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, કોરોગી સ્પોર્ટ્સ પાર્ક ખાતે રમાયેલા સેમિફાઈનલ મુકાબલામાં ભારતીય ટીમે શ્રીલંકાની ટીમને ૧૨૪ રનના વિશાળ અને અવિશ્વસનીય અંતરથી કચડીને એકતરફી વિજય મેળવ્યો છે. આ ભવ્ય જીત સાથે જ ભારતે ફાઈનલમાં પોતાનું સ્થાન પાક્કું કરી લીધું છે, જ્યાં આગામી શનિવાર, ત્રીજી ઑક્ટોબરના રોજ ગોલ્ડ મેડલ માટે તેનો મુકાબલો તેના સૌથી મોટા કટ્ટર હરીફ પાકિસ્તાન સામે થશે.



ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા માટે મેદાન પર ઉતરેલી ભારતીય ટીમની શરૂઆત ખૂબ જ આક્રમક રહી હતી. યુવા ઓપનર વૈભવ સૂર્યવંશીએ માત્ર ૨૧ બોલમાં ૩૮ રનની ધમાકેદાર ઈનિંગ રમીને શ્રીલંકાના બોલરો પર શરૂઆતથી જ દબાણ સર્જી દીધું હતું. ત્યારબાદ ટીમની કમાન સંભાળતા વિકેટકીપર-બેટર ઈશાન કિશને મુશ્કેલ પરિસ્થિતિમાં ધૈર્ય અને આક્રમકતાનું ઉત્કૃષ્ટ મિશ્રણ પ્રદર્શિત કર્યું હતું. ઈશાને માત્ર ૪૬ બોલમાં ૫ ગગનચુંબી છગ્ગા અને ૪ આકર્ષક ચોગ્ગાની મદદથી અણનમ ૮૦ રનની અત્યંત મહત્વપૂર્ણ ઈનિંગ રમી હતી, જેના પરિણામે ભારતીય ટીમ નિર્ધારિત ઓવરોમાં ૧૬૯ રનનો મજબૂત અને સન્માનજનક સ્કોર ખડકવામાં સફળ રહી હતી.

૧૭૦ રનના વિજયી લક્ષ્યાંકનો પીછો કરવા માટે મેદાનમાં ઉતરેલી શ્રીલંકન ટીમ ભારતીય બોલિંગ આક્રમણ સામે ટકી શકી નહોતી અને પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગઈ હતી. અનુભવી ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહે ઈનિંગની પ્રથમ જ ઓવરમાં શ્રીલંકાની બેટિંગ લાઈન-અપની કમર તોડી નાખી હતી અને બે મહત્વની વિકેટો ઝડપી હતી. બુમરાહ બાદ સ્ટાર સ્પિનર અક્ષર પટેલે પણ ચોથી ઓવરમાં શાનદાર બોલિંગ કરીને વધુ બે બેટરોને પેવેલિયન ભેગા કરી દીધા હતા. પરિણામે, સમગ્ર શ્રીલંકન ટીમ માત્ર ૪૫ રનના સામાન્ય સ્કોર પર જ ઓલઆઉટ થઈ ગઈ હતી અને ભારતે એકતરફી વિજય મેળવ્યો હતો. અત્યાર સુધીની પરિસ્થિતિ પર નજર કરીએ તો, ભારતીય ટીમ પોતાના શાનદાર ફોર્મમાં ચાલી રહી છે અને બેટિંગ તેમજ બોલિંગ બંને વિભાગોમાં ટીમનું પ્રદર્શન અદભુત રહ્યું છે. હવે સમગ્ર દેશની નજર આગામી ૩ ઑક્ટોબરે રમાનાર મહામુકાબલા પર છે, જ્યાં ભારત અને પાકિસ્તાન વચ્ચે ગોલ્ડ મેડલ માટે ખરાખરીનો જંગ જામશે. આ હાઈ-વોલ્ટેજ મેચને લઈને ક્રિકેટ રસિકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# ટીમ ઈન્ડિયાના નવા ચીફ સિલેક્ટર તરીકે પ્રજ્ઞાન ઓઝાનું નામ ચર્ચામાં

(એજન્સી) નવી દિલ્હી । તા. 01

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ) ની સિલેક્શન કમિટીમાં આગામી સમયમાં એક મોટો અને મહત્વપૂર્ણ ફેરફાર થવા જઈ રહ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ટીમ ઈન્ડિયાના વર્તમાન ચીફ સિલેક્ટર અજિત અગરકરનો કાર્યકાળ આગામી ચોથી ઓક્ટોબરના રોજ પૂર્ણ થઈ રહ્યો છે. અગરકરે આ પદ પર આગળ ચાલુ ન રહેવાના પોતાના નિર્ણય અંગે બોર્ડને અગાઉથી જ જાણ કરી દીધી છે. તેમના સ્થાને હવે પૂર્વ ભારતીય ડાબોડી સ્પિનર પ્રજ્ઞાન ઓઝા ટીમ ઈન્ડિયાના નવા કાયમી ચીફ સિલેક્ટર બનવાની રેસમાં સૌથી આગળ ચાલી રહ્યા છે અને હાલમાં તેઓ ચાર સભ્યોની સિલેક્શન કમિટીના વચગાળાના વડા તરીકે જવાબદારી સંભાળી રહ્યા છે.

તાજેતરમાં ગુવાહાટી ખાતે ભારતીય ટીમના હેડ કોચ ગૌતમ ગંભીર અને પસંદગીકારો વચ્ચે એક અત્યંત મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પ્રજ્ઞાન ઓઝા ઉપરાંત શિવ સુંદર દાસ, અજય રાત્રા અને આરપી સિંહ ઉપસ્થિત રહ્યા હતા. જોકે, વર્તમાન ચીફ સિલેક્ટર અજિત અગરકર આ બેઠકમાં ગેરહાજર રહ્યા હતા. અગરકરની ગેરહાજરી અને ઓઝાની અગ્રણી ભૂમિકાને કારણે ક્રિકેટ વર્તુળોમાં એવી પ્રબળ ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે કે પ્રજ્ઞાન ઓઝા જ કાયમી ચીફ સિલેક્ટર તરીકેની જવાબદારી સંભાળશે. આ બેઠકમાં આગામી ન્યુઝીલેન્ડ પ્રવાસ માટે ખેલાડીઓની પસંદગી અને ભવિષ્યની બ્લુપ્રિન્ટ પર ઊંડાણપૂર્વક મંથન કરવામાં આવ્યું હતું.



વિગતવાર માહિતી મુજબ, આગામી સમયમાં ભારતીય ટીમ ન્યુઝીલેન્ડના પ્રવાસે જવાની છે, જ્યાં ભારત ૨૨ ઓક્ટોબરથી ૫ ટી-૨૦ મેચ, ૪ નવેમ્બરથી ૫ વનડે અને ૧૯ નવેમ્બરથી ૨ ટેસ્ટ મેચ રમશે. આ ઉપરાંત, ઈન્ડિયા-એ ટીમ પણ ન્યુઝીલેન્ડમાં ૩ ટેસ્ટ મેચ રમવાની છે. આ તમામ પ્રવાસો ઉપરાંત ૨૦૨૭ના વનડે વર્લ્ડ કપ માટે એક મજબૂત રોડમેપ તૈયાર કરવો, ખેલાડીઓનું વર્કલોડ મેનેજમેન્ટ કરવું અને ફિટનેસ જાળવવી એ નવા પસંદગીકારની પ્રાથમિકતા રહેશે. ઉલ્લેખનીય છે કે પ્રજ્ઞાન ઓઝાએ ભારત માટે ૨૪ ટેસ્ટ, ૧૮ વનડે અને ૬ ટી-૨૦ ઈન્ટરનેશનલ મેચ રમીને શાનદાર પ્રદર્શન કર્યું છે અને હાલની પેનલમાં સૌથી વધુ ટેસ્ટ રમવાનો અનુભવ ધરાવે છે. અત્યાર સુધીની પરિસ્થિતિ પર નજર કરીએ તો, બીસીસીઆઈ દ્વારા ટૂંક સમયમાં જ નવા ચીફ સિલેક્ટરની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે.

## રોમાંચક સેમિફાઈનલમાં પાકિસ્તાનને હરાવી ભારત ફાઈનલમાં

### હોકી સેમિફાઈનલ મેચમાં ભારતીય ખેલાડીઓએ ઉત્કૃષ્ટ રમત બતાવી



(એજન્સી) હાંગ્જોઉ । તા. 01

એશિયન ગેમ્સ ૨૦૨૬ના મેદાન પર ભારત અને પાકિસ્તાન વચ્ચે રમાયેલી પુરુષ હોકી સ્પર્ધાની સેમિફાઈનલ મેચ અત્યંત રોમાંચક, સંઘર્ષપૂર્ણ અને કસોટીભરી રહી હતી. બંને પરંપરાગત હરીફો વચ્ચેના આ મહામુકાબલામાં દર્શકોની ઉત્સુકતા ચરમસીમાએ પહોંચી ગઈ હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, ગુરુવારના રોજ રમાયેલા આ હાઈ-વોલ્ટેજ સેમિફાઈનલ મુકાબલામાં ભારતીય મેન્સ હોકી ટીમે કટ્ટર હરીફ પાકિસ્તાનને ૪-૩ ના રોમાંચક સ્કોરથી પરાજય આપીને એશિયન ગેમ્સની ફાઈનલમાં શાનદાર પ્રવેશ કરી લીધો છે.

મેચની શરૂઆતથી જ બંને ટીમોએ આક્રમક રમતનું પ્રદર્શન કર્યું હતું અને એકબીજા પર સરસાઈ મેળવવા માટે પૂરો પ્રયાસ કર્યો હતો. મેચના અંતિમ પળો સુધી બંને ટીમો વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી હતી. આ નિર્ણાયક અને અતિ મહત્ત્વપૂર્ણ ક્ષણે ભારતીય ખેલાડી અભિષેકે મેચના અંતિમ ચરણમાં શાનદાર ગોલ ફટકારીને સ્કોરબોર્ડ પર ભારતને ૪-૩ ની અજેય સરસાઈ અપાવી દીધી હતી. અભિષેકના આ સમયસરના અને ચમત્કારિક ગોલના કારણે જ ભારતીય ટીમ મેચ જીતવામાં સફળ રહી હતી અને પાકિસ્તાનના વિજયના સપના પર પાણી ફેરવી દીધું હતું.

અત્યાર સુધીની પરિસ્થિતિ પર નજર કરીએ તો, આ રોમાંચક વિજય સાથે ભારતીય હોકી ટીમે ગોલ્ડ મેડલ તરફ મજબૂત કદમ માંડ્યા છે. સમગ્ર દેશમાં આ જીતને લઈને ભારે ઉત્સાહ અને ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. ભારતીય ખેલાડીઓની આ લડાયકૃત્તિ અને ટીમ વર્ક ભવિષ્યની મેચો માટે ખૂબ જ પ્રોત્સાહક સાબિત થશે.

રોહિત શર્માએ સદીની ઉજવણીને તદ્દન અંગત મામલો ગણાવ્યો

## વેસ્ટ ઈન્ડિઝ સામે સદી ફટકાર્યા બાદ રોહિત શર્માનું અનોખું સેલિબ્રેશન



(એજન્સી) ગુવાહાટી । તા. 01

આંતરરાષ્ટ્રીય ક્રિકેટના મેદાન પર રેકોર્ડ્સ સર્જવા અને પોતાની વિસ્ફોટક બેટિંગથી દર્શકોના દિલ જીતી લેવા એ ભારતીય ટીમના સ્ટાર ઓપનર રોહિત શર્મા માટે સામાન્ય બાબત છે. ગુવાહાટીના એસીએ સ્ટેડિયમ ખાતે વેસ્ટ ઈન્ડિઝ સામે રમાયેલી રોમાંચક મેચમાં રોહિત શર્માએ પોતાની કારકિર્દીની ૩૫મી વનડે સદી ફટકારીને ફરી એકવાર સાબિત કરી દીધું કે શા માટે તેને હિટમેન કહેવામાં આવે છે. આ મેચમાં રોહિત શર્માએ માત્ર ૭૫ બોલમાં ૧૦૧ રનની શાનદાર ઈનિંગ રમી હતી, પરંતુ સદી પૂરી કર્યા બાદ તેણે કરેલી અનોખી ઉજવણી હાલ ક્રિકેટ જગતમાં ભારે ચર્ચાનો વિષય બની છે. સદી ફટકાર્યા બાદ સિંગલ લેતી વખતે રોહિત શર્માએ પોતાના ઘૂંટણ ઊંચા કરીને અને બેટને હળવું ઊંચું કરીને મેદાન પર દોડીને અદભુત અંદાજમાં ઉજવણી કરી હતી. મેચ પૂર્ણ થયા બાદ જ્યારે તેને આ સિક્રેટ સેલિબ્રેશન વિશે પૂછવામાં આવ્યું, ત્યારે તેણે હસતા હસતા ખુલાસો કર્યો હતો કે આ ઉજવણી સંપૂર્ણપણે તેનો અંગત મામલો હતો અને તે માત્ર પોતાના માટે જ હતી. રોહિતે ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજા સાથે થયેલી રમુજી વાતચીતનો ઉલ્લેખ કરતા જણાવ્યુંકેજાડેજાપણતેનેઆઅનોખાસેલિબ્રેશન વિશે વારંવાર પૂછી રહ્યો હતો. રોહિતે જાડેજાને ડ્રેસિંગ રૂમમાં જવાબ આપવાનું કહીને ઉમેર્યું હતું કે જાડેજા તો એવું ઈચ્છતો હતો કે તે પીચ પર ડાઈવ મારીને કે કૂદીને ઉજવણી કરે, પરંતુ ૫૦ ઓવર ફિલ્ડિંગ અને ૨૫ થી ૩૦ ઓવર બેટિંગ કર્યા બાદ શરીરમાં એવા કોઈ પણ પ્રકારના સ્ટંટ કરવાની શક્તિ કે તાકાત બચી નહોતી.

## શૂટિંગમાં અનીશ ભાનવાલા ૨૫ મીટર રેપિડ ફાયર પિસ્તોલ ફાઈનલમાં સાતમા સ્થાને રહ્યા

(એજન્સી) આઈચી-નાગોયા । તા. 01

એશિયન ગેમ્સ ૨૦૨૬ના શૂટિંગ રેન્જ પર ભારતીય ખેલાડીઓનું અભિયાન સતત ચાલુ છે. રમતગમતના આ મહાકુંભમાં ગુરુવાર, ૧ ઑક્ટોબરના રોજ આઈચી પ્રીફેક્ચરલ જનરલ શૂટિંગ ગેલેરી ખાતે યોજાયેલી શૂટિંગ સ્પર્ધાઓમાં ભારત તરફથી પ્રતિનિધિત્વ કરનાર અનીશ ભાનવાલાએ ભાગ લીધો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, પુરુષોની ૨૫ મીટર રેપિડ ફાયર પિસ્તોલ સ્પર્ધાની ફાઈનલ રાઉન્ડમાં અનુભવી ભારતીય શૂટર અનીશ ભાનવાલા સાતમા સ્થાને રહ્યા હતા.

આઈચી-નાગોયા ૨૦૬ એશિયન ગેમ્સમાં ગુરુવારે શૂટિંગ ઈવેન્ટ્સમાં એક્શનમાં રહેનારા અનીશ ભાનવાલા એકમાત્ર ભારતીય શૂટર હતા. અત્યંત રોમાંચક અને ઉચ્ચ સ્પર્ધાત્મક રહેલા આ ફાઈનલ મુકાબલામાં વિશ્વભરના દિગ્ગજ શૂટરોએ પોતાની પ્રતિભા પ્રદર્શિત કરી હતી. અનીશ ભાનવાલાએ કઠિન પરિસ્થિતિઓ વચ્ચે સચોટ નિશાનેબાજી કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આખરે તેઓ સાતમા ક્રમે રહ્યા હતા. આ ઈવેન્ટ દ્વારા ભારતીય શૂટિંગ દલની તૈયારીઓ અને ખેલાડીઓની સજ્જતા વૈશ્વિક મંચ પર જોવા મળી છે.



અત્યાર સુધીની પરિસ્થિતિ પર નજર કરીએ તો, એશિયન ગેમ્સમાં ભારતીય શૂટર્સનું પ્રદર્શન ઉત્સાહવર્ધક રહ્યું છે અને આગામી દિવસોમાં પણ અન્ય શૂટિંગ સ્પર્ધાઓમાં ભારત મેડલ જીતવા માટે પુરી તાકાત સાથે મેદાનમાં ઉતરશે. ક્રિકેટ, હોકી અને શૂટિંગ જેવા વિવિધ ક્ષેત્રોમાં ભારતીય ખેલાડીઓની આ સફર દેશના રમતગમતના ઈતિહાસમાં નવા અધ્યાય જોડી રહી છે.

રેન્કિંગ // કુલદીપ યાદવે પણ ચાર સ્થાનની છલાંગ લગાવી ટોપ-૫ માં સ્થાન મેળવ્યું

# આઈસીસી વનડે રેન્કિંગમાં વિરાટ કોહલીની શાનદાર છલાંગ

(એજન્સી) તિરુવનંતપુરમ । તા. 01

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ICC) દ્વારા જાહેર કરવામાં આવેલી તાજેતરની વન-ડે રેન્કિંગમાં ભારતીય ક્રિકેટરોએ ફરી એકવાર શાનદાર પ્રદર્શનના જોરે વૈશ્વિક સ્તરે ડંકો વગાડ્યો છે. તિરુવનંતપુરમ ખાતે વેસ્ટ ઈન્ડિઝ સામે રમાયેલી રોમાંચક પ્રથમ વન-ડે મેચમાં વિસ્ફોટક સદી ફટકારીને ટીમને ભવ્ય જીત અપાવનાર રન મશીન વિરાટ કોહલીને રેન્કિંગમાં જબરદસ્ત ફાયદો થયો છે. વન-ડે કરિયરની ૫૫મી શાનદાર સદી ફટકારવાની સાથે જ કોહલીએ ICC રેન્કિંગમાં મોટી છલાંગ લગાવીને સીધું બીજું સ્થાન હાસલ કરી લીધું છે. બીજી તરફ, આ જ મેચમાં ૧૧૦ રનની પ્રભાવશાળી ઈનિંગ રમનાર ભારતીય યુવા કેપ્ટન શુભમન ગિલે ૮૧૬ રેટિંગ પોઈન્ટ્સ સાથે વન-ડે રેન્કિંગમાં પોતાનું નંબર-૧ નું સ્થાન અત્યંત મજબૂતાઈથી જાળવી રાખ્યું છે.



વેસ્ટ ઈન્ડિઝ સામે માત્ર ૮૮ બોલમાં ૧૩૯ રનની અણનમ અને તૂફાની ઈનિંગ રમીને ખળભળાટ મચાવનાર વિરાટ કોહલીએ ન્યૂઝીલેન્ડના અનુભવી બેટર ડેરિલ મિશેલને પાછળ છોડી દીધો છે. આ શાનદાર પ્રદર્શનના જોરે વિરાટના રેટિંગ પોઈન્ટ્સ વધીને ૭૯૬ થઈ ગયા છે. ઉલ્લેખનીય છે કે જુલાઈ ૨૦૨૨ પછી પ્રથમ વાર વિરાટ કોહલી આટલા ઊંચા રેટિંગ પોઈન્ટ્સ સુધી પહોંચવામાં સફળ રહ્યો છે. હવે તે રેન્કિંગમાં પ્રથમ સ્થાને બિરાજમાન શુભમન ગિલથી બહુ દૂર નથી. ભારતીય બેટિંગ લાઈન-અપની આ શ્રેષ્ઠતા વૈશ્વિક સ્તરે ભારતની મજબૂત સ્થિતિ દર્શાવે છે.

માત્ર બેટિંગ જ નહીં, પરંતુ બોલિંગ વિભાગમાં પણ ભારતીય ખેલાડીઓએ શાનદાર સફળતા મેળવી છે. વેસ્ટ ઈન્ડિઝ સામેની પ્રથમ વન-ડે મેચમાં ઘાતક બોલિંગ કરીને ૪ મહત્વપૂર્ણ વિકેટ ઝડપનાર ચાઈનામેન સ્પિનર કુલદીપ યાદવને રેન્કિંગમાં બંપર ઈનામ મળ્યું છે.

કુલદીપ ૪ સ્થાનની લાંબી છલાંગ લગાવીને સીધા પાંચમા સ્થાને પહોંચી ગયો છે. આ ઉપરાંત, સાઉથ આફ્રિકાના ડાબોડી સ્પિનર કેશવ મહારાજે પણ ૩ સ્થાનના સુધારા સાથે ત્રીજું સ્થાન મેળવ્યું છે.

અત્યાર સુધીની પરિસ્થિતિ પર નજર કરીએ તો, ભારતીય ક્રિકેટ ટીમ દરેક ફોર્મેટમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી રહી છે અને ખેલાડીઓ વ્યક્તિગત રેન્કિંગમાં પણ શિખર સર કરી રહ્યા છે. આગામી મેચોમાં પણ આ જ ફોર્મ જળવાઈ રહે તેવી ક્રિકેટ પ્રેમીઓ આશા રાખી રહ્યા છે.

યુવા પેરા સ્વિમર ઈશાને અદભુત સાહસ દાખવ્યું

# તેર વર્ષીય એસ. ઈશાને પાક સ્ટ્રેટ ડબલ ક્રોસ કરીને રચ્યો ઈતિહાસ

(એજન્સી) ચેન્નઈ । તા. 01

આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સ્તરે ભારતીય ખેલાડીઓ પોતાની અદભુત પ્રતિભા અને મનોબળથી સતત નવા કીર્તિસ્માપ સ્થાપી રહ્યા છે. આ જ ક્રમમાં, ચેન્નઈના માત્ર તેર વર્ષીય તેજસ્વી પેરા સ્વિમર એસ. ઈશાને એક અવિશ્વસનીય અને ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ઈશાને પાક સ્ટ્રેટ (Palk Strait) નું ૬૪ કિલોમીટર જેટલું લાંબું અંતર ડબલ ક્રોસ કરીને સૌથી નાની વયના S14 કેટેગરીના પેરા સ્વિમર બનવાનો ગૌરવવંતો રેકોર્ડ પોતાના નામે કર્યો છે.

આ અત્યંત જોખમી અને કઠિન સાહસિક અભિયાનની શરૂઆત ૨૯ સપ્ટેમ્બરના રોજ સાંજે ૫:૦૦ વાગ્યે થઈ હતી અને ૩૦ સપ્ટેમ્બરે બપોરે ૧૧:૫૦ વાગ્યે આ સફર સંપન્ન થઈ હતી. ઈશાને આ સમગ્ર ૬૪ કિમીનું અંતર માત્ર ૧૮ કલાક અને ૫૦ મિનિટમાં પૂરું કર્યું હતું. તેમણે તમિલનાડુના ધનુષકોડીથી સમુદ્રમાં તરીને શ્રીલંકાના તલાઈમન્નાર પહોંચીને ત્યાંથી પરત ધનુષકોડી સુધીની વાપસીની સફર સફળતાપૂર્વક ખેડી હતી. આ અદ્ભુત સિદ્ધિ અગાઉ તેમણે ગોવામાં ૫ કિમી અને કોચીમાં ૧૦ કિમી દરિયાઈ સ્વિમિંગ કરીને સઘન તાલીમ લીધી હતી, જેણે તેમને આ મોટી સફળતા અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. માત્ર દરિયાઈ સાહસ જ નહીં, પરંતુ પૂલની સ્પર્ધાઓમાં પણ ઈશાને શાનદાર પ્રદર્શન કર્યું છે. જૂન મહિનામાં બેંગલુરુ ખાતે યોજાયેલી જુનિયર અને સબ-જુનિયર નેશનલ પેરા સ્વિમિંગ ચેમ્પિયનશિપમાં તેમણે ૧૦૦ મીટર બેકસ્ટ્રોક, ૧૦૦ મીટર બટરફ્લાય અને ૨૦૦ મીટર ઈન્ડિવિજ્યુઅલ મેડલે ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યા હતા. વર્ષ ૨૦૨૫માં પણ તેમણે નેશનલ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ અને સિલ્વર મેડલ મેળવ્યા હતા.



### ચીન નિર્ભરતા વધવાથી અમેરિકી હિતો સામે મોટું જોખમ ઊભું થયું છે

# શી-ટ્રમ્પ મુલાકાત બાદ અમેરિકાના રાજદૂતની ગંભીર ચેતવણી

(એજન્સી) નવી દિલ્હી । તા. 01

આંતરરાષ્ટ્રીય રાજકારણમાં હાલમાં જ થયેલી એક ઉચ્ચ સ્તરીય બેઠક બાદ મોટા સમીકરણો સામે આવી રહ્યા છે. ચીનના પ્રમુખ શી જિનપિંગના અત્યંત ભવ્યાતિભવ્ય સ્વાગત અને ત્રિદિવસીય મુલાકાતના વિપુલ અહેવાલો વચ્ચે, અમેરિકાના ચીન સ્થિત રાજદૂત ડેવીડ પરડયૂ દ્વારા એક અત્યંત ગંભીર અને કડક ચેતવણી ઉચ્ચારવામાં આવી છે. આજના વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં બંને ।સત્તાઓ વચ્ચે ભલે રાજદ્વારી આદાનપ્રદાન વધ્યા હોય, પરંતુ વાસ્તવિક જમીની હકીકતો અને વ્યુહાત્મક હિતોની દ્રષ્ટિએ હજુ પણ અનેક ગંભીર મતભેદો યથાવત છે. પ્રાપ્ત વિગતો અનુસાર, રાજદૂત દ્વારા સ્પષ્ટ શબ્દોમાં જણાવવામાં આવ્યું છે કે બંને દેશો વચ્ચે મિત્રતા અને પરસ્પર સદ્ભાવના એટલે કે બોન હોમીનો માર્ગ અત્યંત કઠોર અને જટિલ રહેલો છે. અમેરિકી દૂતાવાસીય સૂત્રો દ્વારા સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલા નિવેદનોમાં એ વાત પર ભાર મૂકવામાં આવ્યો છે કે



આધુનિક સમયમાં જરૂરી એવી દુર્લભ ધાતુઓ, મેગ્નેટ્સ, ફાર્માસ્યુટિકલ્સ અને કોમર્શિયલ શિપ બિલ્ડીંગ જેવા અત્યંત સંવેદનશીલ ક્ષેત્રો માટે માત્ર એક જ સ્ત્રોત એટલે કે ચીન પર આધારિત રહેવું એ અમેરિકા માટે ક્યારેય સ્વીકાર્ય નથી. મીડિયા અહેવાલ મુજબ, માત્ર રાજદૂત પરડયૂ જ નહીં પરંતુ અમેરિકાના અગ્રણી નેતાઓ, મેક અમેરિકા ગ્રેટ અગેઈન અભિયાનના સમર્થકો અને સંસદના અનેક સાંસદો પણ આ ભવ્ય સ્વાગતથી ભારે નારાજ છે. ચીનની દક્ષિણ ચીન સમુદ્રમાં ચાલી રહેલી વિસ્તારવાદી નીતિઓને કારણે ફિલિપાઈન્સ, તાઈવાન અને ઈન્ડોનેશિયા જેવા મિત્ર દેશોમાં ખોટો સંદેશ જઈ શકે છે તેવી આશંકા પણ વ્યક્ત થઈ રહી છે. એક તરફ ચીની મીડિયામાં આ મુલાકાતને શી જિનપિંગની એક મોટી વિજયયાત્રા તરીકે દર્શાવવામાં આવી રહી છે અને એવું પ્રસારિત કરવામાં આવી રહ્યું છે કે બંને નેતાઓ પરસ્પર માન અને ન્યાયપૂર્ણતાના આધારે વ્યુહાત્મક સંબંધો બાંધવા સહમત થયા છે, તો બીજી તરફ અમેરિકાના બુદ્ધિજીવીઓ અને નીતિ ઘડવૈયાઓ આ વાતને સ્વીકારવા તૈયાર નથી. તેમનું સ્પષ્ટ માનવું છે કે માત્ર એક મુલાકાતથી બંને દેશો વચ્ચેની કઠિન સ્પર્ધાનો પ્રવાહ અટકી જતો નથી. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી પ્રમાણે, ઈન્ડો-પેસિફિક વિસ્તારમાં અમેરિકાની પ્રતિબદ્ધતા અને સુરક્ષા મુદ્દે પણ અમેરિકન સંસદમાં સતત ચર્ચાઓ થઈ રહી છે, જેના કારણે આગામી દિવસોમાં આંતરરાષ્ટ્રીય સંબંધોમાં વધુ ગરમાવો જોવા મળી શકે છે.

### સરહદ વિવાદ ઉગ્ર બનતા બંને દેશો વચ્ચે તણાવ વધ્યો

# અફઘાનિસ્તાનમાં પાકિસ્તાની એરસ્ટ્રાઈકથી બાવીસ લોકોના મોત



(એજન્સી) હેલમંદ । તા. 01

પડોશી દેશો વચ્ચે ચાલી રહેલા લાંબા સમયના તણાવ અને સરહદી સંઘર્ષે હવે એક અત્યંત ભયાનક અને લોહિયાળ વળાંક લીધો છે, જેના કારણે દક્ષિણ એશિયાની ભૂ-રાજકીય સ્થિતિ વધુ ગંભીર બની ગઈ છે. આજના સંવેદનશીલ વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં અફઘાનિસ્તાનની ધરતી પર થયેલી એક સૈન્ય કાર્યવાહીએ સમગ્ર વિસ્તારમાં હાહાકાર મચાવી દીધો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ગુરુવારના રોજ પાકિસ્તાની વાયુસેના દ્વારા અફઘાનિસ્તાનના સંવેદનશીલ હેલમંદ પ્રાંતમાં અત્યંત ભીષણ અને અચાનક હવાઈ હુમલા એટલે કે એરસ્ટ્રાઈકને અંજામ આપવામાં આવ્યો છે, જેના પરિણામે ભારે જાનમાલનું નુકસાન થયું છે અને અનેક નિર્દોષ પરિવારજનો કાળનો બન્યા છે.

હેલમંદ પ્રાંતના માહિતી અને સંસ્કૃતિ વિભાગના વડા મૌલાના શેર મોહમ્મદ વહદતે જણાવ્યું હતું કે પાકિસ્તાની સૈન્ય દ્વારા આક્રમક વલણ દાખવીને ગરમસિર જિલ્લામાં આવેલા બે સામાન્ય રજિસ્ટ્રેશન ધરાવતા સામાન્ય રહેણાંક મકાનોને સીધા જ નિશાન બનાવવામાં આવ્યા હતા. મીડિયા અહેવાલ દ્વારા એવું પણ સામે આવ્યું છે કે આ અમાનુષી હવાઈ હુમલામાં બાવીસ જેટલા નિર્દોષ લોકોના કરુણ મોત નિપજ્યા છે, જ્યારે અગિયારથી વધુ નાગરિકો ગંભીર રીતે ઘાયલ થઈને હોસ્પિટલમાં સારવાર મેળવી રહ્યા છે. આ અચાનક થયેલા હુમલાને કારણે સ્થાનિક નાગરિકોમાં ભારે દહેશત અને આક્રોશ ફેલાઈ ગયો છે.

આ ઘટના બાદ ઈસ્લામાબાદ સ્થિત સૈન્ય પ્રશાસન દ્વારા એવો દાવો કરવામાં આવ્યો છે કે આ એરસ્ટ્રાઈકનો હેતુ માત્ર આતંકવાદીઓનો ખાત્મો કરવાનો હતો અને હુમલામાં સક્રિય આતંકવાદીઓ જ માર્યા ગયા છે. પરંતુ સ્થાનિક સ્તરેથી પ્રાપ્ત થતા વાસ્તવિક અહેવાલો અને પ્રત્યક્ષદર્શીઓનું ચિત્ર તદ્દન વિપરીત છે. જમીની હકીકત મુજબ, આ ભીષણ બોમ્બમારામાં મોટે ભાગે કોઈ સૈન્ય કે આતંકવાદી નહીં પરંતુ નિર્દોષ મહિલાઓ અને નાનાં-નાનાં માસૂમ બાળકો જ કાળનો ભોગ બન્યા છે. પાકિસ્તાન સૈન્યના આ પગલાને કારણે અફઘાનિસ્તાનની સરકાર અને જનતામાં ઉગ્ર રોષ વ્યાપી ગયો છે, જેનાથી ભવિષ્યમાં બંને દેશો વચ્ચે યુદ્ધ જેવી ગંભીર પરિસ્થિતિ સર્જાવાની પૂરી આશંકા સેવાઈ રહી છે. હેલમંદ પ્રાંતના માહિતી અને સંસ્કૃતિ વિભાગના વડા મૌલાના શેર મોહમ્મદ વહદતે જણાવ્યું હતું કે પાકિસ્તાની સૈન્ય દ્વારા હેલમંદના ગરમસિર જિલ્લામાં બે સામાન્ય રજિસ્ટ્રેશન ધરાવતા રહેણાંક મકાનોને સીધા નિશાન બનાવીને બોમ્બમારો કરવામાં આવ્યો હતો.

અત્યાર સુધીની પરિસ્થિતિ પર નજર કરીએ તો, સરહદ પર સતત વધી રહેલા આવા હુમલાઓને કારણે બંને દેશો વચ્ચેના રાજદ્વારી સંબંધો તળિયે પહોંચી ગયા છે. ઘાયલ થયેલા લોકોને સ્થાનિક હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા છે જ્યાં તેમની સ્થિતિ નાજુક હોવાનું જાણવા મળે છે. આંતરરાષ્ટ્રીય નિષ્ણાતોના મતે, જો સમયસર આ મામલે સંયમ રાખવામાં નહીં આવે તો આ સરહદી વિવાદ પડોશી દેશોની શાંતિ માટે એક મોટું જોખમ સાબિત થઈ શકે છે.

#### મૃતકોમાં નિર્દોષ મહિલાઓ અને માસૂમ બાળકોની સંખ્યા વધુ

પ્રાથમિક આંકડાઓ અને મળતી વિગતો અનુસાર, આ ખૌફનાક હવાઈ હુમલામાં માર્યા ગયેલા તેમજ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા લોકોમાં મોટે ભાગે નિર્દોષ મહિલાઓ અને નાનાં-નાનાં માસૂમ બાળકો જ સામેલ છે. પાકિસ્તાન સૈન્યના આ અમાનુષી પગલાંને કારણે સમગ્ર અફઘાનિસ્તાનમાં ભારે રોષની લાગણી વ્યાપી ગઈ છે અને બંને દેશો વચ્ચે યુદ્ધ જેવા વાદળો ઘેરાયા છે.

## ન્યૂઝ બ્રીફ

### મોરોક્કોમાં ફાતીમા ઈઝહરા બન્યા પ્રથમ મહિલા વડાપ્રધાન



રબાત । ઉત્તર આફ્રિકાના અતિ મહત્વપૂર્ણ અને સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા ધરાવતા દેશ મોરોક્કોમાં રાજકીય સમીકરણોમાં એક ક્રાંતિકારી અને ઐતિહાસિક પ્રકરણની શરૂઆત થઈ છે. આજના વૈશ્વિક રાજકારણમાં મહિલા સશક્તિકરણની દિશામાં એક મોટું પગલું ભરાયું છે, જ્યાં દેશના રાજવી દ્વારા એક પ્રભાવશાળી રાજકીય નેતાને દેશની સર્વોચ્ચ શાસકીય જવાબદારી સોંપવામાં આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, મોરોક્કોના રાજા દ્વારા મંગળવારે સત્તાવાર રીતે ફાતીમા ઈઝહરા અલ-મન્સૂરીને દેશના નવા વડાપ્રધાન પદે નિયુક્ત કરવામાં આવ્યા છે, જેના કારણે તેઓ આ પદ સંભાળનારા પોતાના દેશના ઈતિહાસમાં સર્વપ્રથમ મહિલા નેતા બની ગયા છે. આ પગલાથી માત્ર મોરોક્કો જ નહીં પરંતુ સમગ્ર આંતરરાષ્ટ્રીય સ્તરે એક નવો સંદેશો પ્રસારિત થયો છે. તાજેતરમાં સપ્ટેમ્બર મહિનાની ત્રેવીસ તારીખે યોજાયેલી મોરોક્કોની સંસદીય ચૂંટણીઓમાં લોકશાહી ઢબે મતદાન પ્રક્રિયા પૂર્ણ થઈ હતી.

### યુએનમાં શાબ્દિક યુદ્ધ બાદ ભારતીય પ્રતિનિધિમંડળ પાકિસ્તાન પહોંચ્યું



ઈસ્લામાબાદ | આંતરરાષ્ટ્રીય રાજકારણમાં અવારનવાર સર્જાતા તણાવપૂર્ણ માહોલ વચ્ચે પણ રાજદ્વારી સંબંધો અને કૂટનીતિના નવા માર્ગો કઈ રીતે ખૂલતા હોય છે, તેનું એક ઉત્તમ ઉદાહરણ હાલમાં જ પાકિસ્તાનની રાજધાનીમાંથી સામે આવ્યું છે. પહલગામ ખાતે બનેલી દુર્ઘટના અને સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના મંચ પર બંને દેશોના પ્રતિનિધિઓ વચ્ચે થયેલી તીખી નોકઝોંક તથા શાબ્દિક યુદ્ધના ઘા હજુ તાજા જ છે, ત્યાં જ બંને રાષ્ટ્રો વચ્ચેના કડવાશભર્યા સંબંધોમાં એક મોટો અને અણધાર્યો વળાંક આવ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ભારત સરકારના વિદેશ મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારી આલોક ડિમરીના નેતૃત્વ હેઠળ ભારતીય સત્તાવાર પ્રતિનિધિ મંડળ પાકિસ્તાનની ધરતી પર પગ મૂકી ચૂક્યું છે, જેઓ ત્યાં યોજાનારી મહત્વપૂર્ણ શંઘાઈ કોઓપરેશન ઑર્ગેનાઈઝેશનની બેઠકમાં ભાગ લેવા પહોંચ્યા છે. ઓપરેશન સિંદૂર બાદ પડોશી દેશની મુલાકાતે પહોંચેલા ભારતીય વિદેશ મંત્રાલયના વરિષ્ઠ અધિકારી આલોક ડિમરીએ પોતાના અનોખા અંદાજ અને નિવેદનથી સમગ્ર મીડિયા જગતનું ધ્યાન પોતાની તરફ આકર્ષિત કર્યું છે.

### સુરક્ષિત લેન્ડિંગ કરાવીને રિલીફ પાયલોટે 180 મુસાફરોના જીવ બચાવ્યા

# ફ્લાઈટદુબઈ હાઈજેક કાંડમાં ઘાયલ કેપ્ટનની બહાદુરીથી મુસાફરો સુરક્ષિત

(એજન્સી) તબૂક । તા. 01

આંતરરાષ્ટ્રીય ઉડ્ડયન જગતમાં હડકંપ મચાવનારી ફ્લાઈદુબઈની ફ્લાઈટ એફઝેડ એક્સ સાત ત્રણની હાઈજેક કરવાની કોશિશ અને ત્યારબાદ સર્જાયેલા રોમાંચક ઘટનાક્રમના ચોંકાવનારા પર્દાફાશ સામે આવ્યા છે. સંયુક્ત આરબ અમીરાતથી ઈઝરાયેલ તરફ જઈ રહેલા આ વિમાનમાં જ્યારે કોકપિટની અંદર ખતરનાક લોહિયાળ સંઘર્ષ ફાટી નીકળ્યો, ત્યારે વિમાનમાં સવાર હજારો ફૂટ ઊંચાઈ પર રહેલા મુસાફરોના જીવ તાળવે ચોંટી ગયા હતા. પ્રાપ્ત વિગતો અનુસાર, કો-પાયલોટ દ્વારા અચાનક કરવામાં આવેલા ઘાતક હુમલામાં ગુજરાત મૂળના બહાદુર કેપ્ટન સ્મિત મચ્છર ગંભીર રીતે ઘાયલ થઈ ગયા હતા, છતાં તેમની દ્રઢતા અને અન્ય સહયોગીઓની સમયસૂચકતાને કારણે એક મોટી તારાજી ટળી ગઈ હતી.

ઘટનાની વિગતવાર માહિતી આપતા મીડિયા અહેવાલ દ્વારા એવું જણાવવામાં આવ્યું છે કે સવારે અંદાજે આઠ ને વીસ મિનિટના અરસામાં વિમાન અચાનક અત્યંત ઝડપથી નીચેની તરફ ધસી ગયું હતું. માત્ર બે જ મિનિટના ટૂંકા અંતરાલમાં વિમાન અંદાજે સત્તર હજાર ચારસો ફૂટ નીચે આવી ગયું હતું, જેને કારણે ૧૮૦ મુસાફરોથી ભરેલી ફ્લાઈટમાં ભારે ગભરાટ ફેલાઈ ગયો હતો અને મુસાફરો મોત સામે દેખાવા લાગ્યા હતા. કોકપિટમાંથી મદદ માટેના અવાજો સાંભળીને કેબિનમાં હાજર સાહસિક મુસાફરો અને પાછળના ભાગમાં બેઠેલા રાહત એટલે કે રિલીફ પાયલોટો તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા અને હુમલાખોરને પકડીને કોકપિટની બહાર ખસેડી દીધો હતો.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી પ્રમાણે, આ ખતરનાક ઝપાઝપીમાં ગંભીર ઈજા પામેલા કેપ્ટન સ્મિત મચ્છરની વહારે તે જ ફ્લાઈટમાં મુસાફરી કરી રહેલા એક દંત ચિકિત્સક એટલે કે ડેન્ટિસ્ટ આવ્યા હતા. તે તબીબે હવામાં જ ચાલતી ફ્લાઈટની



અંદર ઘાયલ કેપ્ટનની તાત્કાલિક પ્રાથમિક સારવાર કરીને તેમનો લોહી વહેતો અટકાવ્યો હતો. ત્યારબાદ રિલીફ પાયલોટોની સક્ષમ આગેવાની હેઠળ સાઉદી અરેબિયાના તબૂક શહેરમાં આ વિશાળ વિમાનનું અત્યંત કુશળતાપૂર્વક સુરક્ષિત લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું, જેના કારણે વિમાનમાં સવાર તમામ અંદાજે ૧૮૦ મુસાફરો હેમખેમ પોતાના સ્વજનોને મળી શક્યા હતા.

અત્યાર સુધીની પરિસ્થિતિ પર નજર કરીએ તો, ઈઝરાયેલના રાષ્ટ્રીય સુરક્ષા મંત્રી ઈતામાર બેન ગ્વિર અને વડાપ્રધાન દ્વારા આ સમગ્ર ઘટનાને એક નિષ્ફળ બનેલું ગંભીર આતંકવાદી કૃત્ય જાહેર કરવામાં આવ્યું છે. ઈઝરાયેલી એજન્સીઓ અને સાઉદી ઓથોરિટી સંયુક્ત રીતે હુમલાખોર કો-પાયલોટની કડક પૂછપરછ કરી રહી છે કે જેથી આ કાવતરા પાછળના વાસ્તવિક ભેદો ઉજાગર થઈ શકે. આ સાહસિક વિજય અને માનવતાના અદ્ભુત દર્શનથી સમગ્ર દુનિયામાં ઘાયલ કેપ્ટન અને મદદગાર મુસાફરોના સાહસની પ્રશંસા થઈ રહી છે.



### ફ્લાઈદુબઈની ફ્લાઈટ હાઈજેકનો પ્રયાસ ગુજરાતી પાયલોટે નિષ્ફળ બનાવ્યો

તેલ અવીવ | આંતરરાષ્ટ્રીય ઉડ્ડયન જગતને હચમચાવી નાખતી એક અત્યંત ચોંકાવનારી અને સનસનાટીભરી ઘટના પ્રકાશમાં આવી છે, જેમાં સંયુક્ત આરબ અમીરાતથી ઈઝરાયેલ તરફ જઈ રહેલી એક મુસાફર વિમાનને હાઈજેક કરવાનો ગંભીર પ્રયાસ કરવામાં આવ્યો હતો. આજના આધુનિક સમયમાં આકાશમાં બનતી સુરક્ષા ચૂક અને જીવસંકટની આ ઘટનાએ વૈશ્વિક સ્તરે સુરક્ષા એજન્સીઓની ચિંતા વધારી દીધી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ફ્લાઈદુબઈ એરલાઈન્સની નિર્ધારિત ફ્લાઈટ અફઝેડ એકસ સાત ત્રણ દુબઈથી તેલ અવીવની સફરે નીકળી હતી, તે દરમિયાન કોકપિટની અંદર જ એક ખતરનાક ષડયંત્ર રચાયું હતું જેને સમયસર કાબૂમાં લેવામાં આવ્યું હતું. ઉડ્ડયન શરૂ થયાના થોડા સમય બાદ જ ફ્લાઈટના કો-પાયલોટે અચાનક વિમાનના મુખ્ય કેપ્ટન પર ચાકુ વડે જીવલેણ હુમલો કરી દીધો હતો અને વિમાનને ગમે તેમ કરીને ક્રેશ કરી દેવાનું કાવતરું રચ્યું હતું. મીડિયા અહેવાલ દ્વારા એવું પણ સામે આવ્યું છે કે બંને વચ્ચે થયેલી ભારે જપાજપી અને સંઘર્ષને કારણે ફ્લાઈટ માત્ર એક જ મિનિટના ટૂંકા ગાળામાં તેંત્રીસ હજાર ફૂટની ઊંચાઈથી સીધી સત્તર હજાર ફૂટની ઊંચાઈ પર ધસી આવી હતી.

# હૈદરાબાદમાં 'કોરિયા કલ્ચર ડે 2026' યોજવા માટે વિશેષ સમજૂતી કરાર

(એજન્સી) નવી દિલ્હી । તા. 01

આંતરરાષ્ટ્રીય સ્તરે બે મિત્ર દેશો વચ્ચે સાંસ્કૃતિક સંબંધોને વધુ ગાઢ અને મજબૂત બનાવવા માટે સતત નવા પ્રયાસો થઈ રહ્યા છે. આજના આધુનિક વૈશ્વિક યુગમાં ભારત અને દક્ષિણ કોરિયા વચ્ચેના દૌત્યિક અને સાંસ્કૃતિક સેતુને વધુ વ્યાપક બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ પગલું લેવામાં આવ્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, કોરિયન કલ્ચરલ સેન્ટર ઈન્ડિયા અને તેલંગાણા સરકાર વચ્ચે બુધવારના રોજ એક સત્તાવાર સમજૂતી કરાર એટલે કે એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચેના સાંસ્કૃતિક સહયોગને નવા શિખરે લઈ જવાનો છે. આ ભાગીદારી હેઠળ આગામી ઑક્ટોબર મહિનાની પચીસ તારીખે હૈદરાબાદના પ્રખ્યાત શિલ્પકલા વેદિકા ખાતે 'કોરિયા કલ્ચર ડે ૨૦૨૬'નું સંયુક્ત આયોજન કરવામાં આવશે.

સત્તાવાર અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર, આ અદ્ભુત પહેલ આ વર્ષના એપ્રિલ મહિનામાં કોરિયાના રાષ્ટ્રપતિ લી જે મ્યુંગની ભારત મુલાકાત બાદ આગળ વધી છે, જ્યાં ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કોરિયન રાષ્ટ્રપતિએ બંને દેશોના નાગરિકો વચ્ચેના પરસ્પર સંબંધો અને સાંસ્કૃતિક આદાનપ્રદાનના મહત્વ પર વિશેષ ભાર મૂક્યો હતો. તે સમયે બંને નેતાઓએ સાંસ્કૃતિક આદાનપ્રદાન કાર્યક્રમના વિસ્તારને આવકાર્યો હતો અને વર્ષ ૨૦૨૮ થી ૨૦૨૯ ના સમયગાળાને 'ભારત-દક્ષિણ કોરિયા મિત્રતા વર્ષ' તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી. આ ઉપરાંત, ફિલ્મ સહિતના વિવિધ સર્જનાત્મક ઉદ્યોગોમાં પણ પરસ્પર સહયોગ વધારવા અને બંને દેશોના સાંસ્કૃતિક વારસાને નજીકથી સમજવાના પ્રયાસોને સમર્થન આપવામાં આવ્યું હતું.

# ફ્લાયદુબઈની ઘટના બાદ ઇઝરાયલે પાયલોટ સુરક્ષા કડક કરી, પાયલોટ સુરક્ષા ચકાસણી માટે ઇઝરાયલે આપ્યા કડક આદેશ

(એજન્સી) તેલ અવીવ । તા. 01

આંતરરાષ્ટ્રીય ઉડ્ડયન ક્ષેત્રને હચમચાવી નાખતી ફ્લાયદુબઈની ફ્લાઈટની ખતરનાક ઘટના બાદ હવે વૈશ્વિક સ્તરે સુરક્ષા વ્યવસ્થાને લઈને અત્યંત કડક પગલાં લેવાની શરૂઆત થઈ ગઈ છે. સંયુક્ત આરબ અમીરાતથી તેલ અવીવ તરફ જઈ રહેલી ફ્લાઈટ એફઝેડ એક્સ સાત ત્રણમાં બનેલી દુર્ઘટના અને કો-પાયલોટ દ્વારા કરવામાં આવેલા હુમલાના ગંભીર પડઘા હવે સરહદો પાર સુધી સંભળાઈ રહ્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, આ વિમાનમાં સવાર એકસો ચોત્તેર મુસાફરોના જીવ ભારતીય મૂળના બહાદુર કેપ્ટન સ્મિત મચ્છરની સતર્કતા અને સાહસને કારણે ચમત્કારિક રીતે બચી ગયા હતા, પરંતુ આ ઘટનાએ આકાશમાં થતી સુરક્ષા વ્યવસ્થાની ગંભીર ત્રુટીઓ તરફ સૌનું ધ્યાન ખેંચ્યું છે, જેને ધ્યાનમાં રાખીને ઈઝરાયેલ સરકારે એક ઐતિહાસિક અને અત્યંત કડક નિર્ણય લીધો છે.



આ ઘટનાની ગંભીરતાને પારખીને ઈઝરાયેલ પ્રશાસન દ્વારા સત્તાવાર આદેશ જારી કરવામાં આવ્યા છે, જે મુજબ હવેથી દેશની સરહદોમાં પ્રવેશતી દરેક આંતરરાષ્ટ્રીય અને ઘરેલુ ફ્લાઈટના પાયલોટ તેમજ કો-પાયલોટની ઓળખની કડક ચકાસણી કરવામાં આવશે. મીડિયા અહેવાલ દ્વારા એવું જણાવવામાં આવ્યું છે કે માત્ર ઈઝરાયેલી જ નહીં પરંતુ વિદેશી એરલાઈન્સ કંપનીઓની ફ્લાઈટ્સ પર પણ આ નિયમ સખ્તાઈથી લાગુ થશે. પાયલોટોની પૃષ્ઠભૂમિ, સુરક્ષા સંબંધિત દસ્તાવેજો અને તેમની પ્રવૃત્તિઓ પર અત્યાધુનિક સિસ્ટમ દ્વારા નજર રાખવામાં આવશે, જેથી ભવિષ્યમાં આવી કોઈ પણ જઘન્ય ઘટનાનું પુનરાવર્તન ન થાય અને મુસાફરોની સુરક્ષા અકબંધ રહે.

ઘટનાના સંદર્ભમાં ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામીન નેતન્યાહુએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક વિશેષ સંદેશ પાઠવીને ગુજરાતી કેપ્ટન સ્મિત મચ્છરની અદભુત બહાદુરીને ખુલ્લેઆમ બિરદાવી હતી. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે ગંભીર રીતે ઈજાગ્રસ્ત હોવા છતાં કેપ્ટને સામી છાતીએ સામનો કરીને કોકપિટનો દરવાજો ખોલ્યો અને અન્ય મુસાફરોની મદદથી હુમલાખોર પર કાબૂ મેળવ્યો હતો. પ્રવક્તા ડોરોન સ્પીલમેને પણ પત્રકારો સાથેની વાતચીતમાં પુષ્ટિ કરી છે કે એરપોર્ટ ઓથોરિટી દ્વારા હવે દરેક ક્રૂ મેમ્બર અને પાયલોટની સુરક્ષા તપાસ પ્રક્રિયામાં કોઈ પણ પ્રકારની છૂટછાટ આપવામાં આવશે નહીં.

### એઆઈ | બર્ગર ભાવમાં તફાવત જોવા મળતા ગ્રાહકોમાં આશ્ચર્ય ફેલાયું છે

# મેકડોનાલ્ડ્સમાં બર્ગરના ભાવ હવે AI નક્કી કરશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 01

આધુનિક ટેકનોલોજીનું સામ્રાજ્ય હવે રેસ્ટોરાં ઉદ્યોગ અને ખાનપાનની દુનિયામાં પણ સત્તાવાર રીતે પ્રવેશી ચૂક્યું છે, જે અંતર્ગત અમેરિકામાં લોકપ્રિય ફૂડ ચેઈન મેકડોનાલ્ડ્સે એક ક્રાંતિકારી અને નવીન પગલું ભર્યું છે. આજના ડિજિટલ યુગમાં ગ્રાહકોને આકર્ષવા અને બજારમાં સ્પર્ધા જાળવી રાખવાના હેતુથી કંપનીએ એક અદ્યતન પ્રાઈઝિંગ સિસ્ટમ લાગુ કરી છે, જે સમગ્ર દેશમાં ફેલાયેલા પોતાના હજારો આઉટલેટ્સ પર વેચાતી ખાણીપીણીની ચીજવસ્તુઓના ભાવ નક્કી કરવાનું કામ કરી રહી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, આ ટેકનોલોજીના આગમનથી હવે પરંપરાગત પદ્ધતિઓ પાછળ રહી ગઈ છે અને કૃત્રિમ બુદ્ધિમત્તા આધારિત અલ્ગોરિધમ્સ દ્વારા જ દરેક રેસ્ટોરાંના મેનુ કાર્ડના રેટ સ્વયંચાલિત રીતે નક્કી થઈ રહ્યા છે, જેના કારણે ગ્રાહકોએ હવે અલગ અલગ જગ્યાએ અલગ ચૂકવણી કરવી પડી રહી છે.

કંપની દ્વારા અપનાવવામાં આવેલી આ વિશેષ




પદ્ધતિ પાછળ વિશાળ ડેટાનું અગાઉથી વિશ્લેષણ કરવાનો મુખ્ય અભિગમ રહેલો છે. મીડિયા અહેવાલ દ્વારા એવું સામે આવ્યું છે કે આ અદ્યતન પ્રાઈઝિંગ એન્જિન દેશભરમાં આવેલા અંદાજે ચૌદ હજાર જેટલા આઉટલેટ્સના દૈનિક ડેટાનો ગહન અભ્યાસ કરે છે. આ સિસ્ટમ માત્ર મેકડોનાલ્ડ્સના પોતાના આંકડા જ નહીં, પરંતુ ગ્રાહકોની ખરીદ શક્તિ, સ્થાનિક બજારની સ્થિતિ અને નજીકમાં આવેલી અન્ય હરીફ ફૂડ કંપનીઓના રેટ્સને પણ ખૂબ જ ઝીણવટપૂર્વક ધ્યાનમાં લે છે. આજના સમયમાં સ્પર્ધાત્મક માહોલમાં ટકી રહેવા માટે કંપનીએ રોકાણકારો સમક્ષ સ્પષ્ટ કર્યું છે કે આ પ્રકારની આધુનિક તકનીકોનો ઉપયોગ વેપારને વધુ સક્ષમ બનાવવા માટે અનિવાર્ય બની ગયો છે.

વિગતવાર માહિતી મુજબ, આ પ્રાઈઝિંગ એન્જિનના પ્રતાપે વાસ્તવિક સ્થિતિમાં પણ મોટો ફેરફાર જોવા મળ્યો છે. મોબાઈલ એપ્લિકેશનના માધ્યમથી સામે આવેલી વિગતો અનુસાર, કેલિફોર્નિયાના ફ્રેસ્નો વિસ્તારમાં આવેલા એક આઉટલેટ પર પ્રખ્યાત બિગ મેક બર્ગરનો ભાવ પાંચ ડોલર અને ઉગ્ગી સેન્ટ નોંધાયો હતો, જ્યારે તેનાથી માંડ બે માઈલના જ અંતરે આવેલા બીજા આઉટલેટ પર તેનો જ ભાવ વધીને છ ડોલર અને સિત્તેર સેન્ટ થઈ ગયો હતો. માત્ર થોડાક જ અંતરના અંતરાલમાં એક જ વસ્તુના ભાવમાં બાવીસ ટકા જેટલો મોટો તફાવત જોવા મળતા ખાણીપીણીના શોખીનો પણ આશ્ચર્યચકિત થઈ ગયા છે.

# સ્વિટ્ઝર્લૅન્ડના રાષ્ટ્રપતિ ગાય પરમેલિનની આગામી ભારત મુલાકાત

(એજન્સી) નવી દિલ્હી । તા. 01

આંતરરાષ્ટ્રીય કૂટનીતિ અને વૈશ્વિક સંબંધોની શ્રેણીમાં ભારત અને યુરોપીયન રાષ્ટ્ર સ્વિટ્ઝલૅન્ડ વચ્ચેના સંબંધો વધુ એક નવા શિખરે પહોંચવા જઈ રહ્યા છે. આજના વૈશ્વિક આર્થિક અને વ્યાપારિક પરિપ્રેક્ષ્યમાં બંને લોકશાહી દેશો પરસ્પર સહયોગને વધુ મજબૂત કરવા માટે સતત પ્રયાસરત છે. પ્રાપ્ત વિગતો અનુસાર, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સત્તાવાર આમંત્રણને માન આપીને સ્વિટ્ઝલૅન્ડના રાષ્ટ્રપતિ ગાય પરમેલિન આગામી પાંચમીથી સાતમી ઓક્ટોબર દરમિયાન ભારતની મહત્વપૂર્ણ રાજકીય મુલાકાતે પધારવાના છે. વિદેશ મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા સત્તાવાર નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે સ્વિસ રાષ્ટ્રપતિની આ મુલાકાત બંને દેશોના પરસ્પર વિશ્વાસ અને મિત્રતાના સંબંધોને નવી દિશા પૂરી પાડશે.

વિદેશ મંત્રાલયના અહેવાલ મુજબ, સ્વિસ રાષ્ટ્રપતિ પોતાની આ યાત્રા દરમિયાન ઉચ્ચ અધિકારીઓ અને અગ્રણી વ્યાપારી નેતાઓથી સજ્જ એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરશે. આ વર્ષે ફેબ્રુઆરી મહિનામાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સમિટમાં ભાગ લેવા માટે દિલ્હીની મુલાકાત લીધા બાદ, રાષ્ટ્રપતિ પરમેલિનની આ બીજી ભારત મુલાકાત છે, જે તેમના માટે પ્રથમ સત્તાવાર રાજ્ય મુલાકાત સાબિત થશે. આગામી પાંચમી ઓક્ટોબરના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ પરમેલિન વચ્ચે દ્વિપક્ષીય બેઠક યોજાશે, જેમાં વ્યાપાર, રોકાણ, વિજ્ઞાન, તકનીકી નવીનતાઓ, સંસ્કૃતિ અને લોકો વચ્ચેના પરસ્પર સંપર્કો સહિતના વિવિધ મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં થઈ રહેલી પ્રગતિની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવશે.

## જૂનાગઢ જિલ્લામાં સઘન સુધારણા કાર્યક્રમ અંતર્ગત મતદારોના નામ નોંધવા ખાસ ઝુંબેશ શરૂ થશે

નરેન્દ્ર દવે જૂનાગઢ

ભારતીય ચૂંટણી પંચ દ્વારા જે રાજયમાં ખાસ સઘન સુધારણા કાર્યક્રમ પૂર્ણ થયેલ છે તેવા રાજયોમાં ખાસ ઝુંબેશ યોજવા સુચના આપવામાં આવેલ છે. જે અંતર્ગત મુખ્ય નિવાર્ચન અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગરના અન્વયે સતત મતદારયાદી સુધારણા કાર્યક્રમમાં બાકી રહી ગયેલા અને નવા / પ્રથમ વખતના પાત્ર મતદારોના નામ મતદારયાદીમાં નોંધાવવા માટેની વિશેષ ઝુંબેશ (Special Drive) જૂનાગઢ જિલ્લામાં તા.૦૧.૧૦.૨૦૨૬ થી કાર્યરત થયેલ છે. ભારતીય ચૂંટણીપંચની સુચનાનુસાર મતદારયાદીમાંથી કોઈ લાયક મતદાર રહી ન જાય અને ૧૮-૧૯ વર્ષના યુવા મતદારોની નોંધણી થાય તે હેતુસર જૂનાગઢ જિલ્લાના તમામ મતદાન મથકો પર ખાસ ઝુંબેશના કેમ્પ (Special Camp) સ્વરૂપે તા.૧૧.૧૦.૨૦૨૬, તા.૧૮.૧૦.૨૦૨૬, તા.૨૫.૧૦.૨૦૨૬ તથા.૦૧.૧૧.૨૦૨૬ ના રોજ રવિવારે સંબંધિત મતદાન મથકના બુથ લેવલ ઓફીસરશ્રી(બી.એલ.ઓ.) સવારે ૧૦.૦૦ કલાકથી સાંજે ૫.૦૦ કલાક સુધી હાજર રહી હકક-દાવા અને વાંધા અરજીઓને સ્વીકારશે. જેમાં મતદાર બીએલઓ મારફતે કેમ્પ સ્થળે જરૂરી માર્ગદર્શન મેળવી શકશે તેમજ જરૂરી ફોર્મ તથા પુરાવા સ્થળ પર જ જમા કરાવી શકશે. જેથી ઉકત દર્શાવેલ તારીખોના રોજ આ ખાસ કેમ્પનો લાભ લેવા તમામ નાગરીકોને અનુરોધ છે.

## સરકારી માધ્યમિક શાળા બામણગઢના વિદ્યાર્થીઓ ખેલ મહાકુંભ એથલેટિક્સ સ્પર્ધામાં ઝળક્યા

નરેન્દ્ર દવે જૂનાગઢ

સરકારી માધ્યમિક શાળા બામણગઢ ના વિદ્યાર્થીઓએ ખેલ મહાકુંભ ૨૦૨૬ એથલેટિક્સમાં તાલુકા કક્ષાની સ્પર્ધામાં ભાગ લીધેલો જેમાં મોરબીયા ક્રિષ્ના એ ૧૫૦૦ મીટર દોડ અને ૮૦૦ મીટર દોડ ખુમાણ માહીએ ચક્રફેદ બરછી ફેદ રાખશીયા નવ્યા એ ૮૦૦ મીટર અને ૪૦૦ મીટર દોડ રાઠવા અનિતાએ ગોળા ફેક અને લંગડી ફાળકૂદમાં તેમજ ભાભોર વિમળા એ ગોળા ફેક અને લાંબી કૂદમાં ભાગ લીધો હતો. જેમાં મકવાણા હેમાંશી એ ૧૫૦૦ મીટર દોડ અને ઊંચી કૂદમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરેલો છે ધાંધલ ગોપીએ ૧૫૦૦ મીટર દોડ અને ૮૦૦ મીટર દોડમાં નંબર પ્રાપ્ત કર્યો છે. મકવાણા પ્રિન્સ ૨૦૦ મીટર દોડ અને લાંબી કૂદમાં નંબર પ્રાપ્ત કર્યો છે .આમ સરકારી માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓએ તાલુકા કક્ષાએ ખૂબ જ સુંદર પર્ફોમન્સ કર્યું છે. માર્ગદર્શક શિક્ષક શ્રી તપનભાઈ અને વિદ્યાર્થીઓને શાળાના આચાર્યશ્રી ડૉ.કોકિલા ઉંધાડે તમામને બિરદાવ્યા તેમજ અભિનંદન પાઠવ્યા હતા. અને ભવિષ્યમાં જિલ્લા કક્ષાએ વિજેતા બને તેવી શુભેચ્છા પાઠવી હતી.

## જૂનાગઢ ખાતે ICAR-IIGR દ્વારા ૪૮મા સ્થાપના દિવસે ભવ્ય 'કિસાન મેળો' યોજાયો: આબોહવા પરિવર્તન સામે ખેતીને સક્ષમ બનાવવાનો સંદેશ

નરેન્દ્ર દવે જૂનાગઢ

આઈ.સી.એ.આર., ભારતીય મગફળી અનુસંધાન સંસ્થાન (IIGR) દ્વારા તેના ૪૮મા સ્થાપના દિવસ નિમિત્તે એક ભવ્ય 'કિસાન મેળા' નું આયોજન તા.૧/૧૦/૨૬ના રોજ કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમ ખેડૂત સમુદાયને સશક્ત અને મજબૂત બનાવવા માટે સમર્પિત કરાયો હતો. ગુજરાત અને પડોશી રાજ્યોમાંથી ૪૦૦ થી વધુ ખેડૂતો આ મેળામાં આધુનિક કૃષિ ઉકેલોની માહિતી મેળવવા કૃષિ વૈજ્ઞાનિકો અને આગેવાનો સાથે જોડાયા હતા. ખેતીને આધુનિક બનાવવા માટે ૪૦ થી વધુ સંસ્થાઓ અને કંપનીઓએ અત્યાધુનિક કૃષિ ઉત્પાદનો, મશીનરી અને નવી ટેકનોલોજીનું પ્રદર્શન કર્યું હતું. ધારાસભ્યશ્રી સંજય કોરડિયા એ ખેતીમાં યાંત્રીકીકરણ (મિકેનાઇઝેશન) લાવવા, પ્રિસિઝન ફાર્મિંગ અને સંકલિત ટેકનોલોજી અપનાવવા પર ભાર મૂક્યો હતો. તેમણે ખાસ જણાવ્યું કે, હવે આપણે ખેતીને માત્ર આજીવિકાનું સાધન નહીં પરંતુ એક નફાકારક બિઝનેસ (ઉદ્યોગ) માં બદલવી પડશે, વાઇસ-ચાન્સેલર, વિશ્વભારતી યુનિવર્સિટી, કોલકાતા ડૉ.પી.કે. ઘોષે જણાવ્યુ હતુ કે, હવામાન પરિવર્તન અને પ્રતિકૂળ જમીનની પરિસ્થિતિઓ સામે પાક ઉત્પાદનને વધુ મજબૂત કરવા અપીલ કરી. ખેડૂતોને મગફળીની 'ગિરનાર 4' અને 'ગિરનાર 5' જેવી બાયોફોર્ટિફાઇડ (પોષક તત્વોથી ભરપૂર) જાતો વાવવા, પાકને એફ્લાટોક્સિનથી બચાવવા, વેલ્યુ એડિશન (મૂલ્ય સંવર્ધન) કરવા અને નિકાસ વધારવા પર ભાર મૂક્યો હતો. ICAR, JAU અને NABARD ના અધિકારીશ્રીઓ ડૉ.એસ.કે.ઝા, ડૉ.પી.આર.ચૌધરી, ડૉ.એસ.કે.બેરા જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના સત્તાધિકારીઓ, નાબાર્ડ, ખાનગી કંપનીઓ, બિયારણ ઉત્પાદકો અને ખેડૂત આગેવાનોએ આ ભલામણોને સમર્થન આપ્યું હતું. તેમણે વૈશ્વિક હવામાનમાં થતા ફેરફારો અને એલ નિનોની સ્થિતિ વચ્ચે ખેતીને નફાકારક રાખવાની અનિવાર્યતા પર ભાર મૂક્યો હતો. આ કાર્યક્રમમાં 'એલ નિનો' હવામાન ચક્ર પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું, જેના કારણે અનિયમિત વરસાદ, મોડી વાવણી અને ગરમીનું મોજું આવવાની શક્યતા છે. અધિકારીઓએ ચેતવણી આપી છે કે આ સૂકો સમયગાળો ફેબ્રુઆરી ૨૦૨૭ સુધી ચાલુ રહી શકે છે, જે ભૂગર્ભ જળ અને પાકના ઉત્પાદન પર સીધી અસર કરશે,ખાસ કરીને નાના અને સીમાંત ખેડૂતો માટે આ ચિંતાનો વિષય છે. આ આબોહવા પડકારોનો સામનો કરવા વૈજ્ઞાનિકોએ ખેડૂતોને દુષ્કાળ સામે ટકી શકે તેવી વધુ ઉત્પાદન આપતી મગફળીની જાતોની સાથે ઓછા સમયમાં પાકતા ધાન્ય (બાજરી, જુવાર) અને કઠોળના પાક વાવવા,પાણી બચાવવા માટે ટપક અને ફુવારા પદ્ધતિ (Drip & Sprinkler) અપનાવો. જમીનમાં ભેજ જાળવી રાખવા માટે છાણિયું ખાતર, કમ્પોસ્ટ અને બાયોફર્ટિલાઇઝરનો ઉપયોગ કરવા,પાકની તંદુરસ્તીની દેખરેખ અને ચોક્કસ દવા કે પાણીની જરૂરિયાત ઓળખવા માટે ડ્રોન ટેકનોલોજી નો ઉપયોગ કરવો. આ કાર્યક્રમ અંતર્ગત આયોજિત સીધો વૈજ્ઞાનિક-ખેડૂત સંવાદ, ક્ષેત્ર પ્રદર્શન (Field Demonstrations), ઓનલાઈન સેમિનાર અને કિસાન એવોર્ડ સમારોહે સ્થાનિક ખેડૂતોને વૈજ્ઞાનિક પદ્ધતિઓથી સજ્જ કર્યા છે જેથી તેઓ ઉત્પાદન વધારી શકે અને પોતાની આજીવિકા સુરક્ષિત કરી શકે.એમ ડૉ. એસ.કે. બેરા, નિયામક,ICAR-IIGR, જૂનાગઢ એ એક યાદીમાં જણાવ્યુ છે.

## બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજમાં આગામી મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિ નિમિત્તે પુસ્તક પ્રદર્શનનું આયોજન કરાયું

નરેન્દ્ર દવે જૂનાગઢ

બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજ, જૂનાગઢના ગ્રંથાલય વિભાગ દ્વારા તારીખ ૦૨/૧૦/૨૦૨૬ ના રોજ રાષ્ટ્રપિતા પૂજનીય મહાત્મા ગાંધીજી ની જન્મ જયંતિ નિમિત્તે પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આ પુસ્તક પ્રદર્શનનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓ અને સ્ટાફ સભ્યોમાં મહાત્મા ગાંધીજીના જીવન, વિચારો અને આદર્શો અંગે જાગૃતિ કેળવવાનો તેમજ વાંચન પ્રત્યે રસ વધારવાનો હતો.આ પુસ્તક પ્રદર્શનમાં મહાત્મા ગાંધીજીના જીવન ચરિત્ર, સાહિત્ય, સ્વાતંત્ર્ય આંદોલનમાં તેમના યોગદાન, તેમના સત્ય અને અહિંસાના સિદ્ધાંતોને ઉજાગર કરતાં વિવિધ પુસ્તકો પ્રદર્શિત કરવામાં આવશે. ગાંધીજીના વિચારો અને જીવનમૂલ્યોને સમજવા માટે આ પુસ્તક પ્રદર્શન વિદ્યાર્થીઓ માટે જ્ઞાનવર્ધક અને પ્રેરણાદાયી બની રહ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમના સફળ આયોજન બદલ આચાર્યશ્રીએ ગ્રંથપાલશ્રી એ.સી. વાઘેલા તથા સમગ્ર ગ્રંથાલય સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ દ્વારા "વાંચન એ જ્ઞાન તરફ જવાનો શ્રેષ્ઠ માર્ગ છે" એવો પ્રેરણાદાયી સંદેશ આપવામાં આવ્યો હતો. તેમ આચાર્યશ્રી, બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજ, જૂનાગઢની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# સ્વચ્છતા પખવાડા અંતર્ગત 2 ઓક્ટોબરે અમદાવાદ મંડળમાં 'સ્વચ્છ ટ્રેક મેગા અભિયાન'

પશ્ચિમ રેલવે | અમદાવાદ

મહાત્મા ગાંધી જયંતીના અવસર પર સ્વચ્છતા પખવાડા અંતર્ગત 2 ઓક્ટોબર 2026ના રોજ અમદાવાદ મંડળમાં 'સ્વચ્છ ટ્રેક મેગા અભિયાન'નું આયોજન કરવામાં આવશે. આ અભિયાન મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશના નેતૃત્વ હેઠળ યોજાશે. આ પ્રસંગે અમદાવાદ મંડળના તમામ રેલવે અધિકારીઓ અને કર્મચારીઓ સ્વચ્છતા અભિયાનમાં સક્રિયપણે ભાગ લેશે. મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ પોતે સાબરમતીથી વટવા સુધી આશરે 15 કિલોમીટર લાંબા રેલવે ટ્રેક તેમજ રેલવે સ્ટેશનો પર આયોજિત સ્વચ્છતા અભિયાનમાં સહભાગી થશે.આ અભિયાન અંતર્ગત તમામ સ્ટેશન માસ્ટર અને સુપરવાઈઝર, સફાઈ કર્મચારીઓ તથા અન્ય કર્મચારીઓ હોમ સ્ટેશનથી આગામી સ્ટેશન સુધીના ટ્રેક અને સ્ટેશનની સફાઈ કરશે. સાથે જ સ્ટેશનો, યાર્ડ, રેલવે કોલોનીઓ તેમજ ટ્રેકની આસપાસના વિસ્તારોમાં એકસાથે શ્રમદાન કરવામાં આવશે. આ સ્વચ્છતા અભિયાનમાં રેલવે કર્મચારીઓ, તેમના પરિવારજનો, રેલવે સુરક્ષા દળ, સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ અન્ય સહભાગી જૂથો ભાગ લેશે.અભિયાન દરમિયાન મંડળના તમામ મુખ્ય સ્ટેશનો, રેલવે પરિસરો, યાર્ડ, રેલવે કોલોનીઓ તેમજ ટ્રેકની આસપાસના વિસ્તારોમાં વિશેષ સફાઈ અભિયાન ચલાવવામાં આવશે. મુસાફરોના સહયોગ માટે ટ્રેનો અને સ્ટેશનો પર ઉદઘોષણા દ્વારા 'મારી સીટ, મારો ડબ્બો' થીમ અંતર્ગત કોચ અને સ્ટેશનની સ્વચ્છતા જાળવવા માટે અપીલ કરવામાં આવી રહી છે. સાથે જ, પેમ્ફલેટ દ્વારા મુસાફરોને સ્વચ્છતા પ્રત્યે જાગૃત કરવામાં આવી રહ્યા છે.અમદાવાદ મંડળ દ્વારા આ વ્યાપક અભિયાનના માધ્યમથી સ્વચ્છ રેલવે પરિસર, સ્વચ્છ ટ્રેક અને સ્વચ્છ રેલવેનો સંદેશ જન-જન સુધી પહોંચાડવા તેમજ મુસાફરો અને સામાન્ય જનતાને સ્વચ્છતા પ્રત્યે જાગૃત અને સહભાગી બનાવવાનો પ્રયાસ કરવામાં આવશે.

# માનનીય સાંસદ શ્રી દેવુસિંહ ચૌહાણની ઉપસ્થિતિમાં વડોદરા મંડળ અને ખેડા જિલ્લા પ્રશાસન વચ્ચે સંકલન બેઠક યોજાઈ

પશ્ચિમ રેલવે | વડોદરા

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ અને ખેડા જિલ્લા પ્રશાસન વચ્ચે રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓના વિકાસ, મુસાફરોની સુવિધાઓનો વિસ્તાર તેમજ રેલવે સુરક્ષા સાથે જોડાયેલા



વિવિધ મહત્વપૂર્ણ મુદ્દાઓ અંગે એક સંકલન બેઠક યોજાઈ હતી. બેઠકમાં માનનીય સાંસદ શ્રી દેવુસિંહ ચૌહાણ તથા માનનીય ધારાસભ્ય શ્રી પંકજભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે રેલવેના વરિષ્ઠ અધિકારીઓ તેમજ જિલ્લા પ્રશાસનના પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે માનનીય સાંસદ શ્રી દેવુસિંહ ચૌહાણે રેલવે અને રાજ્ય પ્રશાસન વચ્ચે વધુ સારો સંકલન સ્થાપિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો, જેથી હાલમાં ચાલી રહેલી તેમજ આગામી વિકાસ પરિયોજનાઓનો સમયબદ્ધ અને અસરકારક અમલ સુનિશ્ચિત કરી શકાય. તેમણે વિસ્તારમાં રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ મજબૂત બનાવવા તેમજ મુસાફરોને વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે સંબંધિત વિભાગો વચ્ચે સતત સંવાદ અને સહકારના મહત્વને રેખાંકિત કર્યું.બેઠક દરમિયાન વડોદરા મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકેએ માનનીય જનપ્રતિનિધિઓને ખેડા જિલ્લા તથા આસપાસના વિસ્તારોમાં પશ્ચિમ રેલવે દ્વારા હાંસલ કરવામાં આવેલી મુખ્ય સિદ્ધિઓ તેમજ આગામી વિકાસ યોજનાઓથી અવગત કરાવ્યા. તેમણે અમૃત ભારત સ્ટેશન યોજના (ABSS) હેઠળ મહેમદાવાદ ખેડા રેલવે સ્ટેશનના પુનર્વિકાસ તથા નડિયાદ રેલવે સ્ટેશનના ઉન્નયન સહિત વિવિધ પ્રસ્તાવિત વિકાસ કાર્યો અંગે માહિતી આપી.બેઠકમાં રેલવે સંરક્ષાને વધુ સુદ્ઢ બનાવવાના હેતુથી રોડ ઓવર બ્રિજ (ROB) અને રોડ અંડર બ્રિજ (RUB)ના નિર્માણ, મુસાફરોની સુવિધાઓના વિસ્તાર તેમજ મુખ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ કાર્યોથી સંબંધિત વિવિધ મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી. સાથે જ, આ પરિયોજનાઓના અસરકારક અમલીકરણમાં આવતા પડકારોના ઉકેલ માટે જનપ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં જિલ્લા પ્રશાસન સાથે જોઈન્ટ ઈન્સ્પેક્શન તેમજ રેલવે અને જિલ્લા પ્રશાસન વચ્ચે વધુ સારો તાલમેલ સુનિશ્ચિત કરવા અંગે પણ વિચાર-વિમર્શ કરવામાં આવ્યો.આ સંકલન બેઠક તથા નિરીક્ષણનો ઉદ્દેશ રેલવે અને રાજ્ય પ્રશાસનના સંયુક્ત પ્રયાસોથી વિસ્તારમાં સુરક્ષિત, સુગમ અને આધુનિક રેલવે સુવિધાઓનો વિસ્તાર કરવો તેમજ વિકાસ પરિયોજનાઓના અમલીકરણમાં ઝડપ લાવવાનો છે.આ પહેલાં મંડળ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકેએ મંડળના વરિષ્ઠ અધિકારીઓ સાથે મહેમદાવાદ ખેડા રેલવે સ્ટેશન તથા આણંદ રેલવે સ્ટેશનનું નિરીક્ષણ કર્યું. મહેમદાવાદ ખેડા સ્ટેશન પર તેમણે અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ કરવામાં આવી રહેલા મુખ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉન્નયન કાર્યોની પ્રગતિની સમીક્ષા કરી તથા કાર્યોને નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવા પર વિશેષ ભાર મૂક્યો. તેમણે સ્ટેશન પર મુસાફરોની સુવિધાઓમાં સુધારો લાવવાના હેતુથી કરવામાં આવી રહેલા કાર્યોની પણ સમીક્ષા કરી.શ્રી ભડકેએ વરિષ્ઠ અધિકારીઓ સાથે આણંદ રેલવે સ્ટેશનનું પણ નિરીક્ષણ કરી ત્યાં ચાલી રહેલા સ્ટેશન ઉન્નયન કાર્યોની પ્રગતિની સમીક્ષા કરી. તેમણે કાર્યોને સમયબદ્ધ રીતે પૂર્ણ કરવા તેમજ મુસાફરોને વધુ સારી અને આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે સંબંધિત અધિકારીઓને જરૂરી દિશા-નિર્દેશ આપ્યા.પશ્ચિમ રેલવે મુસાફરોને વધુ સારી સુવિધાઓ પૂરી પાડવા અને વિસ્તારની રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને આધુનિક બનાવવા માટે સતત પ્રયાસરત છે.

# ઊર્જાયાત્રામાં ગુજરાતની ઐતિહાસિક પહેલ

## ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડ અને ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઑફ ઈન્ડિયા લિમિટેડ વચ્ચે ન્યુક્લિયર પાવર પ્રોજેક્ટ માટે સમજૂતી કરાર

ગાંધીનગર | વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સબળ નેતૃત્વ હેઠળ સમગ્ર દેશમાં ઊર્જા ક્ષેત્રે નવીનતમ પહેલ હાથ ધરવામાં આવી છે. ગુજરાત સરકારમાં પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શન હેઠળ અનેકવિધ પહેલ હાથ ધરાઈ છે. ગુજરાતની ઊર્જા સુરક્ષાને વધુ મજબૂત બનાવવાની તથા સ્વચ્છ અને વિશ્વસનીય ઊર્જાના વિકાસને વેગ આપવાની દિશામાં રાજ્ય સરકારે આજે મહત્વપૂર્ણ પહેલ કરી છે અને છ દાયકાથી વધુ સમય બાદ ગુજરાતની ધરતી પર નવા ન્યુક્લિયર પાવર પ્રોજેક્ટનાં મંડાણ થવા જઈ રહ્યાં છે. આ દિશામાં, ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડ (GSECL) અને ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઑફ ઈન્ડિયા લિમિટેડ (NPCIL) વચ્ચે ગુજરાતમાં નવા ન્યુક્લિયર પાવર પ્રોજેક્ટના વિકાસ માટે ઐતિહાસિક સમજૂતી કરાર (MoU) કરવામાં આવ્યો છે. માન. ઊર્જા મંત્રીશ્રી ઋષિકેશ પટેલ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના અગ્રસચિવશ્રી અને GSECLના ચેરમેનશ્રી અશ્વિની કુમાર (IAS) તથા NPCILના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટરશ્રી વી. રાજેશની ઉપસ્થિતિમાં આ MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ તમામ પરમાણુ પ્રોજેક્ટ્સ 'શાંતિ એક્ટ, ૨૦૨૫' અંતર્ગત સંચાલિત થશે, જેના નિયમો તાજેતરમાં ૧૪ ઑગસ્ટ ૨૦૨૬ના રોજ પ્રકાશિત કરાયા છે. આ સુરક્ષા કાયદા અન્વયે પરમાણુ પાવર પ્લાન્ટનું નિર્માણ, ઈંધણ ઉત્પાદન અને પરમાણુ સામગ્રીના સંચાલન માટે માત્ર કેન્દ્ર સરકાર દ્વારા મંજૂર કરાયેલા સરકારી વિભાગો, કંપનીઓ અથવા સંયુક્ત સાહસો માટે જ લાઈસન્સ મેળવવું ફરજિયાત બનાવવામાં આવ્યું છે.

# સ્વચ્છતા હી સેવા 2026 હેઠળ NFR માં વિશાળ શ્રમદાન અને વૃક્ષારોપણ ઝુંબેશ









માલીગાંવ | સ્વચ્છતા હી સેવા 2026 ઝુંબેશ હેઠળ, 1 ઓક્ટોબર, 2026 ના રોજ સમગ્ર ઉત્તરપૂર્વ સરહદી રેલ્વે (NFR) માં અધિકારીઓ અને કર્મચારીઓની ઉત્સાહપૂર્વક ભાગીદારી સાથે એક સમૂહ શ્રમદાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પહેલનો ઉદ્દેશ્ય સ્વચ્છતા, પર્યાવરણીય જવાબદારી અને રેલ્વે પરિસરમાં જાહેર ભાગીદારીની સંસ્કૃતિને મજબૂત બનાવવાનો હતો. NFR ના પાંચેય વિભાગો - કટિહાર, અલીપુરદુઆર, રંગિયા, લુમડિંગ અને તિનસુકિયા - એ રેલ્વે સ્ટેશનો, ઓફિસો અને અન્ય રેલ્વે પરિસરમાં સ્વચ્છતા ઝુંબેશ અને જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કર્યું હતું. વરિષ્ઠ અધિકારીઓ અને કર્મચારીઓએ શ્રમદાન, પ્રતિજ્ઞા લેવા અને જાગૃતિ પ્રવૃત્તિઓમાં સક્રિયપણે ભાગ લીધો હતો. વિવિધ સ્થળોએ વૃક્ષારોપણ ઝુંબેશનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જે પર્યાવરણીય પાસાને આગળ ધપાવશે અને હરિયાળા અને સ્વચ્છ રેલ્વે પર્યાવરણની જાળવણીને પ્રોત્સાહન આપશે. મુસાફર અને સામાન્ય લોકોને પણ આ ઝુંબેશમાં ભાગ લેવા અને રેલ્વે પરિસરને સ્વચ્છ અને વ્યવસ્થિત રાખવામાં યોગદાન આપવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જાગૃતિ પ્રવૃત્તિઓ અને જાહેર ભાગીદારી દ્વારા, આ અભિયાન એ સંદેશને મજબૂત બનાવવાનો પ્રયાસ કરે છે કે સ્વચ્છતા એ સામૂહિક જવાબદારી છે અને ફક્ત સામૂહિક ભાગીદારી દ્વારા જ જાળવી શકાય છે. ગુવાહાટી રેલ્વે સ્ટેશન પર, NFR મુખ્યાલય અને ગુવાહાટી સ્ટેશનના અધિકારીઓ અને કર્મચારીઓએ સમૂહ શ્રમદાન કાર્યક્રમમાં સક્રિયપણે ભાગ લીધો. રેલ્વે બોર્ડના મુખ્ય કાર્યકારી નિયામક (રોલિંગ સ્ટોક) પણ NFR અધિકારીઓ અને રેલવે કર્મચારીઓ સાથે સ્વચ્છતા પ્રવૃત્તિઓમાં જોડાયા. કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગીદારી જોવા મળી, જેમાં અધિકારીઓ અને કર્મચારીઓએ સામૂહિક રીતે શ્રમદાનમાં ભાગ લીધો અને સ્ટેશન પર સ્વચ્છતા અને સ્વચ્છતા સુધારવામાં ફાળો આપ્યો. વૃક્ષારોપણ અભિયાન પણ હાથ ધરવામાં આવ્યું, જેનાથી સ્વચ્છતા તેમજ પર્યાવરણીય ટકાઉપણુંનો સંદેશ ફેલાયો. NFR બાંધકામ સંગઠને સ્વચ્છતા હી સેવા 2026 અભિયાનમાં પણ ભાગ લીધો. બાંધકામ સંગઠન હેઠળ વિવિધ કચેરીઓ અને પ્રોજેક્ટ સ્થળોએ મોટા પાયે શ્રમદાન, જાગૃતિ અને વૃક્ષારોપણ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું, જેમાં અધિકારીઓ અને કર્મચારીઓએ રેલ્વે પર્યાવરણને સ્વચ્છ, હરિયાળું અને ટકાઉ બનાવવા માટે સક્રિયપણે યોગદાન આપ્યું.NFR ખાતે હાથ ધરવામાં આવેલી આ પહેલોએ સ્વચ્છતા, પર્યાવરણીય ટકાઉપણું, જાહેર જાગૃતિ અને સમુદાય ભાગીદારી પ્રત્યે રેલ્વે પરિવારની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી. આ ઝુંબેશ દ્વારા રેલવે અધિકારીઓ, કર્મચારીઓ, મુસાફરો અને સામાન્ય લોકોને સ્વચ્છતાના પ્રયાસોમાં સક્રિયપણે યોગદાન આપવા અને સ્વચ્છતા, સેવા અને સામૂહિક જવાબદારીની ભાવનાને પ્રોત્સાહન આપવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા, જેનાથી 'સ્વચ્છતા હી સેવા' અભિયાનમાં જનજાગૃતિ અને ભાગીદારી વધે.

# ગાંધી જયંતી નિમિત્તે રાજ્ય સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય

## રાજ્યમાં ખાદી અને પોલિવસ્ત્રના ઉત્પાદન પર 30 ટકા ખાસ બજાર પ્રોત્સાહન સહાયની જાહેરાત

ગાંધીનગર | રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના ખાદીના વિચારને ખરા અર્થમાં જીવંત રાખવા તથા ખાદી દ્વારા રાજ્યના હજારો કારીગરોને સતત રોજગારી મળી રહે તે હેતુથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકાર દ્વારા ગાંધી જયંતી નિમિત્તે એક અત્યંત મહત્વપૂર્ણ અને પ્રજાભિમુખ નિર્ણય લેવામાં આવ્યો છે. જે અંતર્ગત ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ દ્વારા તા. ૨ ઓક્ટોબર થી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬ સુધી ખાદી અને પોલિવસ્ત્રની માન્ય સંસ્થાઓ-મંડળીઓ દ્વારા ઉત્પાદિત ખાદી અને પોલિવસ્ત્રની ઉત્પાદનની કિંમત પર ૩૦ ટકા ખાસ બજાર પ્રોત્સાહન સહાય આપવાની જાહેરાત કરવામાં આવી છે, જેનો સીધો લાભ ગ્રાહકોને ખાદી વેચાણ કેન્દ્રો મારફત ખરીદી પર મળનારા વળતર સ્વરૂપે થશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની વિશેષ પહેલ "ખાદી ફોર નેશન અને ખાદી ફોર ફેશન", "વોકલ ફોર લોકલ" તેમજ "હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી"ની થીમને વેગ આપવા માટે રાજ્ય સરકાર દ્વારા આ નિર્ણય કરવામાં આવ્યો છે. આ નિર્ણયના પરિણામે આગામી ધાર્મિક તહેવારો, જાહેર તેમજ સામાજિક પ્રસંગોમાં નાગરિકો સ્વદેશી ખાદી તરફ વધુ આકર્ષાશે અને તેના વેચાણમાં નોંધપાત્ર વધારો થશે. રાજ્યમાં ખાદીનું વેચાણ વધવાથી ગુજરાતની KVICનું પ્રમાણપત્ર ધરાવતી અને ખાદી બોર્ડના ઈ-કુટીર પોર્ટલ પર નોંધણી થયેલ અંદાજિત ૨૨૦ થી વધુ માન્ય ખાદી સંસ્થા/મંડળીઓના ખાદી અને પોલિવસ્ત્રના ઉત્પાદનની કામગીરી સાથે સંકળાયેલ અંદાજે ૧૬ હજારથી વધુ કાંતનાર અને વણનાર કારીગરોને સતત રોજગારી મળતી રહેશે. આ સહાય યોજના અંતર્ગત ઉત્પાદિત આસન, શેતરંજી, રેશમ પટોળા, ઊની સ્વેટર, જર્સી, શાલ અને ખાદીના વિવિધ રેડિમેઇડ ગારમેન્ટ્સ જેવાં ઉત્પાદનોની બહોળા પ્રમાણમાં ખરીદી થવાથી સ્થાનિક ગ્રામીણ અર્થતંત્રને મજબૂતી મળશે. આ ઉપરાંત, ખાદીના વેચાણને વ્યાપક પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ શહેરોમાં ખાસ પ્રદર્શન-સહ-વેચાણ મેળાઓનું દર વર્ષે આયોજન પણ કરવામાં આવે છે. ચાલુ વર્ષે ગાંધી જયંતી નિમિત્તે તા. ૦૨ થી ૦૭ ઓક્ટોબર દરમિયાન ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે, તા. ૦૧ થી ૧૦ ઓક્ટોબર દરમિયાન ભરૂચ ખાતે અને તા. ૧૧ થી ૧૭ ઓક્ટોબર દરમિયાન વડોદરા ખાતે ખાદી પ્રદર્શન-સહ-વેચાણ મેળાઓ યોજાશે. રાજ્ય સરકાર દ્વારા તમામ નાગરિકોને આ મેળાઓની મુલાકાત લઈ સ્વદેશી ખાદી વસ્ત્રોની ખરીદી કરીને સ્થાનિક કારીગરોને પ્રોત્સાહિત કરવા અપીલ કરવામાં આવી છે.

## ગુજરાતના કૃષિ ક્ષેત્રમાં ડિજિટલ ક્રાંતિના નવા યુગનો પ્રારંભ ગાંધીનગર ખાતે કૃષિ વિભાગ અને ISRO (SAC) વચ્ચે 03 ઓક્ટોબરે મહત્વપૂર્ણ MoU થશે

ગાંધીનગર | ગુજરાતના કૃષિ ક્ષેત્રને અદ્યતન, વૈજ્ઞાનિક અને સંપૂર્ણપણે ડિજિટલ બનાવવાના દિશાસૂચક સંકલ્પ સાથે રાજ્ય સરકારે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ગાંધીનગર ખાતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી તેમજ કૃષિ રાજ્ય મંત્રી શ્રી રમેશભાઈ કટારાની પ્રેરક ઉપસ્થિતિમાં તા. ૦૩/૧૦/૨૦૨૬ના રોજ રાજ્ય સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ તથા ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા (ISRO) ના સ્પેસ એપ્લિકેશન્સ સેન્ટર (SAC), અમદાવાદ વચ્ચે એક અત્યંત મહત્વપૂર્ણ સમજૂતી કરાર (MoU) સંપન્ન થવા જઈ રહ્યા છે.આ સમજૂતી કરારનો મુખ્ય ઉદ્દેશ 'રિમોટ સેન્સિંગ, GIS અને આધુનિક ટેકનોલોજીના સમન્વયથી ગુજરાતમાં કૃષિ ક્ષેત્રનું ડિજિટલ મોનિટરિંગ કરવું તેમજ પાક વિસ્તાર અને ઉત્પાદનનો સચોટ અંદાજ મેળવવો'નો છે. આ યુગલક્ષી પહેલથી રાજ્યના લાખો અન્નદાતાઓને સમયસર, સચોટ અને વૈજ્ઞાનિક માર્ગદર્શન મળશે, સાથે જ સરકારના નીતિવિષયક નિર્ણયો વધુ ઝડપી અને પારદર્શી બનશે. MoUના મુખ્ય પરિમાણો અને ઉદ્દેશો: - રાજ્યમાં ડિજિટલ એગ્રીકલ્ચરના સચોટ અમલીકરણ માટે ISRO (SAC) દ્વારા ઉચ્ચસ્તરીય તકનીકી માર્ગદર્શન અને સહયોગ પૂરો પાડવામાં આવશે.- રિમોટ સેન્સિંગ અને GIS ટેકનોલોજી દ્વારા પાક વાવેતર વિસ્તાર, ઉત્પાદન ક્ષમતા, પાક નુકસાનીનું મૂલ્યાંકન અને કૃષિ સલાહકારી સેવાઓને વધુ સચોટ બનાવાશે.

# પોસ્ટકાર્ડે 157 વર્ષની ઐતિહાસિક સફર પૂર્ણ કરી

ગાંધીનગર | ઘરના દરવાજે ટપાલીની દસ્તક અને હાથમાં પીળું-ભૂરું પોસ્ટકાર્ડ ક્યારેક સમગ્ર પરિવાર માટે ઉત્સુકતા અને ખુશીનો વિષય બનતું હતું. ટેલિફોન, ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયાના આધુનિક યુગ વચ્ચે પણ લાગણીઓ અને સંબંધોને જોડતાં ઐતિહાસિક માધ્યમ એવા 'પોસ્ટકાર્ડ'ની વૈશ્વિક સફરને 1 ઑક્ટોબર 2026ના રોજ 157 વર્ષ પૂર્ણ થયા છે. વિશ્વનું પ્રથમ પોસ્ટકાર્ડ 1 ઑક્ટોબર 1869ના રોજ ઓસ્ટ્રિયામાં જારી કરવામાં આવ્યું હતું. પોસ્ટકાર્ડ માત્ર કાગળનો ટુકડો નથી, પરંતુ તે લગ્ન-પ્રસંગો, શુભકામનાઓથી લઈને દેશના વિવિધ આંદોલનો અને ઐતિહાસિક ઘટનાઓનું સાક્ષી રહ્યું છે. પોસ્ટકાર્ડનો વિચાર સૌપ્રથમ ઓસ્ટ્રિયાના પ્રતિનિધિ કોલ્બેનસ્ટાઈનરના મનમાં આવ્યો હતો. તેમણે આ વિચાર વિયેનર નોયસ્ટાડ્ટની મિલિટરી એકેડેમીના અર્થશાસ્ત્રના પ્રોફેસર ડૉ. એમેન્યુઅલ હર્મનને જણાવ્યો. પ્રોફેસર હર્મને 26 જાન્યુઆરી 1869ના રોજ અખબારમાં આ અંગે એક લેખ લખ્યો હતો. ત્યારબાદ ઓસ્ટ્રિયાના પોસ્ટ મંત્રાલયે તુરંત અમલ કરીને 1 ઑક્ટોબર 1869ના રોજ પ્રથમ પોસ્ટકાર્ડ બહાર પાડ્યું હતું. ભારતમાં પોસ્ટકાર્ડની સફર વર્ષ 1879માં શરૂ થઈ હતી. હળવા ભૂરા રંગમાં છપાયેલા આ પ્રથમ પોસ્ટકાર્ડ પર 'ઈસ્ટ ઈન્ડિયા પોસ્ટકાર્ડ' લખેલું હતું અને તેની કિંમત માત્ર 3 પૈસા હતી. ગુજરાતના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકારીતા વિભાગ તથા ટપાલ વિભાગના સંયુક્ત ઉપક્રમે ઑક્ટોબર 2025માં અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે અનોખું 'ધન્યવાદ પોસ્ટકાર્ડ અભિયાન' યોજાયું હતું. જેમાં નાગરિકોએ વડાપ્રધાન પ્રત્યે આભાર વ્યક્ત કરતાં 1.11 કરોડથી વધુ પોસ્ટકાર્ડ લખ્યા હતા.

**પશ્ચિમ રેલવે**
**ભાવનગર વર્કશોપ**

**AMI જનરેશન પ્લાન્ટનું ડિઝાઇન, સપ્લાય, બાંધકામ, સ્થાપન અને કમિશનિંગ**

**ઈ-ટેન્ડર નંબર: BVPW-2026-27-AMI કામનું નામ:** ભાવનગર વર્કશોપ ખાતે બાયો-ટેસ્ટિંગ લેબોરેટરી સાથે AMI જનરેશન પ્લાન્ટનું ડિઝાઇન, સપ્લાય, બાંધકામ, સ્થાપન અને કમિશનિંગ. **કામની અંદાજિત કિંમત:** ₹1,50,55,455.37/- **બિડ સિક્યોરિટી (બિડ સુરક્ષા):** ₹3,01,100/- **કામ પૂર્ણ કરવાની અવધિ:** LOA જારી થયાની તારીખથી 30 મહિના. **ટેન્ડર સબમિટ કરવાની છેલ્લી તારીખ અને સમય:** 22/10/2026, 10:30 કલાકે. **ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 22/10/2026, 11:00 કલાકે. **વેબસાઈટ વિગતો:** ટેન્ડર માત્ર ઈલેક્ટ્રોનિક રીતે **https://www.ireps.gov.in** વેબસાઈટ પર જ સબમિટ કરવાનું રહેશે. **જારી કરનાર:** નાયબ મુખ્ય યાંત્રિક ઈજનેર, મુખ્ય વર્કશોપ મેનેજરની કચેરી, કેરેજ રિપેર વર્કશોપ, ભાવનગર પરા, પશ્ચિમ રેલવે. **ઈ-મેલ:** dycmews@bvp.railnet.gov.in **BVP 141**

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**ઈ-ઓક્શન સૂચના**

પૂર અને પાણી ભરાવાથી અસરગ્રસ્ત તૈયાર માલ (FM) - આશરે 33,578 કિગ્રા અને કાચો માલ (RM) - આશરે 91,685 કિગ્રા, એટલે કે કુલ આશરે 1,25,263 કિગ્રા, પ્રતિ કિલોગ્રામના ધોરણે.

રસ ધરાવતા ખરીદદારોને "પૂર અને પાણી ભરાવાથી અસરગ્રસ્ત તૈયાર માલ (FM) - આશરે 33,578 કિગ્રા અને કાચો માલ (RM) - આશરે 91,685 કિગ્રા, એટલે કે કુલ આશરે 1,25,263 કિગ્રા, પ્રતિ કિલોગ્રામના ધોરણે"ના નિકાલ માટે યોજાનાર ઈ-હરાજીમાં ભાગ લેવા આમંત્રિત કરવામાં આવે છે. ઉક્ત સેલ્વેજ માલ "જ્યાં છે, જે સ્થિતિમાં છે" ("As is Where is"), "જે કંઈ છે તે સ્થિતિમાં" ("Whatever There Is") અને "કોઈ ફરિયાદ નહીં" ("No Complaint") ના ધોરણે વેચવામાં આવશે અને આ સામગ્રી M/s JBM Auto Ltd.ની માલિકીની છે. ઉક્ત સામગ્રીનું નિરીક્ષણ Plot No. B-2, Survey No. 1, Tata Motor Vendor Park, Sanand, Ahmedabad ખાતે તા. 03/10/2026 થી 10/10/2026 દરમિયાન, માત્ર કાર્યકારી દિવસોમાં સવારે 10:00 વાગ્યાથી સાંજે 05:00 વાગ્યા સુધી કરી શકાશે. નિરીક્ષણ માટે શ્રી નિલેશનો મોબાઈલ નંબર +91-75070-27229 પર સંપર્ક કરવો. ઈ-હરાજી તા. 12/10/2026 ના રોજ www.b2bsalvage.com પર યોજાશે. ઈ-હરાજીની શરતો અને નિયમો ધરાવતું ભાગીદારી ફોર્મ મેળવવા માટે શ્રી હેમંત બિરલાનો સંપર્ક કરવો. ફોર્મ તથા EMD રકમ જમા કરવાની છેલ્લી તારીખ તા. 11/10/2026 ના રોજ સાંજે 04:00 વાગ્યા સુધીની રહેશે.

**ઓક્શનિયર્સ B2B Salvage Auctioneers India LLP રજિસ્ટર્ડ ઓફિસ: 121, Lavkush Colony, Manglia, Indore, Madhya Pradesh - 453771. સંપર્ક નંબર: +91 9754706071**

સિટી એક્સપ્રેસ
FRIDAY 02 OCTOBER-2026
AHMEDABAD

## ઓવરબ્રિજ પરથી કૂદીને વ્યક્તિએ આપઘાત કર્યો

અમદાવાદ | અમદાવાદના નવનિર્મિત મકરબા રેલવે ઓવરબ્રિજ પરથી ગુરુવારે બપોરે એક વ્યક્તિએ છલાંગ લગાવી આત્મહત્યા કરી. આ ઘટના 3 વાગ્યા આસપાસ બની હતી. પોલીસે તાત્કાલિક સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી છે. મૃતક મકરબા વિસ્તારનો સ્થાનિક રહીશ હતો. રૂ. 98.60 કરોડના ખર્ચે બનેલા આ બ્રિજનું 24 સપ્ટેમ્બરે લોકાર્પણ થયું હતું, અને એક જ અઠવાડિયામાં આ દુર્ઘટના બની. ઘટના અંગે જાણ થતાં જ સ્થાનિક પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## અમદાવાદ એરપોર્ટ પર સતત ત્રીજા મહિને મુસાફરો ઘટ્યા

અમદાવાદ | અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી મુસાફરી કરતા પ્રવાસીઓની સંખ્યામાં જૂન અને જુલાઈ બાદ સતત ત્રીજા મહિને એટલે કે ઓગસ્ટમાં પણ ઘટાડો નોંધાયો છે. સ્થાનિક (ડોમેસ્ટિક) અને આંતરરાષ્ટ્રીય (ઈન્ટરનેશનલ) બંને સેગમેન્ટમાં મુસાફરો ઘટવાની સીધી અસર વિમાનોની અવરજવર (એરક્રાફ્ટ મૂવમેન્ટ) પર પણ પડી છે. જોકે, પેસેન્જર ટ્રાફિકમાં ઘટાડા વચ્ચે એરપોર્ટ પરથી માલસામાનની હેરફેર એટલે કે કાર્ગો-ફ્રેટ મૂવમેન્ટમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે.



### શ્રમિકની બિભત્સ હરકતની ફરિયાદ બાદ કાર્યવાહી ન થતા હજારથી વધુ યુવક-યુવતીઓનો હાથમાં પ્લેકાર્ડ સાથે વિરોધ

# નિરમાના વિદ્યાર્થીઓ કાળા કપડાં પહેરી પહોંચ્યા

(એજન્સી) અમદાવાદ | તા.01




અમદાવાદની જાણીતી નિરમા યુનિવર્સિટી છેલ્લા એક અઠવાડિયાથી સતત વિવાદમાં આવી રહી છે. નિરમા યુનિવર્સિટી કેમ્પસમાં ગર્લ્સ હોસ્ટેલની સામે બનતા ગર્લ્સ હોસ્ટેલના નવા બિલ્ડીંગમાં એક શ્રમિકના બીભત્સ હરકતોનો વીડિયો વાઈરલ થયા બાદ કોલેજ પ્રશાસન દ્વારા કોઈ કાર્યવાહી કરવાને બદલે ગર્લ્સ હોસ્ટેલ પર લીલા કલરની નેટ લગાવવામાં આવી છે.

વિદ્યાર્થીઓ યુનિવર્સિટી સામે વિરોધ ન કરી શકતા સોશિયલ મીડિયા પર કેમ્પિયન શરૂ કરવામાં આવ્યું છે. જ્યારે આજે 1 ઓક્ટોબરે કાળા કપડાં પહેરીને ઘટનાની નિંદા કરવા વિદ્યાર્થીઓ કેમ્પસમાં પહોંચ્યા છે. અને પ્લેકાર્ડ સાથે એક હજારથી વધુ વિદ્યાર્થીઓ વિરોધ કરીને બ્લેક ડે ઉજવી રહ્યા છે.

નિરમા યુનિવર્સિટીની ગર્લ્સ હોસ્ટેલના H-4 બ્લોકમાં રહેતી વિદ્યાર્થિનીઓ સામે નવા બની રહેલા ગર્લ્સ હોસ્ટેલના જ H 5 બ્લોકમાં કામ કરી રહેલા શ્રમિકે બિભત્સ હરકતો કરી હતી, જે અંગેનો વીડિયો લઈને વિદ્યાર્થિનીઓએ યુનિવર્સિટીમાં ફરિયાદ કરી હતી. જેમાં કોઈ ગાર્ડ દ્વારા વિદ્યાર્થિનીઓને તેમના કપડા વિશે કહેવામાં આવ્યું હતું. એટલું જ નહીં યુનિવર્સિટી દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી અને ગર્લ્સ હોસ્ટેલ પર લીલા કલરની નેટ લગાવવામાં આવી છે. યુનિવર્સિટીમાં કોઈ વિદ્યાર્થી ફરિયાદ કરે તો તેના જ સામે કડક પગલા લેવાય તે ડરથી ખુલીને કોઈ વિદ્યાર્થીઓ સામે આવી રહ્યા નથી. પરંતુ હવે નિરમા યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ સોશિયલ મીડિયા કેમ્પિયન તરફ વળ્યા છે અને ઈન્સ્ટાગ્રામ પર પેજ બનાવીને લોકોને જોડાવા અપીલ કરી છે. એટલું જ નહીં ગઈકાલથી સોશિયલ મીડિયામાં ગુરુવારે બ્લેક ડે ઉજવવા પણ જણાવવામાં આવ્યું હતું, જેના ભાગ રૂપે આજે 1 ઓક્ટોબરે વિદ્યાર્થીઓ કાળા કપડાં પહેરીને યુનિવર્સિટી કેમ્પસમાં વિરોધ નોંધાવ્યો હતો.

# અમદાવાદ રેલવેએ ટિકિટ ભાડા ઉપરાંતની આવક વધારવા 4.69 કરોડથી વધુના કર્યા કરાર

(એજન્સી) અમદાવાદ | તા.30

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે પોતાની બિન-ભાડા આવક (Non-Fare Revenue) વધારવા અને ઉપલબ્ધ સંપત્તિઓનો મહત્તમ વ્યાવસાયિક ઉપયોગ કરવાના ઉદ્દેશથી ઈ-નીલામી (e-Auction) મારફતે શ્રેણીબદ્ધ મહત્ત્વપૂર્ણ કરારો કર્યા છે. મંડળ રેલ પ્રબંધક વેદ પ્રકાશના નેતૃત્વમાં લેવાયેલા આ નિર્ણયોથી રેલવેની આવકમાં મોટો વધારો થવાની સાથે મુસાફરોની સગવડમાં પણ સુધારો થશે.અમદાવાદ ડિવિઝને રેલવે સ્ટેશનો અને પરિસરોમાં આવેલી 30 ઓવરહેડ પાણીની ટાંકીઓ પર વોલ પેઈન્ટિંગ દ્વારા જાહેરાતો પ્રદર્શિત કરવા માટે 5 વર્ષનો કરાર કર્યો છે. જેનાથી..

કુલ આવક: 22.12 લાખ.

જાહેરાત ક્ષેત્રફળ: આશરે 2,901 ચોરસ મીટર.

આવરી લેવાયેલા સ્ટેશનો/સ્થળો: અમદાવાદ, મણિનગર, કાંકરિયા યાર્ડ, ભુજ, પાલનપુર, મહેસાણા, સાણંદ, ગાંધીનગર, સાબરમતી, આંબલી રોડ, ખોડિયાર, છારોડી, ઝખવાડા તથા ભીલડી.

ડિવિઝનના કોમર્શિયલ વિભાગે આગામી 3 વર્ષ માટે ટ્રેન સાઈડ વેન્ડિંગ (TSV) અને વંદે ભારત ટ્રેનમાં જાહેરાતો સહિત કુલ 4.47 કરોડ રૂપિયાના કરાર મંજૂર કર્યા છે. જેમાં

બેઠક પર સીધી સુવિધા: નોન-પ્રીમિયમ ટ્રેનોમાં મુસાફરોને ટૂથપેસ્ટ, ટૂથબ્રશ, ટિશ્યૂ પેપર, સેનેટરી પેડ, ડાયપર, અખબારો, મેગેઝિન, મોબાઈલ ચાર્જર, ઈયરફોન અને રમકડા જેવી જરૂરિયાતની વસ્તુઓ પોતાની સીટ પર જ મળી રહેશે.

MRP પર જ વેચાણ અને બિલિંગ: તમામ સામાન નિર્ધારિત MRP પર જ મળશે અને મુસાફરને બિલ આપવું ફરજિયાત રહેશે. અનધિકૃત કે એક્સપાયરી ડેટવાળી વસ્તુઓના વેચાણ પર સખત પ્રતિબંધ રહેશે.

ઓનલાઈન ઓર્ડર સુવિધા: નવી વ્યવસ્થા અંતર્ગત મુસાફરી દરમિયાન સામાન માટે ઓનલાઈન ઓર્ડર અને ડિલિવરીની સુવિધા પણ ઉપલબ્ધ કરાવાશે.

ગેરકાયદે વેન્ડરોની સમસ્યા ડામવા માટે રેલવેએ નિયમો કડક બનાવ્યા છે:

દરેક ટ્રેનમાં વધુમાં વધુ 4 અધિકૃત વેન્ડરોને જ પ્રવેશ મળશે.

વેન્ડરો માટે નિર્ધારિત યુનિફોર્મ, બેજ અને ક્યુઆર કોડ આધારિત ઓળખપત્ર ફરજિયાત રહેશે.

અમદાવાદ ડિવિઝન હેઠળ દોડતી વંદે ભારત એક્સપ્રેસના કોચમાં હેડ રેસ્ટ કવર પર જાહેરાત માટે 3 વર્ષનો કરાર કરાયો છે, જેનાથી 18 લાખ રૂપિયાની આવક થશે. આ વ્યવસ્થાથી બ્રાન્ડ્સને [illegible] મળશે અને કોચનો લુક પણ આધુનિક જળવાઈ રહેશે.

- ટ્રેન સાઈડ વેન્ડિંગ (TSV): 3 વર્ષ, 3.72 કરોડ વંદે ભારત હેડ રેસ્ટ જાહેરાત: 3 વર્ષ, 18 લાખ 30 ટાંકીઓ પર જાહેરાત: 5 વર્ષ, 22.12 લાખ

# ઓટીપી આપ્યા વગર વકીલના ખાતામાંથી ₹7 લાખ ગાયબ!

અમદાવાદ | અમદાવાદ શહેરમાં સાયબર ગઠિયાઓ અલગ-અલગ મોડ્સ ઓપરેન્ડી અપનાવીને નાગરિકોને શિકાર બનાવી રહ્યા છે. શહેરમાં સાયબર ફ્રોડના ત્રણ અલગ-અલગ બનાવો સામે આવ્યા છે, જેમાં ગોતાના એક વકીલ સહિત ત્રણ લોકો સાથે મળીને કુલ રૂ. 9.62 લાખની ઓનલાઈન છેતરપિંડી આચરાઈ છે. ત્રણેય મામલે સાયબર ક્રાઈમમાં ગુના નોંધી વધુ તપાસ હાથ ધરાઈ છે.

ગોતા વિસ્તારમાં રહેતા 47 વર્ષીય વકીલ પર અજાણ્યા નંબર પરથી કોલ આવ્યો હતો. કોલ કરનારે ગેસ કંપનીનો કર્મચારી હોવાની ઓળખ આપી ગેસ બિલ બાકી હોવાનું જણાવી બિલની વિગતો જોવાના બહાને વોટ્સએપ પર એક APK ફાઈલ મોકલી હતી. વકીલે આ ફાઈલ ડાઉનલોડ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે ખુલી નહોતી. ત્યારબાદ ગઠિયાએ ઓટીપી માંગતા વકીલે શંકા જતાં ઓટીપી આપવાનો ઈનકાર કર્યો હતો અને બેંકમાં જઈ ખાતું બ્લોક કરાવ્યું હતું.

ત્યારબાદ ગઠિયાઓએ મોબાઈલ સીમ કંપનીના કર્મચારી બનીને ફરી કોલ કરતાં વકીલે બેંક સ્ટેટમેન્ટ તપાસ્યું હતું, જેમાં તેમના ખાતામાંથી 5 લાખ અને 2.90 રૂપિયા લાખ મળી કુલ 7.90 લાખ રૂપિયા ઉપડી ચૂક્યા હોવાનું સામે આવ્યું હતું. ઓટીપી શેર ન કર્યો હોવા છતાં APK ફાઈલ દ્વારા મોબાઈલનું રિમોટ એક્સેસ મેળવી આ ઠગાઈ આચરાઈ હોવાનું ખુલતાં સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધ્યો છે.

# સામાજિક કાર્યકર બનીને સોની સાથે 1.79 કરોડની છેતરપિંડી કરવામાં આવી

### ગરીબ દીકરીઓને દાગીના દાન કરવાનું કહી 2.86 કરોડના સોના-ચાંદીના દાગીના ખરીદી પૈસા ન ચૂકવ્યાં

(એજન્સી) અમદાવાદ | તા.01



અમદાવાદના રાણીપ વિસ્તારમાં આવેલી સોનીની દુકાનેથી સામાજિક કાર્યકર હોવાની ઓળખ આપીને એક ગઠિયાએ રૂ. 2.86 કરોડના સોના-ચાંદીના દાગીના ખરીદ્યા બાદ રૂ. 1.79 કરોડ ન ચૂકવી છેતરપિંડી આચરી છે. આરોપીએ ગરીબ દીકરીઓને દાગીના દાનમાં આપવાના બહાને વેપારીનો વિશ્વાસ કેળવ્યો હતો. આ અંગે ભોગ બનનાર જ્વેલર્સે ક્રાઈમ બ્રાન્ચની આર્થિક ગુના નિવારણ શાખા (EOW)માં ફરિયાદ નોંધાવી છે.

નારણપુરા ખાતે રહેતા અને રાણીપમાં 'પાયલ જ્વેલર્સ' નામે સોના-ચાંદીની દુકાન ચલાવતા જયેશભાઈ શાહનો સંપર્ક ઓક્ટોબર, 2024માં અમરાઈવાડીના જયેશ રાઠોડ સાથે થયો હતો. જયેશ રાઠોડે પોતે એક સામાજિક સંસ્થા ચલાવતો હોવાનું અને ગરીબ દીકરીઓને સોના-ચાંદીના દાગીના દાનમાં આપતો હોવાની ઓળખ આપી હતી. શરૂઆતમાં નિયમિત ખરીદી કરી સમયસર નાણાં ચૂકવી દઈ તેણે વેપારીનો પૂર્ણ વિશ્વાસ જીતી લીધો હતો. વેપારીનો વિશ્વાસ સંપાદિત કર્યા બાદ, લગભગ એક વર્ષના સમયગાળા દરમિયાન જયેશ રાઠોડે દુકાનેથી કુલ રૂ. 2.86 કરોડના દાગીના ખરીદ્યા હતા, જેની સામે તેણે માત્ર રૂ. 1.07 કરોડ ચુકવ્યા હતા. બાકી નીકળતા રૂ. 1.79 કરોડ માંગતા તે અવારનવાર અલગ-અલગ બહાના બતાવતો હતો. વેપારીએ ઈમેલ પર બિલ મોકલી નાણાંની ઉઘરાણી કરવા છતાં કોઈ ચૂકવણી ન થતાં આખરે જયેશ રાઠોડ વિરુદ્ધ આર્થિક ગુના નિવારણ શાખામાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

# અમદાવાદ રિવરફ્રન્ટ ખાતે 'સ્વચ્છતા હી સેવા' અભિયાન યોજાયું: પોલીસ કમિશનર અનુપમ સિંહ ગહલોત અને 100 RAF જવાનો સફાઈ કાર્યમાં જોડાયા

(એજન્સી) અમદાવાદ | | તા.30




અમદાવાદ | રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જયંતિ નિમિત્તે અમદાવાદમાં 'સ્વચ્છતા હી સેવા - એક દિન, એક ઘંટા, એક સાથ' અભિયાનનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. 100 રેપિડ એક્શન ફોર્સ (RAF) વસ્ત્રાલ, અમદાવાદ સિટી પોલીસ તથા કેથોલિક એસોસિએશન ઓફ અમદાવાદના સંયુક્ત સહયોગથી રિવરફ્રન્ટ વિસ્તારમાં સઘન સફાઈ ઝુંબેશ ચલાવવામાં આવી હતી.

આરએએફ જવાનો અને પોલીસકર્મીઓએ સામૂહિક શ્રમદાન કર્યું આ કાર્યક્રમમાં આરએએફના અધિકારીઓ અને જવાનો, અમદાવાદ સિટી પોલીસના જવાનો, કેથોલિક એસોસિએશનના પ્રતિનિધિઓ, સ્વયંસેવકો તથા સ્થાનિક નાગરિકોએ ઉત્સાહપૂર્વક જોડાણ કર્યું હતું. તમામ સહભાગીઓએ રિવરફ્રન્ટ પર સામૂહિક શ્રમદાન કરી સફાઈ ઝુંબેશ ચલાવી હતી. પોલીસ કમિશનર અનુપમ સિંહ ગેહલોતે શ્રમદાન કરી ઉત્સાહ વધાર્યો અમદાવાદ શહેર પોલીસ કમિશનર અનુપમ સિંહ ગેહલોત (IPS) એ અભિયાનનું નિરીક્ષણ કર્યું હતું અને સ્વયં સફાઈ પ્રવૃત્તિમાં જોડાઈને જવાનોનો ઉત્સાહ વધાર્યો હતો. તેમણે મીડિયા સાથેની વાતચીતમાં પર્યાવરણ સંરક્ષણ અને સામુદાયિક સહભાગિતાના મહત્વ પર વિશેષ ભાર મૂક્યો હતો. આ અભિયાનનો મુખ્ય હેતુ સફાઈની સાથે સમાજમાં સ્વચ્છતા એ દરેક નાગરિકની સામૂહિક જવાબદારી છે.

# જશોદાનગર પાસે બે શખસે મળવા બોલાવી ધમકી આપી રૂ. 25 હજાર પડાવ્યાં

(એજન્સી) અમદાવાદ | તા.01

સોશિયલ મીડિયા અને ડેટિંગ એપ્સ દ્વારા સાયબર ક્રાઈમ અને ડિજિટલ બ્લેકમેઈલિંગના કિસ્સાઓ સતત વધી રહ્યા છે. બાપુનગર વિસ્તારમાં રહેતા અને કઠવાડાની ખાનગી કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતા 31 વર્ષીય યુવક સાથે ગે ડેટિંગ એપ 'ગ્રીન્ડર' પર ઠગાઈનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. યુવકે આ મામલે વટવા GIDC પોલીસ સ્ટેશનમાં બે અજાણ્યા શખસ સામે ગુનો નોંધાવ્યો છે.

ગત 22 જૂને યુવકની ઓફિસ દરમિયાન તેના મોબાઈલ પર 'ગ્રીન્ડર' એપ મારફતે 'એક્સપર્ટ' નામના યુઝર આઈડી પરથી મેસેજ આવ્યો હતો. બે-ત્રણ દિવસ વાતચીત થયા બાદ 25 જૂને સાંજે સામા પક્ષે મળવાનું નક્કી કરી યુવકને જશોદાનગર નજીક પુનિતનગર રેલવે ક્રોસિંગ પાસે આવેલ અરુણ એપાર્ટમેન્ટ ખાતે બોલાવ્યો હતો. યુવક ત્યાં પહોંચતા જ બે અજાણ્યા શખ્સો આવી પહોંચ્યા હતા.

બંને શખ્સોએ યુવકને ડરાવતાં કહ્યું કે, 'તું જે વ્યક્તિ સાથે એપ પર વાત કરે છે તે અમારો સાળો થાય છે. ઘરમાં આ વાતની ખબર પડી જતાં તેણે તોડફોડ કરીને ફોન તથા ટીવી તોડી નાખ્યા છે, જેમાં 40 હજારનું નુકસાન થયું છે.' આ નુકસાનનો અડધો ખર્ચ ભોગવવાની માંગણી કરી, પૈસા ન આપે તો પોલીસ ફરિયાદ કરવાની ધમકી આપી ટુકડે-ટુકડે કુલ 25,000 ટ્રાન્સફર કરાવી લીધા હતા.

# 2થી 3 દિવસમાં ગુજરાતમાંથી ચોમાસાની વિધિવત વિદાય શક્યતા: ઉત્તર-દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છમાં બે દિવસ હળવા વરસાદની આગાહી

(એજન્સી) અમદાવાદ | તા.1

નૈઋત્યના ચોમાસાની વિદાય રેખા હાલ ઉત્તર ગુજરાતના ડીસા અને કચ્છના નલિયા પરથી પસાર થઈ ચૂકી છે. આગામી 2થી 3 દિવસ દરમિયાન ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાંથી ચોમાસું વિધિવત રીતે વિદાય લે તે માટે પરિસ્થિતિ અનુકૂળ બની રહી છે. વાતાવરણમાં ફેરફારને કારણે રાજ્યના કેટલાક ભાગોમાં વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે. 2 ઓક્ટોબર પછી સમગ્ર રાજ્યમાં વરસાદનું પ્રમાણ ઘટશે અને હવામાન સંપૂર્ણપણે સૂકું થઈ જશે.

આગામી 2 દિવસ દરમિયાન ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ અને વાવ-થરાદ, દક્ષિણ ગુજરાતના સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ તેમજ દમણ અને દાદરા નગર હવેલીમાં વરસાદની સંભાવના છે. આ ઉપરાંત સૌરાષ્ટ્ર-કચ્છના પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, કચ્છ અને દીવના છૂટાછવાયા વિસ્તારોમાં વીજળીના કડકા-ભડકા અને 30થી 40 કિમી/કલાકની ઝડપે ફુંકાતા પવન સાથે હળવાથી મધ્યમ વરસાદ કે થંડરશાવર થવાની શક્યતા દર્શાવવામાં આવી છે.

અમદાવાદ સહિત રાજ્યના બાકીના વિસ્તારોમાં હવામાન મુખ્યત્વે શુષ્ક રહેવાની સંભાવના છે. અમદાવાદમાં મહત્તમ તાપમાન 34.8 ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન 22.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. જ્યારે સમગ્ર રાજ્યમાં સૌથી વધુ મહત્તમ તાપમાન સુરેન્દ્રનગરમાં 35.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.




# અમદાવાદ મંડળે સપ્ટેમ્બર 2026માં ₹636.18 કરોડની માલ આવક સાથે નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી...

## સપ્ટેમ્બર 2026માં અમદાવાદ મંડળે 118 લોંગ હોલ ટ્રેનોનું સફળ સંચાલન કર્યું

(એજન્સી) અમદાવાદ | તા.01



પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે સપ્ટેમ્બર 2026 દરમિયાન માલવહન, પરિચાલન કાર્યક્ષમતા, ઈન્ટરચેન્જ, લાંબા અંતરની હૉલ ટ્રેનો, મુસાફર ટ્રેન સંચાલન તેમજ અન્ય પરિચાલન પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર કામગીરી નોંધાવી છે. સપ્ટેમ્બર 2026માં અમદાવાદ મંડળ દ્વારા સરેરાશ 3,126.93 વેગન દરરોજ લોડ કરવામાં આવ્યા હતા, જે સપ્ટેમ્બર 2025ના દરરોજના 3,084 વેગનની સરખામણીમાં 1.39% વધુ છે.આ સમયગાળા દરમિયાન કુલ 4.559 મિલિયન ટન માલનું લોડિંગ કરવામાં આવ્યું, જે અગાઉના વર્ષના 4.526 મિલિયન ટનની સરખામણીમાં 0.73% વધુ છે. સપ્ટેમ્બર 2026માં માલવહનથી મળેલી આવક 636.18 કરોડ રહી, જે સપ્ટેમ્બર 2025ની 595.16 કરોડની સરખામણીમાં આશરે 7% વધુ છે.

સપ્ટેમ્બર 2026 દરમિયાન વિવિધ પ્રમુખ કોમોડિટીઝના લોડિંગમાં નોંધપાત્ર વૃદ્ધિ નોંધાઈ હતી. કોલસાનું સરેરાશ દૈનિક લોડિંગ 76.97 વેગન રહ્યું, જે ગત વર્ષના 62.06 વેગન પ્રતિદિનની સરખામણીએ 24.02% વધુ છે. ખાતરની લોડિંગ 698.23 વેગન પ્રતિદિન રહી, જેમાં 61.19%ની વૃદ્ધિ નોંધાઈ હતી.મીઠું અને ઔદ્યોગિક મીઠાની લોડિંગ 304.03 વેગન પ્રતિદિન રહી, જે 7.97% વધુ છે, જ્યારે ઓટોમોબાઈલ લોડિંગ 117.37 વેગન પ્રતિદિન રહી, જેમાં 5.03%ની વૃદ્ધિ નોંધાઈ હતી. અન્ય કોમોડિટીઝનું લોડિંગ પણ 47.77% વધીને 136.20 વેગન પ્રતિદિન રહ્યું હતું. અમદાવાદ મંડળ દ્વારા સપ્ટેમ્બર 2026માં કુલ 118 લૉંગ હૉલ ટ્રેનો ચલાવવામાં આવી હતી, જ્યારે સપ્ટેમ્બર 2025માં 78 લૉંગ હૉલ ટ્રેનો ચલાવવામાં આવી હતી. આ રીતે લૉંગ હૉલ ટ્રેનોના સંચાલનમાં 51.28%ની વૃદ્ધિ નોંધાઈ છે. આ ઉપરાંત, સપ્ટેમ્બર 2026 દરમિયાન ગાંધીધામ વિસ્તારમાં કુલ 95 લૉંગ હૉલ ટ્રેનોનું ગઠન કરવામાં આવ્યું હતું.

30 સપ્ટેમ્બર 2026ના રોજ અમદાવાદ મંડળે નાણાકીય વર્ષ 2026-27 માં એક જ દિવસમાં 90 રેક/3,899 વેગન લોડિંગનો સર્વોચ્ચ આંકડો નોંધાવ્યો હતો. તેમાં અમદાવાદ વિસ્તારમાંથી 27 રેક/1,110 વેગન અને ગાંધીધામ વિસ્તારમાંથી 63 રેક/2,789 વેગનનો સમાવેશ થાય છે.

# રામોલમાં સ્કૂલે જઈ રહેલી 16 વર્ષીય વિદ્યાર્થિનીની છેડતી: આરોપીની ધરપકડ

### ડિલિવરી બોય પીછો કરી નંબર આપી વાતચીત માટે દબાણ કરતો

(એજન્સી) અમદાવાદ | તા.1



રામોલમાં 16 વર્ષીય સગીરા સ્કૂલે ચાલતી એકલી જતી ત્યારે બ્લીનકીટમાં નોકરી કરતો ડિલિવરી બોય છેલ્લા 5 દિવસથી છેડતી કરતો હતો. કંટાળીને સગીરાએ તેની માતાને સમગ્ર હકીકત જણાવી હતી. આ અંગે સગીરાની માતાએ શખ્સ સામે રામોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીની ધરપકડ કરી છે. રામોલમાં 16 વર્ષીય સગીરા પરિવાર સાથે રહે છે અને ધોરણ 11માં અભ્યાસ કરે છે. જ્યારે છેલ્લા 5 દિવસથી સ્કૂલે જતી હતી ત્યારે રસ્તામાં આવેલ બ્લીનકીટમાં નોકરી કરતો 21 વર્ષીય સમીર શેખ પીછો કરીને મોબાઈલ નંબર આપીને વાત કરવા દબાણ કરતો હતો. જેથી સગીરાએ ઘરે જઈને માતાને સમગ્ર હકીકત જણાવી હતી. જેથી માતાએ સ્કૂલે જઈને પુત્રીને આગળ ચાલવા જણાવ્યું હતું. આ દરમ્યાન બ્લીનકીટના ગોડાઉનમાં સમીર બેઠો હતો. જેથી સગીરાએ માતાને કીધું કે આ છોકરો જ હેરાન કરે છે. આ અંગે માતાએ રામોલ પોલીસ સ્ટેશનમાં સમીર શેખ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી સમીરની ધરપકડ કરી હતી. આરોપીની પુછપરછ કરતા તે છેલ્લા 6 મહિનાથી બ્લીનકીટના ગોડાઉનમાં ડિલિવરી બોયની નોકરી કરતો હતો અને પોતે પરિણીત હોવ નું સામે આવ્યું હતું. આટલું જ નહીં સગીરાની સ્કૂલ નજીક હોવાથી તે ચાલતી જતી હતી તે સમયે સમીર છેડતી કરતો હતો.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...